بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ


બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૩**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ
હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૧, સળંગ અંક : ૧૦૯



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | ઈમામ અહમદ રઝાની કામયાબીનું રાઝ | ૦૨ |
| ૦૨ | **મૌદૂદી તથા શીઆ વચ્ચે દોસ્તી તથા એકરૂપતાની અનોખી દાસ્તાન !** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | હ્દાઈકે બખ્શિશ | ૧૬ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૯ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૧ |
| ૦૮ | મીલાદુન્નબી ﷺમાં ખુશી મનાવવી એ..... | ૨૪ |
| ૦૯ | તર્કે તક્લીદ ઔર ગૈરમુકલ્લિદીન કે ઈજતેહાદી... | ૨૭ |
| ૧૦ | ફ્રાંસની ગાયિકાનો ઈસ્લામ સ્વીકાર ! | ૩૪ |
| ૧૧ | અહસનુલ ઉલમા બરકાતી رحمۃ اللہ علیہની .... | ૩૬ |
| ૧૨ | ગર્ભાશય તથા વિર્યનો ગૈર ઈસ્લામી વ્યવસાય | ૩૯ |
| ૧૩ | બહરુલ ઉલૂમ رحمۃ اللہ علیہ | ૪૩ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


## જલ્વા હી કુછ ઐસા હૈ

શહરે નબી ! તેરી ગલીયોં કા નક્શા હી કુછ ઐસા હૈ
ખુલ્દ ભી હૈ મુશ્તાકે ઝિયારત, જલ્વા હી કુછ ઐસા હૈ

દિલ કો સુકૂં દે, આંખ કો ઠંડક, રૌઝા હી કુછ ઐસા હૈ
ફર્શે ઝમીં પર અર્શે બરીં હો, લગતા હી કુછ ઐસા હૈ

લૌહો કલમ યા અર્શે બરીં હો, સબ હૈં ઉનકે સાએમેં
મેરે બે-સાયા આકા કા સાયા હી કુછ ઐસા હૈ

સિબ્તે નબી હૈ પુશ્તે નબી પર ઔર સજદે કી હાલત હૈ
આકાને તસ્બીહ બઢ્હા દી, બેટા હી કુછ ઐસા હૈ

અર્શે મોઅલ્લા સર પર ઉઠાએ, તાઈરે સિદ્રા આંખ લગાયે
પથ્થર ભી કિસ્મત ચમકાએ, તલ્વા હી કુછ ઐસા હૈ

રબ કે સિવા દેખા ન કિસીને, ફર્શી હોં યા અર્શી હોં
ઉનકી હકીકત કે ચેહરે પર પર્દા હી કુછ ઐસા હૈ

તાજ કો અપને કાસા બનાકર હાઝિર હૈં શાહાને જહાં
ઉનકી અતા હી કુછ ઐસી હૈ, સદકા હી કુછ ઐસા હૈ

ખમ હૈં યહાં જમ્શેદો સિકંદર, ઈસમેં કયા હૈરાની હૈ ?
ઉનકે ગુલામોં કા અય **''અખ્તર''** રુત્બા હી કુછ ઐસા હૈ

અઝ : **શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદનીમિયાં સાહબ**

# ઈમામ અહમદ રઝાની કામયાબીનું રાઝ

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
*અનુવાદક :* ***હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ-દયાદરા***

માનવજાતની દરેક વ્યક્તિ કામયાબીને પસંદ કરે છે. અને નાકામીને પસંદ નથી કરતી. મુદર્રિસ પઢાઈમાં, ખતીબ તક઼રીરમાં, દાઈ દા'વત અને તબ્લીગમાં, વિદ્યાર્થી પરીક્ષામાં, વેપારી વેપારમાં, રાજકરણી રાજકરણમાં, દરેક માણસ કામયાબીને પસંદ કરે છે, કોઈપણ નાકામીને જોવાનું પસંદ નથી કરતું. ઉપરના દરેક વિભાગમાં કામયાબ પણ એ જ થાય છે જે પ્રમાણિક્તાની સાથે કુર્બાની આપે છે, મહેનત કરે છે અને પોતાના મક઼સદને નજર સામે રાખે છે.

આજે મુસ્લિમ ક઼ોમનો દરેક શખ્સ કામયાબીની આશા રાખે છે, પણ એવું લાગે છે કે કામયાબી આપણાથી નારાજ થઈ ગઈ છે ! અને આપણા દરવાજા પર પધારવા અને આપણા મુરઝાયેલ ચહેરાઓને મુસ્કુરાહત આપવા પણ તૈયાર નથી. હજારો કોશિશો, આયોજનો અને કેટલાય ચિંતન તથા વિચારણા બાદ પણ આપણે જ્યાં હતાં ત્યાં જ છીએ ! બલ્કે પાછળ જઈ રહ્યા છીએ, આગળ જવું તો ઘણી દૂરની વાત ! પરંતુ આ જમીન પર એવા પણ અલ્લાહના બંદા થયા છે જેમને કામયાબી શોધતી જ ન હતી પણ કામયાબી એમના ક઼દમ ચૂમતી હતી, એનું કારણ શું ?! સૌથી મોટુ કારણ એ હતું કે એ કામયાબીને કુર્આનમાં શોધતા હતા. કુર્આનમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : قَدۡ اَفۡلَحَ مَنۡ تَزَکّٰی ۔ وَذَکَرَاسۡمَ رَبِّہٖ فَصَلّٰی "બેશક ! પોતાના હેતુમાં કામયાબ થયો કે જે પાક થયો અને અલ્લાહનું નામ લઈ નમાઝ પઢી." *(સૂરએ આ'લા, આ. ૧૪-૧૫, કન્ઝુલ ઈમાન)*

શું આજે આપણુ મન પાક છે ? શું આજે આપણે નફ્સની મુખાલિફત (વિરોધ) કરીએ છીએ ? શું આપણે નફ્સના ગુલામ નથી બની ગયા ? શું આપણુ દિલ દુનિયાની મહોબ્બતમાં ડૂબેલુ નથી ? શું હસદ, ચુગલી આપણી આદત નથી બની ગઈ ?

નિરીક્ષણ કરશો તો જાણવા મળશે કે આજે આપણે નફ્સની ખરાબીઓના શિકાર થઈ ગયા છીએ. એવી જ રીતે સૂરએ મુઅમિનૂનની શરૂઆતની આયતોમાં કામયાબ મો'મિનની નિશાનીઓ આ રીતે બયાન કરવામાં આવી છે : "કામયાબ મો'મિન એ છે જેઓ પોતાની નમાઝોમાં આજીજી સાથે ગદગદ થાય છે, જેઓ કોઈ બેહૂદા વાતની તરફ ખેંચાતા નથી, ઝકાત આપવાનું કામ કરે છે, પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે, પોતાની અમાનતો તથા પોતાની વાયદાની, પોતાની નમાઝોની સાચવણી કરે છે, આ જ લોકો વારિસ છે કે જેઓ ફિરદોસનો વારસો મેળવશે અને તેમાં હમેશાં રહેશે."

અફસોસ ! ક઼ૌમની બહુમતિ નિર્રથક તથા બેકાર કામોમાં ડૂબી ગઈ છે, ચાહે એ લોકો મઝહબી હોય, રાજકરણી હોય...વગેરે. (ઈલ્લા માશાઅલ્લાહ !) નજીકના ભૂતકાળની મહાન શખ્સિયત જેમને દુનિયા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના નામથી જાણે છે, એમની જિંદગીની પળોને જો જોવામાં આવે અને એમની કામયાબીના રાઝને તલાશ કરવામાં આવે તો એ વાત ધોળા દિવસ જેમ જાહેર થશે કે એમનું દિલ દુનિયાની મહોબ્બતથી ખાલી હતું. અદાવત, હસદ, કીનો જેવા ખરાબ સંસ્કારોને આપના નજીક સ્થાન જ ન હતું, અને આપની જિંદગી બેકાર વાતોથી માઈલો દૂર હતી. દરેક કામને સમયની પાબંદી સાથે કરવું આપની જિંદગીનું એક ઉજ્જવળ પ્રકરણ છે. આપનું દિલ હુઝૂર ﷺની મહોબ્બતથી એવું લબરેઝ હતું કે અલ્લાહુ અકબર ! હુઝૂર ﷺના ઈશ્ક઼માં વધુ પેજ નં. ૧૮....પર

# મૌદૂદી તથા શીઆ વચ્ચે

## દોસ્તી તથા એકરૂપતાની અનોખી દાસ્તાન !

તંત્રી લેખ

અત્યારે મારા હાથમાં મૌલાના મૌદૂદીના એક ચેલા (દોસ્ત મુહમ્મદ બલુચ–કલોલ, જિ. ગાંધીનગર)ની ૨૧ પેજની એક નાની પુસ્તિકા છે જેનું નામ છે ''શીઆ સુન્ની મુસ્લિમ દોસ્તી !'' કિતાબનો ધ્યાનથી અભ્યાસ કર્યો તો જણાયું કે જાણે કોઈ અક્કલ સાથે અનબન ધરાવનારના હાથ વડે ક઼લમ ચાલી રહી છે જેને દીને ઈસ્લામ વિશે છીછરું પણ જ્ઞાન નથી જણાતું ! સૌ પ્રથમ બેવકૂફી તો એ કે પોતે ''ગૈર સુન્ની'' હોવા છતાં આ વિષયે આ મૌદૂદીએ ડહાપણમાં હવાલદારુ લીધું, અને બીજી બેવકૂફી તો કિતાબના નામથી જ જાહેર થઈ જાય છે કે બે વિરોધાભાસી અક઼ીદાવાળા ફિર્ક઼ા વચ્ચે દોસ્તી વિશેનો કુર્આન તથા હદીષમાં કોઈ હુકમ નથી, બલ્કે બદ્ અક઼ીદાથી દૂર રહેવાના હુકમો કુર્આન તથા હદીષમાં છે જેને આગળ જતાં અમો રજૂ કરીશું, ઈન્શાઅલ્લાહ ! છતાં કિતાબનું નામ રાખ્યું ''શીઆ સુન્ની મુસ્લિમ દોસ્તી !'' આ તથા અન્ય લખાણો તેમનાં જોતાં તમો પણ કહેશો કે ''દોસ્ત મુહમ્મદ બલુચ'' નામની ''કલોલ'' ગામની જાતે પોતે હવાલદાર બનેલી આ વ્યક્તિએ પોતાના દિમાગની મરમ્મત કરાવવાની જરૂર છે. કેમ કે કુર્આન તથા હદીષ તથા બુઝુર્ગોના કથનોમાં તો બદ્અક઼ીદાઓથી દૂર રહીને પોતાના ઈમાનની સલામતીની મુસલમાનોને તાક઼ીદ થયેલી છે, જ્યારે આ તરંગી દિમાગવાળા તુક્કાબાજ અને પોતાને અક્કલવાન સમજતા વાન જેવી અક્કલવાળા બની બેઠેલા લેખકે પુસ્તિકાનું નામ ''શીઆ સુન્ની દોસ્તી'' રાખ્યું ! અને તેના વિષય પર અમલ માટે નાહક્ક઼ હઠાગ્રહ આ પૂરી પુસ્તિકામાં સતત રજૂ કર્યો છે.

### ★ સૂકામાં નાવ ચલાવવી તે આનું નામ ! ★

મઝકૂર પુસ્તિકા લેખક ડિંગો હાંકતાં લખે છે કે : ''વર્ષોથી હું ઈસ્લામ અને મુસ્લિમ ફિર્ક઼ાઓનો અભ્યાસી રહ્યો છું......ઈસ્લામના નામે ઉભા થયેલા ફિર્ક઼ાઓમાં બરેલ્વી, દેવબંદી, સુન્ની, શીઆ મુસ્લિમો અને તેના નાના ફિર્ક઼ા ક઼ાદયાની...આ બધા જ ફિર્ક઼ાઓમાં કોઈ એક પણ ફિર્ક઼ો ઈસ્લામનો દુશ્મન હોય એવું મેં તેમની અંદર નથી જોયું.... બધા જ ફિર્ક઼ાવાળાને અલ્લાહ તઆલાના હબીબ અને તેના પયગંબર (صلی اللہ علیہ وسلم)ને માનનારા જોયા, કોઈ એકને પણ તેમનો દુશ્મન કે વિરોધી ન જોયો, બલ્કે બધા જ હઝરત મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ને અત્યંત ચાહનાર, તેમનું આદરપૂર્વક નામ લેનાર જોયા. એ વાત જુદી છે હઝરત મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) વિશે તેમના પોતાના અક઼ાઈદ જુદા રહ્યા હોય.'' *(શીઆ સુન્ની મુસ્લિમ દોસ્તી, પેજ : ૩)*

ઈસ્લામના ઉઘાડા દુશ્મન જૂઠા નબુવ્વતના દાવેદાર ક઼ાદયાની ફિર્ક઼ા તથા અન્ય ફિર્ક઼ાઓનો ઉલ્લેખ અત્રે નથી કરવો, પણ જેમની સાથે દોસ્તીની વકાલતમાં આ પુસ્તિકા તેમણે મૌદૂદી સાહિત્ય વાંચી પુસ્તકીયા જ્ઞાન વડે આડેધડ ભેજાગેપ લખાણ લખી ચિતરી કાઢી છે તે જ શીઆ અથવા રાફઝી કહેવાતા ફિર્ક઼ા વિશે ચર્ચા અમો રજૂ કરીશું.

જો આ બલુચ મહાશય બધા ફિર્ક઼ાઓનો વર્ષોથી અભ્યાસ કરતા રહ્યા હોય અને એમની પાસે સહી દષ્ટિ તથા દિમાગ હોય તો એમણે એ પણ ન જાણ્યું કે શીઆ ફિર્ક઼ો ક્યાંથી નીકળ્યો અને એમના અક઼ીદા

શું છે ?! સાંભળો ! :–

અતિ ટૂંકમાં જણાવું કે ઈસ્લામ તથા મુસલમાનોના પૂરાણા દુશ્મન યહૂદીઓ ઈસ્લામી ચળવળની પ્રગતિ રોકી ન શક્યા તો મુનાફિક઼ાના તૌર પર મુસલમાન થવાનું જાહેર કરીને કેટલાક યહૂદી મુસલમાનોમાં સામેલ થયા અને ઈબ્ને સબા નામના યહૂદીએ મુસલમાનોનું સંગઠન તૂટે અને અંદરો અંદર ભાગલા પડે માટે જૂઠી હદીષો વહેતી કરી તથા ઈસ્લામી અક઼ીદાઓમાં શંકાકુશંકાઓ ખડી કરી જેનાથી નીચે પ્રમાણે ઈસ્લામ વિરુદ્ધ અક઼ીદા શીઆઓએ વહેતા કર્યા. હઝરત અલી رضی اللہ عنہની મહોબ્બતનો ઢોંગ રચી "શીઆયાને અલી" કહેવાયા જે પાછળથી "શીઆ" એટલે "રાફઝી" તરીકે ઓળખાયા. આ શીઆ ફિર્કાના અમુક અક઼ીદા જોઈ લો જેને વર્ષો સુધી અભ્યાસ કરીને પણ આ બલુચ મહાશયે નથી જોયા !

★ આ ફિર્કો કુર્આને પાકને અપૂર્ણ માને છે અને કહે છે કે કુર્આનના ચાલીસ સીપારા હતા તેમાંથી દસ સીપારા ગાયબ કરી દેવામાં આવ્યા છે જેમાં અહલે બયતની ફઝીલતનું વર્ણન હતું. આ અક઼ીદાથી કુર્આનની આયતનો સ્પષ્ટ ઈન્કાર થાય છે જેમાં છે કે, اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَ اِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ "બેશક ! કુર્આન અમે નાઝિલ કર્યું છે અને બેશક ! અમે તેની રક્ષા કરીશું." *(સૂ. હિજ્ર, આયત : ૯, પારા : ૧૪)* અને સ્પષ્ટ છે કે કુર્આનની આયતનો ઈન્કાર કરનાર કાફિર છે.

★ હઝરત અબૂબક્ર, હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡنَની ખિલાફતનો ઈન્કાર કરે છે અને તેમને તથા અન્ય સહાબીઓને કાફિર કહે છે અને તેમના પર લઅનત કરવાને તથા ખરાબ સંબોધનો કરવાને મહાન ઈબાદત સમજે છે, અને આ જ શીઆ ધર્મનો પાયો છે.

★ ઈમામો અંબિયાથી અફઝલ છે તથા ઈમામોને મા'સૂમ માને છે. જ્યારે કે ઈસ્લામમાં ગૈર નબીને નબી કરતાં અફઝલ માનવું જ કુફ્ર છે.

★ હુઝૂર ﷺ કરતાં હઝરત અલી رضی اللہ عنہને અફઝલ માને છે બલ્કે તેમની માન્યતા છે કે હુઝૂર નબી કરીમ ﷺ પર હઝરત જિબ્રઈલ ભૂલથી નાઝિલ થયા, નહીં તો નબી તો અસલમાં હઝરત અલી હતા..... વગેરે ઘણા બધા ગલત અક઼ીદા તેમના છે. શું એ આ બલુચ મહાશયને ખબર છે ? અને તેમના વર્ષોના અભ્યાસમાં આ તેમણે જોયું છે ખરું ?! અને ઈમાન તથા કુફ્રનો આધાર અક઼ીદા પર છે કે બીજી કોઈ ચીજ પર ?!

તેમજ તેમના નજીકના ભવિષ્યના ઈરાનમાં થયેલ પેશવા જેમને તેઓ આયતુલ્લાહ ખોમૈની કહે છે તેમના વિચારો પણ જાણી લો :–

## ★ શું આ તૌહીને રિસાલત નથી ? ★

આ જમાઅતે ઈસ્લામીના ચેલા તથા મૌલાના મૌદૂદીના પરસ્તાર (ભગત) એવા બલુચ મહાશય પોતાની પુસ્તિકામાં જગા જગા શીઆઓના ઈરાની આંજહાની પેશવા ખોમૈની અને કહેવાતી જમાઅતે ઈસ્લામીના સ્થાપક મૌલાના મૌદૂદીના ખૂબ વખાણ કરે છે, તો સૌ પ્રથમ ખોમૈનીની ગુસ્તાખીઓની એક ઝલક જોઈ લો પછી મૌલાના મૌદૂદી વિશે પણ વર્ણન થશે.

ખોમૈની પોતાના ઈમામે ગાયબ મહદી મવઊદના જશ્ને વિલાદતના મોક઼ા પર સંબોધન કરતાં ૧૫ શાબાન હિ.સ. ૧૪૦૦માં નબીઓ તથા રસૂલોની શાનમાં આ પ્રમાણે ગુસ્તાખીપૂર્ણ વાતો કહે છે :–

"તમામ નબીઓ દુનિયામાં અદાલતના ઉસૂલને સ્થાપિત કરવા માટે આવ્યા પરંતુ તે હઝરાત પોતાના આવવાના હેતુમાં કામયાબ ન થઈ શક્યા, ત્યાં સુધી કે **ખાતમુન્નબીય્યિન પણ આ હેતુમાં કામયાબ**

**ન થઈ શક્યા** જે માનવજાતની સુધારણા, અદાલતની સ્થાપ્ના અને માનવજાતની કેળવણીના મક્સદથી દુનિયામાં આવ્યા....યકીનન ! જે શખ્સ આ હેતુમાં નજીકમાં જ **કામયાબ થશે તે મહદી મવઊદ** હશે...... **ઈમામ મહદી** જેમને અલ્લાહ તઆલાએ માનવજાતના માટે ખજાનો બનાવીને બાકી રાખ્યા છે તે પૂરા જગતમાં ન્યાયના ફેલાવા તથા તેને જીવંત કરવાની ખિદમત અંજામ આપશે. અને **યકીનન ! એ કામમાં કામયાબ થશે** જે કાયમ કરવામાં તથા મજબૂત કરવામાં **અંબિયા નિષ્ફળ રહ્યા....** *(ખુત્બાએ ઈમામ ખોમૈની, પ્રસારણ રેડીયો તેહરાન, પ્રેસ : અરાઈયુલ આલમ, કુવૈત, ૨૧–૬–૧૯૮૦)*

શીઆ ઈરાની પેશવા ખોમૈનીએ ઈમામ રઝા رضی اللہ عنہના જશ્ને વિલાદતની તકરીર દરમ્યાન કહ્યું કે, "મને બે વાતોનો અફસોસ છે, એક એ કે ઈસ્લામી બંધારણ ઈસ્લામી હુકૂમતના પ્રારંભિક દૌરથી આ જ સુધી સંપૂર્ણપણે કામયાબ નથી થઈ શક્યું, ત્યાં સુધી કે રસૂલે ઈસ્લામ ﷺના જમાનામાં પણ ઈસ્લામી હુકૂમતનું બંધારણ સંપૂર્ણપણે લાગુ ન થઈ શક્યું." *(મૌદૂદી તર્જુમાન એશિયા, લાહોર, ૨૯ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૦૩)*

જ્યારે કુર્આને પાકમાં ખૂદ રબ્બે કરીમ ફર્માવે છે કે :–

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ "આજે મેં તમારા માટે તમારો દીન કામિલ (સંપૂર્ણ) કરી આપ્યો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી. " *(પારા : ૬, સૂરએ માઈદહ, આયત : ૩)*

એટલે કે **હુઝૂર ﷺનો વિસાલ મુબારક ત્યાર પછી જ થયો જ્યારે દીન સંપૂર્ણપણે મુકમ્મલ થઈ ચૂક્યો હતો અને ફતહે મક્કાથી ઈસ્લામી બંધારણ સંપૂર્ણપણે અમલમાં આવી ચૂક્યું હતું. છતાં ખોમૈની, નબીપાક ﷺને મઆઝલ્લાહ ! પોતાના મકસદમાં નિષ્ફળ દર્શાવે છે.** શું આટલી મહાન તૌહીન આ બલુચ અભ્યાસીને ન દેખાયી કે લખે છે કે પોતે સર્વ ફિર્કાવાળાને હુઝૂર ﷺના અત્યંત ચાહનાર જોયા ?! તો શું ખોમૈની હુઝૂર ﷺની મહોબ્બતમાં આ બધું બોલી રહેલ છે ?!

## ★ સહાબાએ કિરામની બેઅદબી શું ઈસ્લામ દુશ્મની નથી ?! ★

શું હુઝૂર ﷺને અત્યંત ચાહનાર આપના સૌથી પ્રિય સાથી સહાબી, ઉમ્મતીઓમાં સૌથી અફઝલ સહાબી એવા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન તથા અન્ય મહાન સહાબીઓ માટે આવા શબ્દો લખશે જેમ શીઆ ફિર્કાની કિતાબોમાં છે કે, "નબી કરીમ ﷺના ઈન્તેકાલ બાદ મિકદાદ ઈબ્ને અસ્વદ, સલ્માન ફારસી તથા અબૂઝર ગફ્ફારી સિવાય સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા. *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮, હવાલો : તફસીરે સાવી, પેજ : ૩૮૯, ભાગ : ૪)* શું નબીપાક ﷺના સહાબાએ કિરામને મુર્તદ, કાફિર કહેનારો ઈસ્લામનો દુશ્મન નહીં તો ઈસ્લામનો દોસ્ત છે ? બલુચ મિયાં બુદ્ધિને ગિરવી ન મૂકી હોય તો હજીય પોતાની વાતોથી તૌબા કરી લે.

**શીઆઓ હઝરત આઈશા رضی اللہ عنہાની તૌહીન કરવાને તથા તેમના પર લઅનત મોકલવાને ઈબાદત સમજે છે કે જે નબી કરીમ ﷺનાં પ્રિય પત્ની તથા ઉમ્મતીઓની મા છે** અને તેમની વિવિધ રીતે તૌહીન કરે છે. જેમ કે ઈબ્ને રજબ બરસીનું કહેવું છે કે, "હઝરત આઈશાએ ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !" મઆઝલ્લાહ ! નબી પાક ﷺની પવિત્ર પત્નીની આ તૌહીન શું અસહ્ય નથી ?! એટલું જ નહીં બાકિર મજલિસી પોતાની કિતાબ હક્કુલ યકીનમાં લખે છે : "જ્યારે કાઈમુઝ્ઝમાં જાહેર થશે તો આઈશાને જીવંત કરીને તેણીના પર હદ (શિક્ષા) લાગુ કરશે અને તેણીથી હઝરત ફાતિમાનો બદલો લેશે." નબી કરીમ ﷺનાં પવિત્ર પત્ની તથા ઉમ્મુલ મો'મિનીન એટલે

સર્વ મુસ્લિમોની માની આવી ગુસ્તાખી કરનાર શું ઈસ્લામનો તથા નબી ﷺનો દુશ્મન છે કે ચાહક છે ?!

## ★ મૌદૂદી શીઆ ભાઈ ભાઈ ! ખોમૈની મૌદૂદી ભાઈ ભાઈ ! ★

એ પણ જાણી લો કે જ્યારે ઈરાનમાં શીઆ લીડર ખોમૈની સત્તા પર આવ્યા તો મૌલાના મૌદૂદીએ પાકિસ્તાનથી તેમની ખિદમતમાં એક પ્રતિનિધિમંડળ રવાના કર્યું. *(હફતરોઝા શીઆ લાહોર, ઓક્ટો. ૧૯૭૯)* એના થકી આપસમાં વાયદા કરાર થયા અને જમાઅતે ઈસ્લામીને ઈરાનની સરપરસ્તી હાંસલ થઈ ગઈ. એ જ પ્રમાણે ઈરાની શીઆ હુકૂમત તરફથી મૌલાના મૌદૂદીની પાસે ખોમૈનીનું મોકલેલું પ્રતિનિધિમંડળ ૧૭–જાન્યુઆરી ૧૯૭૯ના રોજ કરાચી એરપોર્ટ પર ઉતર્યુ હતું જેના સ્વાગતમાં જમાઅતે ઈસ્લામીના આગેવાનોએ ખૂબ જ જોશ તથા ઉત્સાહ દેખાડયો, રંગબેરંગી ઝંડા લહેરાવ્યા, શીઆ ખોમૈની તથા મૌદૂદી દોસ્તીના બેનરો લગાડયાં, મૌદૂદી ખોમૈની ભાઈભાઈ ! વગેરે નારા લગાડયા. *(જમાઅતી ઓર્ગેનાઈઝશન હફતરોઝા એશિયા, જાન્યુ. ૧૯૭૯)* આ છે શીઆ મૌદૂદી દોસ્તીની દાસ્તાન !

આટલી વાતો સમજી લીધા પછી આવો આ બલુચ મહાશયનો અસલ રોગ પારખી લઈએ. અસલમાં એ મૌલાના મૌદૂદી કે જેમણે કુર્આને પાકથી લઈને હુઝૂર ﷺ તથા સર્વ નબીઓ, ખુલફાએ રાશિદીન, સર્વ સહાબા, તાબઈન, સર્વ મુજદ્દિદો, મુહદ્દિષો, મુહક્કિકો તથા અવલિયાએ કિરામની બેઅદબીઓ કરતા તથા તેઓની ભૂલો દર્શાવતા ખયાલો પ્રદર્શિત કરીને મૌલાના મૌદૂદીએ પોતાની ગુમરાહી પર મોહર કરી દીધી તેમના ચેલા બનેલા છે જેથી પુસ્તિકામાં જગા જગા મૌલાના મૌદૂદીનાં ગુણગાન તેમણે ગાયાં છે અને મૌદૂદી જમાઅત તથા શીઆ જમાઅતના વિચારો એક સરખા છે. જેને પણ અમો અત્રે રજૂ કરીશું. આ સર્વ જોતાં તેમણે પુસ્તિકાનું નામ ''મૌદૂદી શીઆ દોસ્તી'' કે ''મૌદૂદી શીઆ ભાઈ ભાઈ'' રાખવું જોઈતુ હતું, પોતે મૌદૂદી હોવા છતાં હવાલદાર બનીને સુન્નીઓને વચ્ચે લાવવાની જરૂર ન હતી. હવે શીઆ મૌદૂદી અકીદામાં પણ બંનેવ કઈ રીતે ભાઈ ભાઈ છે તે વિશે પણ વાંચી લો :–

અગાઉ શીઆ પેશવા ખોમૈનીના નબીની ગુસ્તાખી કરતા વિચારો તમે જાણી લીધા એ જ ખયાલો જમાઅતે ઈસ્લામના બાની મૌલાના મૌદૂદીના પણ છે. એક ઠેકાણે મૌલાના મૌદૂદી જણાવે છે : ''પરંતુ **વઅઝ તથા નસીહતમાં નિષ્ફળતા** પછી ઈસ્લામના દાઈ (નબી ﷺ)એ હાથમાં તલ્વાર લીધી.'' *(અલ્જિહાદ ફિલ્ઈસ્લામ–૧૭૪, અઝ : મૌલાના મૌદૂદી)*

અહીં મૌદૂદી પણ હુઝૂર ﷺને નિષ્ફળતા પામનાર લખે છે જેમ કે ખોમૈનીએ કહ્યું હતું. તેમજ એક ઠેકાણે મૌલાના મૌદૂદી કુર્આની આયતનો મનમાન્યો ખુલાસો કરતાં લખે છે : ''આ રીતે જયારે તે કામ પૂર્ણતાએ પહોંચી ગયું જેના માટે મુહમ્મદ ﷺને નિયુક્ત કર્યા હતા તો આપને ઈર્શાદ થાય છે કે **આ કારનામાને પોતાનું કારનામુ સમજીને ક્યાંક ઘમંડ કરવા ન લાગી જશો !** ખામીથી પાક બેઅયબ જાત અને કામિલ જાત કેવળ તમારા રબની જ છે, જેથી આ મહાન કાર્યને અંજામ આપવા પર તેની તસ્બીહ તથા હમ્દો ષના કરો અને એ જાત (ખુદા)થી દરખાસ્ત કરો કે, **માલિક આ ૨૩ વર્ષના ખિદમતના જમાનામાં મારી ફરજો અદા કરવામાં જે ખામીઓ તથા ઉણપો થઈ છે તેને માફ કરી આપ !** *(કુર્આન કી ચાર બુન્યાદી ઈસ્તેલાહેં, પેજ : ૧૫૬)*

બીજે ઠેકાણે પણ એક સૂરતના મન માન્યા ખુલાસામાં મૌલાના મૌદૂદી આ અંદાઝમાં લખે છે : ''ત્યારબાદ આપને હુકમ આપવામાં આવ્યો કે આપ અલ્લાહની હમ્દ અને તેની તસ્બીહ કરવામાં મશ્ગૂલ થઈ જાવ કે એના ફઝ્લથી આપ આટલુ મહાન કામ અંજામ આપવામાં કામયાબ થઈ ગયા અને એનાથી

દુઆ કરો કે **આ ખિદમત અંજામ આપવામાં જે ભૂલ કે ઉણપ પણ આપનાથી થઈ તેને એ (ખુદા) માફ ફર્માવી આપે.** *(તફહીમુલ કુર્આન, ભાગ : ૬, પેજ : ૫૧૪, અઝ : મૌલાના મૌદૂદી)*

**જેમ ખોમૈની હુઝૂર ﷺને નિષ્ફળતા પામનાર દર્શાવે છે તેમ મૌદૂદી પણ તેમની ભાઈચારગીમાં હુઝૂર ﷺને નિષ્ફળતા પામનાર તથા ભૂલો તથા ઉણપો વર્તનાર અલલ એલાન દર્શાવી રહેલ છે. શું આ નીચ વિચારોનું પ્રદર્શન નબીની ગુસ્તાખી નથી ? અને ઈસ્લામની રૂએ નબીની પ્રતિ અયબ લગાડનાર શું કાફિર નથી ?!**

વળી શું અલ્લાહની બારગાહમાં હુઝૂર ﷺની બંદા તરીકે એ જ હૈસિયત છે જે ખુદાના દુશ્મન શૈતાન મરદૂદની છે ? યકીનન નથી ! આપનો તો ખાસ મર્તબો છે અને આપ એવા ખાસ બંદા છે કે અલ્લાહે મેઅરાજની રાતે આપને તલબ ફર્માવી લામકાંમાં પોતાના દીદારથી સરફરાઝ ફર્માવ્યા. તો પછી કોઈ પણ રીતે આપની તુલના શૈતાન સાથે કરવી આ આપ ﷺનું અપમાન નથી ? તો પછી આ મૌલાના મૌદૂદી કઈ રીતે આ પ્રમાણે લખે છે કે, "દરેક વ્યક્તિ ખુદાનો બંદો છે, **જેવી રીતે એક નબી તેવી રીતે શયતાન રજીમ** પણ." *(તર્જુમાને કુર્આન)* વિચારો ! આ જ ગુસ્તાખે નબી મૌદૂદીના ચાહક બલુચ મહાશય કેટલી પાયાહિન વાત પોતાના પુસ્તકમાં લખે છે કે :–

## ★ શું ઈસ્લામને પૂરી ઉમ્મતમાં કેવળ મૌલાના મૌદૂદી જ સમજી શક્યા ?! ★

લખે છે : "સદીઓથી શીઆ સુન્ની મુસ્લિમોને તેમના ઈસ્લામ તથા ઈતિહાસથી અંજાન રહેલા મઝહબી પેશવાઓ તરફથી વિખૂટા પાડી પોત પોતાની દુકાનો ચમકતી રાખવાની જ ખેવના રહી હતી. જો મૌલાના મૌદૂદીએ પણ તેઓની જેમ ઠોકે જ રાખ્યું હોત તો વાત વણસેલી જ રહેતી, પરંતુ મૌલાના મૌદૂદીએ હઝરત હુસૈન (رضي الله عنه)ની શહાદતની સાચી રજૂઆત કરતાં શીઆ મુસ્લિમોને પણ પોતાની ભૂલ સમજાયી કે તેઓને અવળે માર્ગે દોરવામાં આવ્યા છે." *(શીઆ સુન્ની મુસ્લિમ દોસ્તી, પેજ : ૯)*

એટલે કે **હુઝૂર ﷺના વિસાલ બાદથી આટલી સદીઓમાં ઈસ્લામથી તથા તેના ઈતિહાસથી સર્વ સુન્ની બુઝુર્ગો પેશવાઓ અજાણ રહ્યા જેથી શીઆઓ તથા સુન્નીઓને અલગ પાડેલા રાખ્યા! અને પોત પોતાની દુકાનો ચમકતી રાખી !** પથ્થર પડે આવી સડેલી વિચારધારા પર ! સહાબા, તાબઈન, તબએ તાબઈન તથા ગૌષે આ'ઝમ તેમજ દરેક યુગના બુઝુર્ગો તથા ઉલમાએ અહલે સુન્નત રિઝવાનુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈનએ પોત પોતાના દૌરમાં શીઆઓના આગળ જણાવ્યા તેવા અક્રીદાઓને કારણે તેમની કુર્આન હદીષની રૂએ ભરપૂર રદ કરતી કિતાબો પ્રસિદ્ધ કરી મુસ્લિમોને તેવા અક્રીદાથી દૂર રહેવા ચેતવ્યા, જેમ કે ઈમામ તહાવીએ કિતાબ અક્રીદાએ તહાવિયહમાં, ઈમામ ગિઝાલીએ અલ્ ઈકતેસાદ ફિલ્ એઅ્તેકાદ તથા અહયાઉલ ઉલૂમમાં, ઈમામ કાઝી અયાઝે શિફા શરીફમાં, ગૌષે આ'ઝમ શયખ અબ્દુલ કાદિર જીલાનીએ ગુન્યતુત્તાલિબીનમાં, ઈમામ શહાબુદ્દીન સુહરવર્દીએ અઅ્લામુલ હુદામાં, અલ્લામા નૂર બખ્શ તવક્કુલીએ તોહફાએ શીઆમાં, ઈમામ ઈબ્ને જવઝીએ શર્હે તબ્લીસે ઈબ્લીસમાં, ઈમામ ઈબ્ને હજર મક્કીએ ઝવાજિરમાં, ઈમામ નવવીએ શરહે મુસ્લિમમાં, ઈમામ અબ્દુલ વહાબ શઅરાનીએ અલ્ મિનનુલ કુબ્રા તથા અલ્ મવાકિત વલ્ જવાહિરમાં, ઈમામ શહાબુદ્દીન ખફ્ફાજીએ નસીમુર્રિયાઝમાં, શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીએ તોહફાએ ઈષ્ના અશરીયામાં, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાએ ગાયતુત્તહકીક તથા રદુલ રવાફિઝમાં, સદરુશ્શરીઅહ હઝરત અમજદ અલીખાંએ બહારે શરીઅતમાં, હઝરત અલ્લામા સઈદીએ શરહે મુસ્લિમમાં વગેરે અસંખ્ય સુન્ની ઉલમા બુઝુર્ગો

رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَએ શીઆ ફિર્કાની રદમાં કિતાબો લખીને તેમની રદ કરી, તેઓને આ અક્કલની ખિડકીને બુચ મારીને બેઠલા બલુચ મહાશય ઈસ્લામ તથા ઈતિહાસથી અજાણ દર્શાવી રહેલ છે અને મૌલાના મૌદૂદીને સૌથી કામિલ દર્શાવીને પોતે ધન્યતા અનુભવે છે ! શું આ વ્યક્તિ સૂકામાં નાવ હાંકનાર તેમજ શેખચલ્લીનો ચેલો નથી જણાતો ?! અને સુન્નીઓને "અકાબિર પરસ્ત" કહેનાર આ બલુચમિયાં મૌદૂદી પરસ્ત હોવાનું પોતાને સાબિત નથી કરતા ? કેમ કે **પૂરી ઉમ્મતમાં સેંકડો વરસોમાં મૌલાના મૌદૂદી જેવો ઈસ્લામનો જાણકાર એમની નજરમાં કોઈ જ પેદા નથી થયો ! ન કોઈ સહાબી ન તાબઈ, ન કોઈ ગૌષ, કુતુબ ન કોઈ મુહદ્દિષ ન કોઈ મુહક્કિક઼ ન કોઈ મુજદ્દિદ ! કામિલ ઈન્સાન કોઈ થયો તો મૌલાના મૌદૂદી જ છે, બસ ! શું આ વ્યક્તિ પૂજા નથી ?!** ખૈર, જેનું જેવું નસીબ ! પતંગિયાને ફૂલની સોહબત પસંદ આવે છે તો માખીને મળમૂત્ર પર બેસવાનું ! (મૌદૂદીની ગુમરાહી વિશે જાણવા દયાદરાથી કિતાબ "જમાઅતે ઈસ્લામીનો શીશ મહલ" મંગાવો.)

સારાંશ કે સર્વ સુન્ની પેશવાઓએ ચૌદસો વરસોમાં પોત પોતાના દૌરમાં શીઆના બદ્અક઼ીદા જાહેર કરી તેની રદ કરીને અહલે સુન્નતને ઈમાન સાચવવા તેમનાથી દૂર રહેવા તાકીદ કરી. એટલું જ નહીં ખૂદ કુર્આનમાં છે કે : وَاِمَّا یُنْسِیَنَّکَ الشَّیْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّکْرٰی مَعَ الْقَوْمِ الظّٰلِمِیْنَ "અને જો ક્યાંક તને શયતાન ભૂલાવી દે તો યાદ આવવા પર જાલિમો પાસે ન બેસ." *(સૂરએ અન્આમ, આ. ૬૮, પારા : ૭)* હુઝૂરની, સહાબાની, અજવાઝે મુતહ્હરાત (નબીની પાક બીવીઓ)ની ગુસ્તાખી કરનારથી વધુ જાલિમ કોણ ?! જેમ કે આગળ લેખમાં તમે વાંચી લીધું. તેમજ ગયબદાં નબી કરીમ ﷺએ પણ આગાહી ફર્માવીને આ પ્રમાણે અગમચેતી કરી હતી કે :–

"નજીકમાં જ કેટલાક લોકો આવનારા છે, તેમનો એક બુરો લક઼બ હશે, તેમને 'રાફઝી' કહેવામાં આવશે. તેઓ સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો) પર લઅનત કરશે અને જુમ્આ તથા જમાઅતમાં હાજર ન થશે. તેમની પાસે ન બેસશો, તેમની સાથે ન ખાશો, ન તેમની સાથે પાણી પીશો, ન તેમની સાથે શાદી વિવાહ કરશો, બીમાર પડે તો તેમને પૂછવા ન જશો, મૃત્યુ પામે તો તેમના જનાઝામાં ન જશો, ન તેમના પર નમાઝ પઢશો ન તેમની સાથે નમાઝ પઢશો." *(બહવાલા અહકામે શરીઅત)* બલુચમિયાં બતાવે કે હુઝૂર ﷺને આ અગમચેતી જાહેર કરીને પોતાની દુકાન ચમકાવવી હતી કે મુસલમાનોને ગુમરાહીમાં જવાથી રોકવાનો આપનો હેતુ હતો ?!

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہની ગુસ્તાખી તમે ક્યાંથી શીખ્યા ?! ★

આ બલુચ મહાશય એ પુસ્તિકામાં પેજ નં. ૨૦ પર લખે છે તેનો ભાવાર્થ ટૂંકમાં આ છે : "લાખો શહેરો કસ્બામાં એક જ મહોલ્લામાં શીઆ સુન્ની આડોશ પાડોશમાં વર્ષોવર્ષથી રહેતા આવ્યા છે પણ શીઆ સુન્ની નથી બન્યા તેમ સુન્નીઓ પણ તેમનાથી એક થઈ જશે તો શીઆ નથી થઈ જવાના." પણ આ તેમની વાહિયાત દલીલ છે. આજે શીઆઓની જ સોહબત અને દેખાદેખીમાં અસંખ્ય સુન્નીઓ માતમ તથા શીઆઓ જેવી રસમો કરતા થઈ ગયા છે બલ્કે શીઆ અક઼ીદા ધરાવતા થઈને ગુમરાહીમાં પડયા છે, એટલે સુધી કે ઘણા અજ્ઞાન સુન્નીઓ તેમની સોહબતમાં રહીને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે ગુમરાહી ભર્યા ખયાલો ધરાવતા થઈ ગયા છે. જેમ કે શીઆ દોસ્તીમાં જ તો તમોએ (બલુચ મિયાંએ) મહાન સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનમાં નીચે મુજબ બેઅદબીના શબ્દો તમારી પુસ્તિકામાં ચિતરી નાખ્યા છે :–

બલુચ મહાશય લખે છે : "........રાજ્ય સત્તા આવતાં જ તેમણે (હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ) જાણી જોઈને કહો કે અંજાણે **અલ્લાહ તઆલાના આદેશોનું ઉલ્લઘન કરવાનું શરૂ કરી દીધું.** તેમની નિય્યત ખરાબ હશે એવું માની લેવું ખોટું છે. ઈસ્લામી ખિલાફત તેમની જાગીર હોય તેમ પોતાના પુત્ર યઝીદને પોતાના પછી ઈસ્લામી રાજ્યનો ખલીફા (શાસક) નિયુક્ત કર્યો." *(શીઆ સુન્ની દોસ્તી, પેજ : ૧૬)*

બીજે ઠેકાણે આ બલુચ મહાશયે લખ્યું છે કે, "....હું જોઈ રહ્યો છું કે સદીઓ પછી પણ કેટલાક મુસલમાનો હઝરત મુઆવિયા (رضی اللہ عنہ)ના ચક્કરથી છૂટયા નથી. હઝરત મુઆવિયા (رضی اللہ عنہ) હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلمના સહાબી હોવાથી તેમના વિશે એટલું તો કહીશ કે **આ બાપ-બેટાએ ઈસ્લામ અને મુસ્લિમોની પથારી ફેરવવામાં કાંઈ બાકી રાખ્યું નથી."** *(શીઆ સુન્ની દોસ્તી, પેજ : ૧૬)*

આટલી બેબાકી સાથે સહાબીએ રસૂલની ગુસ્તાખી તો કોઈ ઈસ્લામનો દુશ્મન જ કરી શકે ! આ સિવાય પણ અન્ય ગુમરાહકુન લખાણો બલુચ મહાશયની પુસ્તિકામાં છે જેમાં પોતે વિકૃત દિમાગવાળા મૌલાના મૌદૂદીના પરસ્તાર હોવાથી પોતે પણ પોતાના વિકૃત માનસ વડે ઈસ્લામી ઈતિહાસની કેટલીક વાતોને હકીકતથી પર અને વિકૃતપણે રજૂ કરી છે. અત્રે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પરના ઉપરોક્ત આક્ષેપોનો ખુલાસો પણ જોઈ લો :-

## ★ હઝરત મુઆવિયહ્નો ગુસ્તાખ જહન્નમી કૂતરો છે ! ★

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રસૂલેપાક صلی اللہ تعالی علیہ وسلم ના સહાબી છે, આપે નબી صلی اللہ تعالی علیہ وسلم સાથે રહીને કાફિરો સાથે જંગો લડી છે, આપનો દરજો સહાબી હોવાને લઈને ઊંચો છે અને મુજાહિદે ઈસ્લામ હોવાને લઈને વધારે. ખિલાફતે ફારૂકી અને ખિલાફતે ઉષ્માનીમાં આપે વીસ વર્ષો સુધી સિરિયામાં ગર્વનરી કરી અને ત્યાર પછી પણ આપ ગર્વનર રહ્યા. નવાસાએ નબી હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ એમની સાથે સુલેહ કરીને એમના હાથ પર બયઅત કરી. અવસાન સુધીમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ ૪૦ વર્ષો રાજ કર્યું. હદીષના ઓલમાએ કોઈ પણ વિવાદ વગર એમની હદીષો નકલ કરી અને લીધી. આ બધું એ વાતની દલીલ છે કે અમીર મુઆવિયા رضی اللہ عنہ નો વિવાદ હઝરત અલી સાથે ઈજતેહાદ પર આધારિત હતો, એનાથી એમની અદાલત અને પરહેઝગારીમાં કોઈ ફરક આવતો નથી. અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى અલ્લાહ તઆલાએ સર્વને ભલાઈનો વાયદો કર્યો. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) અલ્લાહ એમનાથી ખુશ અને તેઓ એનાથી ખુશ.

**મુલ્લા અલી કારી મિશ્કાતની શરહમાં** ફર્માવે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના વિદ્યાર્થી છે એમને પૂછવામાં આવ્યું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما અફઝલ છે કે પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ ? તો આપે ફર્માવ્યું, **હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم સાથે રહી જિહાદ કરવા સમયે અમીર મુઆવિયા رضی اللہ عنہ ના ઘોડાના નાકમાં જે ધૂળ ગઈ તે પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી વધીને છે.** *(અન્નાહિયા, પેજ-૧૬)*

**નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી ઈયાઝમાં છે** : જે વ્યક્તિ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બુરાઈ કરે છે એ **જહન્નમી કૂતરાઓ પૈકી એક કૂતરો** છે. *(અહકામે શરીઅત, ભાગ-૧, પેજ-૧૦૩)*

**મિશ્કાત શરીફ,** પેજ-૧૧૨, બુખારી શરીફની હદીષ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું કે અમીરુલ મુ'મિનીન ! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બાબત તમે શું ફર્માવો છો, જયારે કે ફલાણા મસ્અલામાં એમણે આમ કર્યું. આપે ફર્માવ્યું : اَصَابَ اِنَّهٗ فَقِيْهٌ એમણે બરાબર

કર્યું કારણ કે આપ ફકીહ (દીનની સારી સમજ ધરાવનાર) છે.

**મિશ્કાતની શરહ મિર્કાત**, ભાગ–૨, પેજ–૧૬૦, હઝરત મુલ્લા અલી કારી ઉપરોક્ત વાતના ખુલાસામાં લખે છે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ મુજતહિદ છે, એમને સવાબ મળશે ભલે ભૂલ કરે. (એટલે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم સાથે જે બે યુદ્ધ થયાં તેમાં હઝરત અલી હક્ક પર હતા પરંતુ હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે અને મુજતહિદને દલીલે શરઈમાં મનન કરવાથી એમનાથી ભૂલ થાય તો પણ એમને સવાબ મળે છે.)

અન્નાહિયા, પેજ–૧૭, હઝરત અલ્લામા કસ્તલાનીએ બુખારીની શરહમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બાબત એ વર્ણન કર્યું છે :– مُعَاوِيَةُ ذُوْ الْمَنَاقِبِ الْجُمَّةِ "હઝરત મુઆવિયા ઘણી જ ખૂબીઓના માલિક છે."

આ છે હઝરત અમીર મુઆવિયા ! رضی اللہ عنہ **અહલે સુન્નત વલ જમાઅતના મસ્લક પ્રમાણે આપ ઉચ્ચતમ સહાબી છે, અને આપની બાબતે કાંઈ બોલવાની આપણને રજા નથી, બલ્કે બોલવું પોતાની આકેબત ખરાબ કરવું છે, એટલે હઝરત અમીર મુઆવિયા માટે આપણે અહલે સુન્નતનો મસ્લક ભૂલી શીઆ લોકો જેવી નકામી વાત ન કરવી જોઈએ !**

**સવાલ** : ચાલો, માની લઈએ કે પોતાની હયાતીમાં ખલીફાને નિમણૂક કરવો અને પોતાના પુત્રને ખલીફા બનાવવો શરઈ કાયદાના આધારે નાજાઈઝ નથી એટલે વિરોધ ઉઠાવવાની આપણને રજા નથી, પણ ફાસિક્ની બેઈજ્જતી વાજિબ છે એટલે એને ઈજ્જતનું પદ ન આપી શકાય, તો પછી ખિલાફતે કુબ્રા અને મુસલમાનોના અમીર માટે એવા વ્યક્તિને નિમણૂક કરવો નાજાઈઝ અને ગુનાહનું કામ છે. પછી ફાસિક્ને એ પદ કેમ આપવામાં આવ્યું ?

**જવાબ** : યઝીદ ફાસિક્ હતો અને એના ફાસિક્ હોવા પર બેમત નથી પણ એ જ્યારથી ફાસિક્ બન્યો ત્યારથી ફાસિક્નો હુકમ લાગશે. ગુનાહોનાં કામો કર્યા વગર ફિસ્ક્ અને બદ્‌માશીનો હુકમ ઈસ્લામી કાયદામાં લાગુ પડતો નથી. જેઓ યઝીદને પ્રથમથી ફાસિક્ કહેવા માંગે છે તેમણે સશક્ત પુરાવા આપવા પડશે કે એ ખલીફાના પદ પર આવતાં પહેલાં જ ખરાબ માણસ હતો. **જ્યારે એ પોતાના પિતા હઝરત અમીર મુઆવિયાની હયાતીમાં સારો હતો, અને એણે ઈસ્લામ માટે ઘણા યુદ્ધો લડયાં,** તો હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ પોતાના પુત્રને લાયક સમજીને, શરીઅતનો પાબંદ સમજીને આ પગલુ ભર્યું હતું. જ્યારે **આપની હયાતીમાં એ ફાસિક્ ન હતો** તો પછી હઝરત અમીર મુઆવિયહ પર એ બાબતની કોઈ શંકા યોગ્ય નથી. અને **સુન્ની સહીહુલ અકીદા આ પ્રમાણેની શંકા ઉપસ્થિત કરી પણ નથી શક્તો.** શૈતાન કાફિર બનતા પહેલાં ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, એની ઘણી ઈજ્જત થતી હતી, એને ઘણુ મહાન પદ આપવામાં આવ્યું હતું, પણ જ્યારે એણે હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની બેઈજ્જતી કરી અને અલ્લાહની આજ્ઞાનું પાલન ન કર્યું તો અલ્લાહ તઆલાએ એને ઈજ્જતની જગાએથી હટાવી દીધો. તો આ દાખલા પ્રમાણે યઝીદ જ્યારે સારો હતો ત્યારે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ એને ઈજ્જતનું પદ આપ્યું, આપના દુનિયાથી પર્દો કરી ગયા પછી એ ફાસિક્ બની ગયો તો એ તે જમાનાના મુસલમાનોની જવાબદારી ઠરી જે યોગ્ય હોય તેના હાથો પર બયઅત કરવી જોઈએ અને તેવા વ્યક્તિને ભરપૂર સહકાર આપવો જોઈએ. સારાંશ એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પર યઝીદના ફાસિક્ હોવાનું જાણતા હોવાની શંકા પણ તદ્દન ખોટી છે. એ ભવિષ્યની વાત હતી, એમની હયાતીની નહીં.

ક્રાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ
يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ
عَنِ الْمُنْكَرِ ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿۱۰۴﴾ وَلَا تَكُوْنُوْا
كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ
الْبَيِّنٰتُ ؕ

**ત.....ર્જુ.....મો.....**

જરૂર હોવી જોઈએ[૧૧૩] તમારામાં એક જમાઅત જે બોલાવ્યા કરે નેકીની તરફ અને હુકમ આપ્યા કરે ભલાઈનો અને રોક્યા કરે બુરાઈથી, અને એ જ લોકો કામયાબ તથા સફળ છે. અને ન થઈ જશો તે લોકોની જેમ જેઓ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા હતા અને મતભેદ કરવા લાગ્યા હતા એના પછી પણ જ્યારે કે આવી ચૂકી હતી તેમની પાસે રોશન નિશાનીઓ[૧૧૪].

**તફસીર.........**

**૧૧૩.** આ દીને કૈયિમ જેણે માનવ જગતની તક્દીર બદલી નાખી, એની તબ્લીગ તથા પ્રચાર એ એક અતિ મહત્વનો ફરીઝો છે. જો આ મિલ્લતમાં એવી વ્યક્તિઓ ન હોય જે આ રહમતના પયગામને દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડવાના માટે પોતે પોતાને વક્ફ કરી આપે તો આ વિશ્વવ્યાપી હિદાયતનો પયગામ અમુક દેશોમાં સીમિત થઈને રહી જશે, અને આ પયગામથી પણ નાઈન્સાફી થશે, અને એ કૌમો પર પણ જુલ્મ થશે જેઓ ગાઢ અંધકારોમાં ભટકી રહી છે, જેમની જિંદગીની અંધારી રાત કોઈ ચિરાગના માટે તરસી રહી છે. તેમજ તે કૌમ તથા દેશ જેણે આ દીનને કબૂલ કરી લીધો છે તેના દિલના આઈના ઉપર પણ ગફલતની ધૂળ પડી શકે છે, તેમના અમલની સક્રિયતા પણ સુસ્તીનો શિકાર થઈ શકે છે. આસપાસના ગુમરાહ માહોલથી તેઓ પણ પ્રભાવિત થઈ શકે છે. જો એવી હસ્તીઓ ન હોય જેમનું કામ જ ઈસ્લામના હિકમતપૂર્ણ અંદાઝ વડે લોકોને ગફલતની નિદ્રામાંથી જાગૃત કરવી, તેમના અમલની સક્રિયતાને સલામત રાખવી અને બાહ્ય તથા પરાઈ અસરોથી તથા ચળવળોથી તેમનાં દિલો દિમાગને સુરક્ષિત રાખવાનુ હોય, તો ઘણી બધી ગુમરાહીઓ આ કૌમમાં આપોઆપ માર્ગ કાઢી ઘૂસી શકે છે જો તેઓ ન હોય જેઓ આ દીનના ઝંડાધારી છે. આ બંનેવ કામ એટલે કે ઈસ્લામી મિલ્લતને ઈસ્લામના ધોરી માર્ગ પર કાયમ અડગતાથી રાખવી અને ગૈર મુસ્લિમ કૌમો સુધી રુશ્દો હિદાયતનો પયગામ પહોંચાડવો જેટલો મહત્વનો તથા જરૂરી છે એટલો મુશ્કેલ તથા ગુંચવણમય છે. એટલા માટે એક એવી જમાઅત તૈયાર કરવી એ મિલ્લતનો સંયુક્ત ફરીઝો છે જેનો ઈલ્મ તથા અમલ, જાહેરી તથા આંત્રિક સ્થિતિ રસૂલે કરીમ عليه الصلوٰة والسلامની સીરત તથા કિરદારનો કામિલ મઝહર હોવો જોઈએ. એમનામાં ઈસ્લામી ઈલ્મોમાં સંપૂર્ણ નિપૂણતાની સાથોસાથ સીરત (જીવનચરિત્ર)ની પવિત્રતા, કિરદારની મજબૂતી અને જાહેર તથા બાતિનની એકરૂપતા કોઈ આસાન કામ નથી, એના માટે જ મહાન મહાન કુર્બાની, ઈમાની દષ્ટિ, દિલી બસીરત

તથા રૂહાની તર્બિયતની જરૂરત છે તે પૂર્ણ થવી જોઈએ. જો મિલ્લત પોતાના આ અતિ મહત્વના ફરીઝાને અદા નહીં કરે તો તે અલ્લાહ તઆલાની સમક્ષ પોતાની ઉણપના માટે જવાબદાર ઠરશે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં સુધી એવી વ્યક્તિઓ તૈયાર થતી રહી ત્યાં સુધી ઈસ્લામી ગુલશનમાં વસંતઋતુ ખીલેલી રહી, જ્યાં સુધી ઈસ્લામી મદ્રસાઓ ગઝાલી, રાઝી, સઅદી અને બયઝાવી તથા ખાનકાહો રૂમી, હિજવૈરી, અજમેરી, ઝકરિયા મુલ્તાની, શયખ સરહિંદી رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવી સમયની ગર્વમય હસ્તીઓ તૈયાર કરતી રહી, કુફ્રના ઝુલ્મત કદા ઈસ્લામના નૂરથી રોશન થતા રહે, હક્કની શક્તિ બાતિલના કિલ્લાઓને તોડતી રહ્યા. પણ હવે ?! મારો ચહેરો જોઈ લો એમાં મારી બદ્‌નસીબીઓની દાસ્તાનનો એક એક અક્ષર કોતરેલો જોવા મળે છે. મારો હાલ ન પૂછો ! એ એટલો દુઃખદ છે કે ન મારામાં વર્ણન કરવાની હિંમત છે અને ન તમારામાં સાંભળવાની ! હે અલ્લાહ ! અમારા પર રહમ ફર્માવ ! હે ગુંબદે ખિદરાના મકીં મદદ ફર્માવો !

**૧૧૪.** મુસલમાનોને ગૃપબંદી તથા મતભેદથી મના કરવામાં આવી રહી છે. હવે એમની સમક્ષ ગૃપબંદી અને મતભેદની લઅનતમાં સપડાયેલી કૌમોની દર્દમય દાસ્તાન અને ઈબ્રતનાક કહાની વર્ણન કરવામાં આવી રહી છે જેથી કરીને મુસલમાન તેને સાંભળે અને બ્રોધગ્રહણ કરે. યહૂદી તથા નસારાએ પોતાના દીનના ઉસૂલોને પીઠ પાછળ નાખી દીધા હતા, અને ફુરૂઈ તથા જુઝવી (શાખાકિય) મસાઈલને એટલુ મહત્વ આપી રાખ્યું હતું કે તેના જ કારણે કુફ્રના ફત્વા લગાડવામાં આવતા અને મિલ્લતની એકતાને એ રીતે અતિશય બેદર્દીથી ટૂકડે ટૂકડા કરી દેવામાં આવતી. આજે આપણે પણ એ જ સ્થાને ઉભેલા છીએ. એક ખુદા, એક રસૂલ, એક કિતાબ અને એક કા'બા રાખવાવાળી કૌમે પોતાને અસંખ્ય ગૃપોમાં વહેંચી નાખી છે અને ઉલમાએ સૂ (બુરા)એ તેમની વચ્ચે નફરત તથા અદાવતની એટલી ઊંચી દીવાલો ખડી કરી આપી છે કે હવે તેમના આપસમાં મળીને બેસવાની કોઈ સ્થિતિ જોવા નથી મળતી. ઝાતે પાકે મુસ્તફા صلی اللہ علیہ وسلم ના ફઝાઈલ તથા કમાલો પર જ્યારે બહષ થવા લાગી અને મુનાઝરાઓની જરૂરત મહેસૂસ થવા લાગી તો તે કઈ ચીજ છે જે આપણને ભેગા રાખી શકે છે, પરંતુ અલ્લાહ તઆલા ઘણો જ કાદિર તથા કવી છે તે ચાહે તો પલકવારમાં આપણી આંખોથી પર્દા હટાવી આપે.

## મૌતુલ આલિમ મૌતુલ આલમ (આલિમનું મૌત આલમનું મૌત છે)

**મુબારકપુર** : (જિ. આઝમગઢ, યુ.પી.) ખાતે બકીયતુલસ્સલફ, જય્યદ આલિમે બાઅમલ બહરુલ ઉલૂમ હઝરત કિબ્લા મુફતી અબ્દુલમન્નાન સાહબ رحمۃ اللہ علیہ ના ઈન્તેકાલના સમાચાર મુબારકપુરથી ફોન દ્વારા તા. ૨૯–૧૧–૨૦૧૨ જુમેરાતે મગરિબ બાદ હઝરત કિબ્લા મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબે આપ્યા તો જિગરે એક આંચકો અનુભવ્યો કે અહલે સુન્નતના મહાન અકાબિરમાંથી એક ઔર જગા હવે ખાલી થઈ ગઈ અને જેણે જેણે આ સમાચાર સાંભળ્યા દુઃખની લાગણી અનુભવી, પણ اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ કહીને સબ્ર કરી લીધી. હઝરત બહરુલ ઉલૂમ رحمۃ اللہ علیہ ની ખિદમતો અજોડ છે, સુન્ની જમાઅતની અનોખી મહાન ઈલ્મી શખ્સિયત પણ સાદગી તથા ફકીરી હાલતમાં જીવન જીવ્યા. આપની દફનવિધિ હજારો શાગિર્દો તથા ચાહકોની ભીડ સાથે મુબારકપુર ખાતે તા. ૧–૧૨–૨૦૧૨ શનિવારે ઝહોર બાદ કરવામાં આવી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં અહલે સુન્નતના આ મુજાહિદની કબ્ર મુબારક પર કયામત સુધી રહમતોની વર્ષા કરે અને આપની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનો, અકીદતમંદોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) હઝરતના ઈસાલે સવાબ અર્થે તા. ૩૦–૧૨–૨૦૧૨ના રોજ જુમ્આ બાદ દયાદરા જામા મસ્જિદ ખાતે યાસીન શરીફનો ખત્મ રાખી, ફાતેહા ખ્વાની કરી ન્યાઝ વહેંચી હતી તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ તથા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તથા અન્ય દારુલ ઉલૂમોમાં કુર્આનખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## પાકી (તહારત) વિશે બયાન *(વિભાગ : ૧)*

*હઝરત અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે પાકી અડધુ ઈમાન છે[૨]. અને "અલ્હમ્દુલિલ્લાહ" ત્રાજવુ ભરી આપશે[૩] અને "સુબ્હાનલ્લાહ" તથા "અલ્હમ્દુલિલ્લાહ" આસ્માન તથા જમીનના દરમ્યાનને ભરી આપશે[૪] અને નમાઝ રોશની છે[૫] ખૈરાત દલીલ છે[૬] સબ્ર ચમક છે[૭] કુર્આન તારી અથવા તારા માટે દલીલ છે[૮] દરેક શખ્સ સવાર પામે છે તો પોતાનો નફ્સ વેચે છે અથવા નફ્સને આઝાદ કરે છે અથવા તબાહ[૯]. મુસ્લિમે રિવાયત કરી. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે "લાઈલાહ ઈલ્લલ્લાહ" અને "અલ્લાહુ અકબર" આસ્માન તથા જમીનની વચ્ચેનાને ભરી આપે છે. મેં આ રિવાયત ન મુસ્લિમ ન બુખારીમાં જોયી ન કિતાબે હમીદીમાં ન જામેઅમાં, પરંતુ દારમીએ વર્ણન કરી, અને "સુબ્હાનલ્લાહ"ને બદલે "અલ્હમ્દુલિલ્લાહ" વર્ણવ્યું[૧૦].*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, શું હું તમને તે ચીજ ન બતાવું જેનાથી અલ્લાહ ખતાઓ મિટાવી આપે અને દરજાઓ બુલંદ કરી આપે ?![૧૧] લોકોએ અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ![૧૨] (صلی اللہ علیہ وسلم) ફર્માવ્યું, વુઝૂ પૂર્ણ કરવું તકલીફોમાં[૧૩] મસ્જિદની તરફ અધિક ડગલાં માંડવાં[૧૪] નમાઝ બાદ નમાઝનો ઈન્તેઝાર કરવો[૧૫] આ છે સરહદની હિફાઝત[૧૬]. અને માલિક ઈબ્ને અનસની હદીષમાં છે કે, આ છે સરહદની હિફાઝત ! આ છે સરહદની હિફાઝત ! બે વાર એને મુસ્લિમે રિવાયત કરી. તિર્મિઝીની રિવાયતમાં ત્રણ વાર છે. હઝરત ઉષ્માન رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે વુઝૂ કરે તો સારું વુઝૂ કરે[૧૭] તેની ખતાઓ (ગુનાહો) તેના શરીરેથી નીકળી જાય છે, ત્યાં સુધી કે તેના નખો નીચેથી નીકળી જાય છે." (મુસ્લિમ, બુખારી)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

"તહરાત"નો અર્થ છે ગંદકી તથા નાપાકી દૂર કરવી. ગંદકી રૂહાની પણ હોય છે અને શારીરિક પણ. જેથી તહારત (પાકી) પણ રૂહાની તથા શારીરિક છે. આ બંનેવ તહારતો (પાકીઓ)ના ઘણા પ્રકારો છે કેમ કે ગંદકીઓ તથા નાપાકીઓ ઘણા પ્રકારની છે. શારીરિક પાકી બે પ્રકારની છે. હક્રીક્રી પાકી તથા હુકમી પાકી. હક્રીક્રી પાકી એટલે હક્રીક્રી ગંદકીને એટલે ખરાબીને દૂર કરવી. અને હુકમી પાકી એટલે હુકમી ગંદકી એટલે "હદષ"ને દૂર કરવું. આ પ્રકરણમાં આ જ બે પાકીઓનું વર્ણન છે.

**૧.** આપ સહાબી છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہના કાકા છે. ફારૂક્રી યુગમાં વિસાલ પામ્યા.

**૨.** જાહેર એ છે કે તહૂરથી જાહેરી પાકી તથા ઈમાનથી ઉર્ફી ઈમાન મુરાદ છે. કેમ કે ઈમાન પણ ગુનાહોને મિટાવે છે અને વુઝૂ પણ મિટાવે છે. પરંતુ ઈમાન નાના મોટા સર્વ ગુનાહો મિટાવી દે છે અને વુઝૂ કેવળ નાના ગુનાહોને અયબોથી પાક કરે છે. અને વુઝૂ જાહેરને ગંદકીઓથી પાક કરે છે અને જાહેર એ બાતિનનું જાણે અડધુ છે. અથવા ઈમાન દિલને બુરાઈઓથી પાક અને ખૂબીઓથી સજાવે છે અને તહારત (પાકી) કેવળ શરીરને ગંદકીઓથી પાક કરે

છે જેથી એ અડધુ છે. અને શક્ય છે કે ઈમાનથી મુરાદ નમાઝ હોય. રબ ફર્માવે છે : لِيُضِيعَ اِيمَانَكُمْ મતલબ એ છે કે નમાઝની સર્વ શરતો તહારત (પાકી)ની શરતના બરાબર છે. મતલબ કે હદીષ પર એ વાંધો નથી કે ઈમાન અવિભાજ્ય ચીજ છે પછી તેનું અડધુ તથા ત્રીજો ભાગ કેવો ?!

**૩.** એટલે કે જે શખ્સ દરેક હાલતમાં ''અલ્હમ્દુલિલ્લાહ'' કહ્યા કરે તો કયામતમાં મીઝાને અમલ (ત્રાજવા)નું નેકીનું પલ્લુ એનાથી ભરાઈ જશે અને એક હમ્દ સર્વ ગુનાહો પર ભારી થશે, કેમ કે આ છે આપણુ કામ અને તે છે રબનું નામ !

**૪.** એટલે કે એ બે કલમાઓનો સવાબ જો દુનિયામાં ફેલાવવામાં આવે તો એટલો છે કે એનાથી આખુ જગત ભરાઈ જાય. અથવા મતલબ એ છે કે ''સુબ્હાનલ્લાહ''માં અલ્લાહની બેઅયબીનો ઈક્રાર છે અને ''અલ્હમ્દુલિલ્લાહ''માં તેના સર્વ કમાલોનો ઈઝહાર છે. અને આ બે ચીજો તે છે જેમની દલીલોથી દુનિયા ભરેલી છે કે દરેક રજકણ તથા દરેક ટીપુ રબની તસ્બીહ તથા હમ્દ કરી રહેલ છે.

**૫.** એટલે કે નમાઝ મુસલમાનના દિલની, ચહેરાની, કબ્રની, કયામતની રોશની છે. પુલસિરાત પર સજદાનું નિશાન નાવડીનું કામ આપશે. રબ ફર્માવે છે : وَ نُوْرُهُمْ يَسْعٰى بَيْنَ اَيْدِيْهِمْ અને શક્ય છે કે સલાતથી મુરાદ દુરૂદ શરીફ હોય કે એ પણ દરેક રીતે નૂર છે.

**૬.** મો'મિનના ઈમાનની, કેમ કે મુનાફિક તથા કાફિરને સહીહ ખયરાતની તૌફીક નથી મળતી. અથવા કાલે કયામતમાં સદકો પરવરદિગારની મહોબ્બતની દલીલ અને બખ્શિશનો કફીલ (જામિન) થશે. કેમ કે તેને રબ તઆલાએ ''કર્ઝ''' ફર્માવેલ છે : مَنْ ذَا الَّذِىْ يُقْرِضُ اللّٰهَ યાદ રાખશો કે આ સદકામાં ઝકાત, ફિત્રા વગેરે ફર્ઝી તથા નફલી ખૈરાતો સામેલ છે.

**૭.** સબ્રનો શાબ્દિક અર્થ છે રોકવું, એટલે કે નફ્સને ગુનાહોથી રોકવો. અથવા ઈબાદત પર કાયમ રાખવો, અથવા મુસીબતો પર ગભરાહટથી રોકવું એ દિલનું કે ચહેરાનું નૂર છે. યાદ રાખશો કે નૂર દરેક રોશનીને કહેવામાં આવી શકે છે, સાધારણ હોય કે તીવ્ર હોય. પણ ઝિયાઅ (કિરણ) કેવળ તેજ રોશનીને કહે છે. રબ ફર્માવે છે, اَلشَّمْسُ ضِيَآءً وَالْقَمَرَ نُوْرًا કેમ કે સબ્ર દરેક ઈબાદતમાં જરૂરી છે એટલા માટે નમાઝને નૂર અને તેને ઝિયાઅ્ ફર્માવવામાં આવ્યું. શક્ય છે કે સબ્રથી મુરાદ રોઝો હોય, કેમ કે રોઝો કેવળ અલ્લાહનો છે એટલા માટે ઝિયાઅ્ એટલે જગમગાટ ફર્માવવામાં આવ્યું.

**૮.** કે જો તેં એના પર અમલ કર્યો તો કયામતમાં એ તારો ગવાહ અને તારા ઈમાનની દલીલ બનશે, અને જો એની વિરુદ્ધ અમલ કરતો રહ્યો તો તારી વિરુદ્ધ ગવાહ થશે.

**૯.** એટલે કે દરરોજ સવારના સમયે દરેક શખ્સ પોતાના જીવનની દુકાન ખોલે છે. શ્વાસો ખર્ચીને અમલ કમાય છે. જો સારા અમલોમાં શ્વાસો પસાર થયા તો સોદો નફાનો રહ્યો, નફ્સ જહન્નમથી બચી ગયો. અને જો બુરાં કામો કર્યાં તો સોદો ખોટનો રહ્યો અને નફ્સને હલાક કરી નાખ્યો. નફ્સથી મુરાદ જાન, દિલ તથા શ્વાસો સર્વ કાંઈ મુરાદ થઈ શકે છે. સુબ્હાનલ્લાહ ! એ અફ્સહુલ ફુસ્હા અરબ (ﷺ)ને કુર્બાન જાઉં ! કેટલા સમૃદ્ધ શબ્દો ઈર્શાદ ફર્માવ્યા ! યાદ રાખશો કે આપણા જેવા ગુનેહગારોની જિંદગીની દુકાનો સવારે ખુલીને સૂતી વખતે બંધ થઈ જાય છે, જ્યારે અમુક તે ખુશનસીબ પણ છે કે જેમની દુકાન કદી બંધ નથી થતી અને તેમનું બજાર કદી સૂનુ જ નથી પડતું. સૂવાની હાલતમાં પણ દુકાનદારી કરે છે કેમ કે તેમનું દિલ જાગે છે, બલ્કે વિસાલ પછી પણ એમના મેળા લાગેલા હોય છે.

**૧૦.** એટલે એ વધારો એમાંથી કોઈ કિતાબમાં ન મળ્યો તો મસાબીહમાં પણ ન હોવો જોઈતો હતો, કેમ કે પ્રથમ ભાગમાં સહીહૈનની રિવાયતો આવે છે.

**૧૧.** ખતાઓથી મુરાદ સગીરા ગુનાહો છે ન કબીરા, ન બંદાના હક્કો. મહવથી મુરાદ છે બખ્શી

આપવું અથવા નામાએ આમાલથી એવી રીતે મિટાવી દેવું કે તેની નિશાની બાકી ન રહે. દરજાઓથી મુરાદ જન્નતના દરજાઓ છે અથવા દુનિયામાં ઈમાનના દરજા છે.

**૧૨.** એ સવાલ તથા જવાબ એટલા માટે છે કે જેથી આગલુ ફર્માન ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે, નહીં તો હુઝૂર ﷺની તબ્લીગ તેમની અર્ઝ પર આધારિત નથી.

**૧૩.** પૂરું કરવાથી વુઝૂના અંગો સંપૂર્ણપણે ધોવાં અને ત્રણવાર ધોવાં, અને વુઝૂની સુન્નતોને પૂર્ણ કરવી છે. તકલીફથી મુરાદ ઠંડી કે બીમારી અથવા પાણીનો વપરાશ અસહ્ય હોય એવો સમય છે. એટલે કે જ્યારે મુકમ્મલ વુઝૂ કરવું અઘરું પડે તેમ હોય.

**૧૪.** અથવા એટલા માટે કે ઘર મસ્જિદથી દૂર હોય અથવા પગલાં નજીક નજીક મૂકે. મતલબ એ છે કે દરેક વખતે નમાઝ મસ્જિદમાં પઢવી, નમાઝ સિવાય વઅઝ વગેરેના માટે પણ મસ્જિદમાં હાજરી આપવી સવાબનો સબબ છે. એનો એ મતલબ નથી કે વિના કારણે નજીકની મસ્જિદ છોડીને દૂર જઈને નમાઝ પઢે.

**૧૫.** એટલે કે એક સમયની નમાઝ પઢીને બીજા સમયની નમાઝ માટે રાહ જોતો રહેતો હોય, ચાહે મસ્જિદમાં બેસીને અથવા એ રીતે કે શરીર ઘરમાં, દુકાનમાં હોય અને કાન અઝાનની તરફ અને દિલ મસ્જિદમાં લાગેલું હોય.

**૧૬.** ''રુબાત''નો શાબ્દિક અર્થ છે ઘોડો પાલવવો. શરીઅતની બોલી (ઈસ્તેલાહ)માં જેહાદની તૈયારી અથવા ઈસ્લામની સરહદ પર રહીને કાફિરોના મુકાબલામાં જામેલા રહેવું રુબાત છે. રુબાત મહાન ઈબાદત છે. રબ ફર્માવે છે : وَصَابِرُوْا وَرَابِطُوْا હદીષનો મતલબ એ છે કે દુશ્મનના મુકાબલામાં મોરચા સંભાળવા જાહેરી રુબાત છે અને ઉપરોક્ત હદીષમાં વર્ણવેલ અમલો એ બાતિની રુબાત એટલે શૈતાનના વસવસાઓના મુકાબલામાં ઈમાનની હદોની હિફાઝત કરવી.

**૧૭.** અહીં સારા વુઝૂથી સુન્નતો તથા મુસ્તહબોની સાથે વુઝૂ કરવું છે, અને ખતાઓથી સગીરા ગુનાહો. કેમ કે કબીરા ગુનાહ તૌબા વિના તથા હુકૂકુલ એબાદ (બંદાના હક્કો) જે તે બંદાના થકી હક્કની માફી વિના માફ નથી થતા. એટલે કે જે શખ્સ સારુ વુઝૂ કર્યા કરે તો તેનાં સર્વ અંગોના ગુનાહ તે પાણીની સાથે નીકળી જાય છે.

**નોંધ** : આપણા ગુનહગારોના વુઝૂનું ધોવણ માએ મુસ્તઅમલ (વપરાયેલ પાણી) છે જેનાથી ફરીવાર વુઝૂ નથી થઈ શકતું અને એને પીવું મકરૂહ છે, કેમ કે એ આપણા ગુનાહોને લઈને નીકળી જાય છે, પણ હુઝૂર ﷺના વુઝૂનું ધોવાણ બલ્કે મુબારક પગોનું ધોવાણ મોતબર્રક છે, કેમ કે તે પવિત્ર અંગોમાંથી નૂર લઈને નીકળે છે. આપણુ ધોવણ ઘણી બધી બીમારીઓ ખાસ કરીનીને વાઈ (વાયુ)ની ખેંચની બીમારી પેદા કરે છે જ્યારે હુઝૂર ﷺનું ધોવણ બીમારીઓ દૂર કરે છે. રબ ફર્માવે છે : اُرْكُضْ بِرِجْلِكَ هٰذَا مُغْتَسَلٌ بَارِدٌ وَّشَرَابٌ આબે ઝમઝમ હઝરત ઈસ્માઈલના પગોનું જાણે ધોવણ છે, જેમાં આપણા હુઝૂર ﷺએ કોગળો કરેલ છે, તે આપણા સૌના માટે શિફા છે.

## ★ મહબ્બતે રસૂલ ﷺ તે આનુ નામ ! ★

**હુઝૂર ﷺ ના પછી દુનિયા જોવા લાયક ન રહી !** : કહે છે કે જ્યારે હુઝૂર ﷺ ની વફાતની ખબર આપના મોઅઝ્ઝિન અબ્દુલ્લાહ બિન ઝયદ અન્સારી رضی اللہ عنہએ સાંભળી તો એટલા પ્રમાણમાં ગમગીન થયા કે આંધળા થવાની દુઆ માંગવા લાગ્યા કે મારા આકા વગર આ દુનિયા મારા માટે જોવા લાયક ન રહી ! આપ એ જ સમયે આંધળા થઈ ગયા ! લોકોએ કહ્યું, તમે આવી દુઆ કેમ માંગી ? ફર્માવ્યું, જોવાનો સ્વાદ તો આંખોમાં છે પણ સરકારના પછી હવે મારી આંખો કોઈને જોવાનો શોખ જ નથી રાખતી.
*(શવાહેદુન્નબુવ્વત, પેજ નં.૧૮૯)*

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**પાટ વો કુછ ધાર યે કુછ ઝાર હમ**
**યા ઈલાહી ક્યૂં કર ઉતરેં પાર હમ**

*(પાટ = દરિયાની પહોળાઈ, ધાર = પાણીનો જોશ, ઝાર = કમજોર)*

**અર્થ :** હે અલ્લાહ ! દરિયાની પહોળાઈ ઘણી છે, પાણી પણ જોશપૂર્વક વહી રહ્યું છે, અમે કમજોર લોકો કેવી રીતે પાર થઈ શકીશું ?! મૌલા ! તારી મદદની જરૂરત છે. દુનિયા અને આખેરતના વળાંકો ઘણા કઠિન છે. અમારા જેવા કમજોર લોકો એ રસ્તાને કેવી રીતે પાર કરી શકશે ? હે મારા રબ ! તું સલામતી સાથે ગુજારી દે.

**કિસ બલા કી મય સે હૈં સરશાર હમ**
**દિન ઢલા હોતે નહીં હુશ્યાર હમ**

*(બલા = મુસીબત, મય = દારૂ, સરશાર = મસ્ત, દિન ઢલા = સૂરજ ડૂબી ગયો, હુશ્યાર = બાહોશ, ખબરદાર)*

**અર્થ :** અમે આ જીવનની શરાબના નશામાં કેવા મસ્ત થઈ ગયા છીએ કે જીવનનો સૂરજ ડૂબી રહ્યો છે, જવાની ખતમ થઈ પરંતું હજુ ગાફિલ છીએ.

**તુમ કરમ સે મુશ્તરી હર ઐબ કે**
**જિન્સે ના મક્બૂલે હર બાઝાર હમ**

*(કરમ = સખાવત, મુશ્તરી = ખરીદાર, ઐબ = ખામી, જિન્સ = વસ્તુ, ના મક્બૂલ = જેને કોઈ કુબૂલ ન કરે)*

**અર્થ :** યા રસૂલલ્લાહ ﷺ ! આપ તો મહાન સખી છો કે દરેક ખામીવાળો સામાન પણ ખરીદી લો છો, એટલે કે દરેક ગુનેહગારને અપનાવી લો છો, જેમ કે આપે ફર્માવ્યું, મારી શફાઅત મારી ઉમ્મતના મોટા ગુનેહગાર માટે છે. આપે મહેરબાની ફર્માવીને અમોને ગુલામીમાં દાખલ કરી લીધા, નહીં તો અમે તો એવો સામાન છીએ જેને લેવા કોઈ તૈયાર નથી.

*જબ તલક બીકે ન થે કોઈ પૂછતા ન થા,*
*તુમને ખરીદ કર હમેં અનમોલ કર દિયા*

**દુશ્મનોં કી આંખ મેં ભી ફૂલ તુમ**
**દોસ્તોં કી ભી નઝર મેં ખાર હમ**

**અર્થ :** હે રહમતવાળા આકા ! ﷺ તમે એટલા સદગુણવાળા છો કે શત્રુઓની નજરમાં પણ ફૂલ જેવા છો કે દુશ્મનો પણ આપને સાદિક (સાચો) તથા અમીન (અમાનતદાર) કહે છે અને માને છે, અને બીજી બાજુ અમારી હાલત એવી છે કે દોસ્તોની નજરમાં પણ અમે કાંટા જેવા ખૂંચીએ છીએ, અમને કોઈ પસંદ નથી કરતો.

**લગ્ઝિશે પા કા સહારા એક તુમ**
**ગિરનેવાલે લાખોં નાહંજાર હમ**

*(લગ્ઝિશે પા = પગ લપસી જવું, ના હંજાર = બેકાર, નાલાયક)*

**અર્થ :** અમે લાખો બેકાર લોકો શૈતાન અને નફસાનિયતના બેહકામાં આવી કદમ કદમ પર લપસી રહ્યા છીએ અને હજુ મોટી લપસવાની જગ્યા કબ્ર તથા હશ્ર આવી રહી છે. અય બેકસોને થામનાર પ્યારા નબી ! આપ ﷺના સિવાય અમારો કોઈ સહારો નથી, અમને લપસવાથી બચાવી લો.

**સદકા અપને બાઝૂઓં કા અલ મદદ**
**કૈસે તોડેં યે બુતે પિન્દાર હમ**

*(સદકા = ખૈરાત, બાઝૂઓં = હાથ, કોણીથી ખભા સુધીનો ભાગ, અલ મદદ = મદદ ફર્માવો, તોડેં = તોડીએ, બુત = મૂર્તિ, પિન્દાર = ઘમંડ)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ અમે ઘમંડના પૂતળાને કેવી રીતે તોડીએ ?! આપના તાકતવર બાઝૂઓનો સદકો અતા કરો અને આ બુતને તોડી ટુકડા ટુકડા કરી નાખો. આપણા નબીએ પાક ﷺને ૪૦ નબીઓની તાકાત આપવામાં આવી અને દરેક નબીને ૧૦૦ જન્નતીઓની બરાબર તાકાત આપવામાં આવી અને એક જન્નતીમાં દુનિયાના ૪૦ મર્દોની તાકત હોય છે જેથી હુઝૂર મહા બળવાન છે.

**દમ કદમ કી ખૈર અય જાને મસીહ**
**દર પે લાએ હૈં દિલે બીમાર હમ**

*(દમ કદમ = પ્રાણ, જીવન, જાને મસીહ = મુર્દાઓને ઝિંદા કરનાર હઝરત મસીહ ઈસા علیہ السلامની જાન પ્યારા નબી, દર = ચોખટ)*

**અર્થ** : હે પ્યારા આકા ! ﷺ અમે ગુનાહોથી બીમાર દિલ લઈને આપની બારગાહમાં આવ્યા છીએ, અમારા દિલને જીવનની ખૈરાત આપો, આપ તો હઝરત મસીહની પણ જાન છો.

**અપની રહમત કી તરફ દેખેં હુઝૂર**
**જાનતે હૈં જૈસે હૈં બદકાર હમ**

**અર્થ** : યા હઝરત સરાપા રહમત ! ﷺ અલ્લાહ પાકે આપને રહમતુલ લિલ આલમીન બનાવ્યા છે, આપ પોતાની રહમત તરફ નજર ફર્માવો. અમારા ગુનાહો અને ના ફર્માનીઓ તરફ ન જુઓ. અમે જાણીએ છીએ કે અમે કેટલા ગુનેહગાર અને પાપી છીએ આપ રહમત ફર્માવી અમને માફ કરી દો.

**અપને મેહમાનોં કા સદકા એક બુંદ**
**મર મિટે પ્યાસે ઈધર સરકાર હમ**

**અર્થ** : હુઝૂર ! ﷺ આપ તો મહાન મહેમાન નવાઝ છો, આપના જેવો મેહમાની કરનાર ન કોઈ થયો છે ન થશે. આપના ગુલામો અહીંયા પ્યાસા મરી રહ્યા છે. આપના મેહમાનોના સદકામાં રહમતની એક બુંદ (ટીપુ) અપને અતા ફર્માવી દો.

**અપને કૂચા સે નિકાલા તો ન દો**
**હૈં તો હદ ભર કે ખુદાઈ ખ્વાર હમ**

*(કુચા = ગલી, નિકાલા = કાઢી મૂકવું, હદ ભર = હદથી વધારે, ખુદાઈ ખ્વાર = રુસ્વા)*

**અર્થ** : હુઝૂર ! આપની પ્યારી ગલીઓથી કાઢી ન મૂકો, અમે માનીએ છીએ કે નાફર્માની અને ગુનાહોના કારણે હું રુસ્વા અને ઝલીલ છું પરંતું આપ રહમતુલ્ લિલ્ આલમીન છો.

**હાથ ઉઠા કર એક ટુકળા અય કરીમ**
**હૈં સખી કે માલમેં હકદાર હમ**

**અર્થ** : હુઝૂર ! કુર્આને પાકમાં છે : અને તેમના માલમાં હક છે તેના માટે જે માંગે અને ન માંગે. (પારા–૨૯) માંગનારાઓને ન ધમકાવો. (પારા–૩૦) હુઝૂર ! આપની સખાવતના અમે પણ હકદાર છીએ કારણ કે અમે આપની બારગાહના ગદા અને ફકીર છીએ, એક ટુકડો આપની સખાવતનો હાથ ઉઠાવીને અતા ફર્માવી દો તો અમે માલદાર થઈ જઈશું.

**ચાંદની ચટકી હૈ ઉનકે નૂર કી**
**આઓ દેખેં સૈરે તૂરો નાર હમ**

*(ચાંદની = ચંદ્રનું પ્રકાશ, છટકી = ફેલાઈ ગઈ, સૈર = પ્રવાસ, તૂર = એક મશ્હૂર પહાડ જ્યાંથી હઝરત મૂસા علیہ السلامએ ખુદાથી કલામ કર્યું, નાર = આગ)*

**અર્થ** : હુઝૂર પુરનૂર ﷺના નૂરની રોશની ફેલાઈ રહી છે, ચાલો કોહેતૂર પર આગનો નઝારો જોઈએ, નબીએ પાક ﷺ ખુદાના નૂરથી બનાવવામાં આવ્યા છે જે હદીષોથી સાબિત છે. હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ તેની દલીલ આપી હઝરત મૂસા علیہ السلامના એક વાકિયા તરફ ઈશારો ફર્માવ્યો છે.

કુર્આને પાકમાં પારા ૧૬–સૂરએ તાહા, આયત–૧૦, પારા ૧૯–સૂરએ નમ્લ, આયત–૭ અને પારા ૨૦–સૂરએ કસસ, આયત–૨૯માં મૂસા علیہ السلام વિશે એક વાકિયો બયાન થયેલ છે જેનો ખુલાસો સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે.

હઝરત મૂસા علیہ السلام ખુદાના હુકમથી હઝરત શોએબ علیہ السلامની ઈજાઝત લઈ પોતાની પત્ની સાથે મદયનથી મિસ્ર તરફ રવાના થયા. ઠંડીની ઋતુ હતી, હિમવર્ષા પણ થઈ રહી હતી, એવામાં હઝરત મૂસા علیہ السلامની બીબી સાહેબાને ડિલિવરીનું દર્દ શરૂ થયું,

એવામાં મૂસા علیہ السلامને આગ નજર આવી. આપે બીબી સાહેબાને કહ્યું, હું આગ લઈને આવું છું જેથી તાપણુ કરી શકાય. આપે નજીક જઈને જોયું તો માલૂમ પડયું કે તે એક નૂરાની ઝાડ છે જે પ્રકાશિત છે, આપ જેટલા તેની પાસે જતા તેટલુ તે દૂર થઈ જતું, પછી નિદા આવી, હે મૂસા ! હું તારો રબ છું. અને પછી અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને કલામથી શર્ફયાબ ફર્માવ્યા. અસલમાં આગ નહીં કોહેતૂર પર ખુદાનું નૂર હતું. આ'લા હઝરત આ શેઅરમાં તે વાકિઆને હુઝૂર ﷺ તરફ સંબંધિત કરે છે કે હુઝૂર ﷺ જે નૂરે ખુદા છે અને આપના નૂરની રોશની ફેલાઈ છે, ચાલો કોહેતૂર અને આગવાળા વાકિયાનું પુનરાવર્તન કરીએ.

**હિંમત અય ઝોઅફ ઉનકે દર પે ગિર કે હોં**
**બે તકલ્લુફ સાયએ દીવાર હમ**

*(હિમ્મત = હોસલો, તાકત, બેતકલ્લુફ = બેધડક, સાયએ દીવાર = દીવારનો પડછાયો)*

**અર્થ** : હે ગુલામે મુસ્તફા ! હુઝૂર ﷺની બારગાહમાં પડી રહેવાથી જ હિંમત મળે છે. દીવારના સાયાની જેમ આપની બારગાહમાં નચિંત પડી રહો કે બંનેવ જહાનની ભલાઈઓ આપના દરથી મળે છે.

**બા અતા તુમ, શાહ તુમ, મુખ્તાર તુમ**
**બેનવા હમ ઝાર હમ નાચાર હમ**

*(બાઅતા = સખાવતવાળા, શાહ = બાદશાહ, મુખ્તાર = સ્વતંત્ર, ઈખ્તિયારવાળા, બેનવા = ફકીર, નાચાર = મજબૂર)*

**અર્થ** : હે હબીબે ખુદા ! ﷺ આપ સખાવતવાળા, ઈખ્તિયારવાળા અને બાદશાહ છો અને અમે ફકીર, કમજોર અને મજબૂર છીએ, આપ અમારી મદદ ફર્માવો. આ વિષય પર વધારે જાણકારી માટે આ'લા હઝરત رضی اللہ عنہની કિતાબ "અલ્ અમ્નુ વલ ઉલા"નો અભ્યાસ કરો

**તુમને તો લાખોં કી જાનેં ફેર દીં**
**ઐસા કિતના રખતે હૈં આઝાર હમ**

*(જાનેં = પ્રાણો, ફેર = લોટાવી દીધી, આઝાર = દુઃખ)*

**અર્થ** : હે જાને મસીહ ! આપે તો લાખો લોકોને જીવન અર્પણ કર્યું છે, અમને પણ એવાં કેટલાંક દુઃખો સતાવી રહ્યાં છે, આપ કરમ ફર્માવો અને અમારા દુઃખને દૂર ફર્માવી દો.

હુઝૂરે પાક ﷺએ મુડદાઓને જાન આપી દીધી. દા.ત. હઝરત જાબિર رضی اللہ عنہના બે બાળ કોને જીવંત કર્યા. *(શિફા શરીફ)* બલ્કે હુઝૂર ﷺએ પથ્થરો, કાંકરીઓ, વૃક્ષો, થાંભલાઓ વગેરેને પણ જાન આપી જે હદીષોથી સાબિત છે. હુઝૂર ﷺના સદકામાં આપની ઉમ્મતના વલીઓએ પણ મુડદાંઓને જીવંત કર્યા છે. (જુઓ બેહજતુલ અસ્રાર, અન્ફાસુલ આરિફીન, ઝુબ્દતુલ અસ્રાર અને અશ્રફઅલી થાનવીની કિતાબ, જમાલે ઔલિયા)

(વધુ આવતા અંકે......)

પેજ નં. ૦૨ નું ચાલુ...


ડૂબેલા આપના અશ્આર સમજમાં આવે કે ન આવે સાંભળીને દિલ હુઝૂર ﷺના ઈશ્કમાં મચલવા લાગે છે ! એમનો ઈશ્ક હકીકી હતો. ફર્ઝો તથા વાજિબો જ નહીં પરંતુ સુન્નતો તથા મુસ્તહબોના પણ પાબંદ હતા. આપે કદી પણ નફ્સની ગુલામી નથી કરી પણ હમેશાં સુન્નતે રસૂલ ﷺને ધ્યાનમાં રાખી. એના જ મુજબ પોતાની જિંદગીની પળોને ગુજારી. નફ્સ કેટલો મોટો દુશ્મન છે ? નફ્સની તબાહકારીઓથી ચેતવતાં જાતે જ પોતાના એક શેઅરમાં ફર્માવે છે :–

***"રઝા" નફ્સ દુશ્મન હૈ દમ મેં ન આના***
***કહાં તુમને દેખે હૈં ચંદરાને વાલે***

રસૂલ ﷺના ગુલામો નફ્સ જેવા દુશ્મનના બહેકાવામાં નથી આવતા, બલ્કે એનાથી હોશિયાર રહે છે, એનો વિરોધ કરતા રહે છે. આજે આ'લા હઝરતની સીરતના આ ઉજ્જવળ ચમકતા પાસાને નજરમાં રાખી આપણે પણ દુનિયાની મહોબ્બત અને નફ્સની ગુલામીને છોડી દઈએ તો કામયાબી આપણા કદમ ચૂમશે. (ઈન્શા અલ્લાહ !)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૩)*

દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *(મજલિસ : ૫)*

*(દલીલુલ આરિફીન : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ ખાનએ કાબાને જોવું ઈબાદત ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે ચોથો મર્તબો ખાનએ કાબાને જોવાનો છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે જે શખ્સ ખાનએ કાબાની ઝિયારત કરશે તે ઈબાદતમાં ગણાશે. તેની ઝિયારતથી (જોવાથી) **હજાર વરસની ઈબાદત તથા હજનો સવાબ** તેના આમાલનામામાં લખવામાં આવશે અને **વલીઓનો દરજ્જો** તેને નસીબ થશે.

### ★ પીરની ખિદમતનો બદલો ★

ત્યારબાદ ફર્માવ્યું કે પાંચમો દરજ્જો પોતાના પીરને જોવાનો છે અને તેની ખિદમત કરવું છે. મેં 'મઅરિફતુલ મુરીદીન'માં લખેલુ જોયું છે કે શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે શખ્સ પોતાના પીરની હક્ક પ્રમાણેની સંપૂર્ણપણે ખિદમત એક દિવસ અંજામ આપે તેને અલ્લાહ તઆલા હજાર મહેલ અતા કરશે અને હજાર વરસની ઈબાદતનો સવાબ તેના આમાલનામામાં લખવામાં આવશે. *(પણ પીર શરીઅતનો પાબંદ શરત મુજબનો હોવો જોઈએ. માલ તથા મુરીદો વધારવાના લાલચુ આજકાલના કેટલાક બનાવટી શરીઅત પર ન ચાલનારા તથા સુલેહકુલ્લી બની બેઠેલા પીરો જેવો ન હોય. –તંત્રી)*

ત્યારબાદ ફર્માવ્યું, મુરીદને લાઝિમ છે કે જે કાંઈ પીરની જીભેથી સાંભળે તેના પર ઘણી જ કોશિશ થકી અમલ કરે અને પીરની ખિદમત કરતો રહે અને ખિદમતમાં હાજર રહે. જો સતત ખિદમત ન કરી શકે તો કમસે કમ એ વાતની જરૂર કોશિશ કરે.

ત્યારબાદ એ પ્રસંગને અનુરૂપ હિકાયત વર્ણવી કે એકવાર કોઈ ઝાહિદે સો વરસ ખુદાની એ રીતે ઈબાદત કરી કે દિવસે રોઝો રાખતો અને રાત્રે કયામ કરતો. કોઈ પળે યાદે ઈલાહીથી ગાફિલ ન રહેતો. જે એની પાસે આવતો તેને નસીહત કરતો. આવતા જતાને કહેતો કે કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે: وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ હે બંદાઓ ! તમને ઈબાદત માટે પેદા કર્યા છે, ન ખાવા તથા પીવા અને ગાફેલ રહેવા માટે. તો હે મુસલમાનો ! આપણા પર વાજિબ છે કે કોઈ કામમાં મશ્ગૂલ ન થઈ જઈએ પણ ઈબાદત તથા અલ્લાહની આજ્ઞાના પાલનમાં રહીએ. જયારે ઝાહિદ મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોઈને પૂછયું કે તારી સાથે કેવો વહેવાર થયો ? તો કહ્યું, મને બખ્શી દેવામાં આવ્યો. પૂછયું, કયા અમલના બદલામાં ? જવાબ આપ્યો, હું રાત દિવસ જાગતો રહેતો અને કોઈ સમયે આરામ ન કરતો, પરંતુ એ અમલ ખુદાએ પસંદ ન કર્યો બલ્કે મારી બખ્શિશનો સબબ એ હતો કે હું મારા પીરની ખિદમત કર્યા કરતો હતો એટલા માટે હુકમ થયો કે તેં તારા પીરની ખિદમતમાં ઉણપ નથી વર્તી એટલા માટે તને બખ્શી દેવામાં આવ્યો.

ત્યારબાદ ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે કયામતના દિવસે સિદ્દીક, અવલિયા તથા મશાઈખ વગેરેને એવી હાલતમાં મોકલશે કે તેમના ખભાઓ પર ગોદડીઓ હશે અને દરેક ગોદડીમાં

લાખો દોરા હશે. તેમના મુરીદો તથા ફરઝંદો આવીને એ દોરાઓ સાથે લટકી જશે અને એક એક દોરો મજબૂતીથી પકડશે. જ્યારે ખુદાની મખ્લૂક હિસાબ કિતાબથી પરવારી જશે તો અલ્લાહ તઆલા તેમને શક્તિ અતા કરશે અને તેઓ પુલસિરાતની નજીક પહોંચી જશે. એ ગોદડીના વસીલાથી મુરીદો તથા ફરઝંદો ત્રીસ હજાર વરસનો માર્ગ તથા કયામતના અઝાબોથી આસાનીપૂર્વક પસાર થઈને જન્નતમાં પહોંચી જશે, મજાલ નથી કે તેમને કોઈ તકલીફ પડે ! જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ વર્ણન કરી ચૂક્યા તો હાજરજનો તથા તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

(મજલિસ : ૬)

**★ ખુદાની કુદરત વિશે ચર્ચા ★**

જુમેરાતે કદમબોસીની દૌલત નસીબ થઈ એ વખતે અલ્લાહ તઆલાની કુદરતના બારામાં વાત શરૂ થઈ. શયખ બુરહાનુદ્દીન ચિશ્તી તથા શયખ મુહમ્મદ સફા હાની અને દરવેશ પોતે બગદાદની જામા મસ્જિદમાં ખિદમતમાં હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ પોતાની કુદરતે કામિલા થકી એવી ચીજો પેદા કરી છે કે જો માણસ વિચારણા કરે તો એક પળમાં દીવાનો થઈ જાય.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ આરઝૂ કરી કે અસ્હાબે કહફને જુએ. હુકમ થયો કે મેં કહી આપ્યું છે કે તું દુનિયામાં તેમને નહીં જોઈ શકે, અલ્બત્ત આખેરતમાં જોઈશ. જો તેમને પોતાના દીનમાં લાવવા ચાહે છે તો હું લાવી શકુ છું. ત્યારબાદ ફર્માવ્યું કે તમારા સાથીઓને આ ગોદડી પર બેસાડો. ગોદડી યારોને લઈને અસ્હાબે કહફની ગુફાના દરવાજા પર પહોંચી યારોએ અસ્હાબે કહફને સલામ કરી. અલ્લાહ તઆલાએ તેમને જીવંત કર્યા અને તેમણે સલામનો જવાબ કહ્યો. પછી યારોએ દીને નબવી તેમને પેશ કર્યો જે તેમણે કબૂલ કર્યો.

**★ આ છે ખુદાએ આપેલ કુદરતનો કમાલ ! ★**

પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે કઈ ચીજ છે જે અલ્લાહ તઆલાની કુદરતમાં નથી ! માણસે જોઈએ કે તેના હુકમોના પાલનમાં ઉણપ ન વર્તે પછી જે કાંઈ ચાહશે મળશે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે એકવાર હું મારા ખ્વાજા શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો તેમજ અન્ય દરવેશ પણ બેઠેલા હતા, અને વાત મુતકદ્દેમીન (આગલા બુઝુર્ગો)ના મુજાહિદાઓના બારામાં થઈ રહી હતી. એટલામાં એક વૃધ્ધ અતિ કમજોર હાથમાં લાકડી પકડીને આવ્યો અને સલામ કરી. સલામનો જવાબ આપીને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ ખૂબ જ ઉષ્માભેર ઉઠીને પોતાની પાસે જગા આપી. એ વૃધ્ધે જણાવ્યું કે ત્રીસ વરસથી મારો પુત્ર મારાથી વિખૂટો થઈ ગયો છે તેના વિરહના ગમમાં મારી આ હાલત થઈ ગઈ છે. મને તેના મરવા જીવવાની કોઈ માહિતી નથી. હવે હું ખ્વાજા સાહબ (ઉષ્માન હારૂની)ની ખિદમતમાં આવ્યો છું કે મારા પુત્રના સહીસલામત આવવાની દુઆ કરે. શયખ સાહબે આ સાંભળતાં જ મુરાકેબો કર્યો પછી માથુ ઉઠાવીને હાજરજનોને ફર્માવ્યું કે દુઆ કરો છોકરો સહી સલામત આવી જાય. જ્યારે દુઆ ખત્મ કરી તો ફર્માવ્યું, હે વૃધ્ધ ! પુત્રને મારી પાસે લઈ આવજે ! આ સાંભળીને વૃધ્ધ સલામ કરીને રવાના થયો અને રસ્તામાં તેને પુત્રના પરત થવાની મુબારકબાદી મળી કે તારો પુત્ર ઘરે આવી ગયો છે. ઘરે જઈને પુત્રને જોયો અને મુલાકાત કરી. વૃધ્ધની કમજોર આંખો પુત્રને જોઈને રોશન થઈ ગઈ. વળતે પગલે પુત્રને ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં લાવ્યો અને કદમબોસી કરાવી. ખ્વાજા ઉષ્માન હારૂની સાહબે પુત્રને પાસે બોલાવીને પૂછયું કે તું ક્યાં હતો ? બરાબર સમુદ્રની વચ્ચે શૈતાનોની કૈદમાં હતો. આજે પણ એ જ સ્થળે બેઠો હતો એવામાં એક દરવેશ જે આપના હમશકલ હતા તેમણે આવીને સાંકળ તોડી નાખી અને મારી ગરદન મજબૂત પકડીને મને ફર્માવ્યું કે મારા પગો પર પગ રાખ ! અને આંખો બંધ કર. પછી ફર્માવ્યું કે, આંખો ખોલ ! જ્યારે મેં આંખો ખોલી તો પોતાને ઘરના દરવાજા પર પામ્યો. આટલી વાત કહીને આગળ કાંઈ કહેવા વધુ પેજ નં. ૩૩....પર

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

## ★ દેવબંદીઓની બેવડી શરીઅતનો અજબનો તમાશો ★

કિતાબ નામે ''કરામતે ઈમ્દાદિયહ્''માં એક વિચિત્ર અને આશ્ચર્યજનક કિસ્સો લખાયેલો છે. દેવબંદી પેશ્વાઓના પીર હાજી ઈમ્દાદુલ્લાહના ખાસ મુરીદ મોલ્વી ઈસ્માઈલ હતા, તેમણે પોતાના ભાઈના મુખેથી સાંભળેલુ એક બયાન નક઼લ કરેલ છે, તેને વાંચી લો :–

*''મેં મારા મોટાભાઈ હાજી અબ્દુલ હમીદ સાહબથી સાંભળ્યું છે કે, એક વખતે મોલ્વી મુહીયુદ્દીન ફર્માવતા હતા કે, જો કે હઝરત (હાજી સાહબ) લાંબા સમયથી વૃદ્ધાવસ્થાને કારણે હજ્જ માટે જઈ શકતા ન હતા, અમે અમારા એક મિત્રને કહ્યું, આજે હજ્જનો ખાસ દિવસ છે, હવે જોવું જોઈએ કે હઝરત (હાજી સાહબ) ક્યાં છે ? તેમણે આમ કહીને મુરાકેબહમાં જોઈ લીધું કે, હઝરત (હાજી સાહબ) ''અરફાત''ના પહાડની નીચે પધારેલ છે, અમોએ ત્યાર પછી તેમને પૂછયું કે, ''આપ યૌમે અરફાત (હજ્જના દિવસે) ક્યાં હતા ? આપ તો ફલાણી જગ્યાએ હતા ! તે સાંભળીને હઝરતે ફર્માવ્યું કે, યા અલ્લાહ ! મને લોકો ક્યાંય છુપો રહેવા દેશે નહીં !'' (કરામાતે ઈમ્દાદિયહ્, પેજ : ૨૦)*

એ તો કહી શકાય નહીં કે, હઝરત હાજી સાહબે જૂઠુ કહી દીધું હશે કે, તેઓ પોતાને ઘરે હતા, એટલે તેમને જૂઠા આરોપથી બચાવવાને માટે એ માનવું પડશે કે તે દિવસે (હજ્જના દિવસે) ખરેખર પોતાને ઘરે હતા અને જબલે અરફાતની નીચે પણ હતા.

પરંતુ પોતાના શયખના હક્ક઼માં દીવાનગીની આ શક્તિ યાદ રાખવાને પાત્ર છે કે, એક જ વજૂદ એક જ શરીર અને બે અલગ અલગ સ્થળે હોવાની કલ્પનાને તેમની બુદ્ધિએ સ્વીકાર કરી લીધો અને તેમ છતાં શરીઅતના અટલ ક઼ાનૂનનો કોઈ બાધ તેમને નડયો નહીં ! **દાદ આપવી જોઈએ તપાસ કરનારાઓને, જેમણે ઘરે બેઠાં આખી દુનિયાને જોઈ લીધી, અને છેવટે જબલે અરફાતની નીચે પોતાના શયખને શોધી લીધા ! આને કહેવાય ગયબી ઈલ્મની પૂર્ણતા ! જે ખાનક઼ાહે ઈમ્દાદિયહ્ના**

**દુરવેશોને તો હાંસલ છે, પરંતુ દેવબંદી ધર્મમાં સૈયદુલ અંબિયા ﷺને હાંસલ નથી ! કેટલી વિચિત્રતા !**

અને હાજી સાહબનો આ જવાબ કે, **"યા અલ્લાહ ! લોકો ક્યાંય છુપો રહેવા દેશે નહીં !" મુરીદો અને પ્રશંસકોને માટે ગયબદાનીના સબૂત માટે એક ઈલ્હામી દસ્તાવેજથી કમ નથી જ.**

ઈમાનની વજનદાર ગવાહીઓને ગવાહ બનાવીને કહો કે, હક્ક અને બાતિલની રાહોની આ ભેદરેખા મહેસૂસ કરવાને માટે શું હજી પણ કોઈ વધુ નિશાનીની જરૂરત રહે છે ખરી ?! જે ચીજ નબી વલી માટે આપણે માનીએ તેને દેવબંદી શિર્ક કહે છે અને આપણને મુશ્રિક કહે છે અને એ જ વસ્તુ પોતાના પીર માટે માનીને પણ તેઓ મુશ્રિક નથી થતા ?!

## ★ તૌહીદના અકીદા સાથે દેવબંદીઓની ખૂનરેઝ ટક્કર ! ★

નજર ઉપર બોજ ન પડતો હોય તો હાજી સાહબ વિશે એક છેલ્લો બનાવ પણ વાંચી જુઓ, જેમાં ખુલ્લમ ખુલ્લા તૌહીદના અકીદા સાથે ખૂનરેઝ ટક્કર થયેલી છે. એ જ દેવબંદીઓની કિતાબ કરામાતે ઈમ્દાદિયહમાં આ કિસ્સો મૌજૂદ છે. લખે છે કે, હાજી ઈમ્દાદુલ્લાહના એક મુરીદ કોઈ દરિયાઈ જહાઝમાં સફર કરી રહ્યા હતા કે અચાનક દરિયામાં ભયાનક તોફાન શરૂ થઈ ગયું. જહાઝ ટકરાઈ ગયું અને એવી પરિસ્થિતિ થઈ કે, ભયાનક મોજાંઓના વમળમાં જહાઝ ફસાઈને ડૂબી જશે, ત્યાર પછી શું બન્યું તે તેમની ઝબાનથી સાંભળો :–

*"તેમણે જ્યારે જોયું કે હવે ડૂબી મરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, આવી નિઃસહાય હાલતમાં ગભરાઈને તેમણે પોતાના પીર રોશન ઝમીર (હઝરત હાજી સાહેબ) પ્રત્યે ધ્યાન કર્યું. આવા સમયથી બીજો કયો સમય હશે મદદે પહોંચવાનો ! અલ્લાહ પાક જોવા અને સાંભળવાવાળો છે. એ જ વખતે આગબોટ ડૂબવાથી બચી ગઈ અને બધા માણસો પણ બચી ગયા.*

*અહીં તો બનાવ બનવા પામ્યો, ત્યાં બીજે દિવસે મખ્દૂમે જહાં (હાજી સાહબ)એ પોતાના નોકરને કહ્યું કે, જરા મારી કમર દબાવો, ખૂબ જ દર્દ થાય છે. નોકરે કમર દબાવતાં દબાવતાં ઝભ્ભો મુબારક ઉઠાવ્યો અને જોયું તો (હઝરતની) કમર છોલાએલ હતી, કેટલાક ઠેકાણેથી ચામડી છોલાઈ ગઈ હતી. પૂછ્યું કે હઝરત આ શું છે ?! કમર કેવી રીતે છોલાઈ ગઈ ?! તો ફર્માવ્યું કે, કાંઈ જ નથી ! ફરીવાર પૂછ્યું તો આપ ચૂપ રહ્યા, જ્યારે ત્રીજીવાર પૂછ્યું કે, હઝરત આ તો ઘસાઈ ગઈ છે અને આપ તો બીજે ક્યાંય ગયા પણ નથી ! ત્યારે હઝરતે ફર્માવ્યું કે, એક આગબોટ ડૂબી રહી હતી તેમાં એક તમારા દીન અને સિલસિલાના ભાઈ (પીરભાઈ)ના કરૂણતાભર્યા અવાજે મને બેચૈન કરી દીધો અને આગબોટને કમરનો સહારો દઈને ઉપર ઉઠાવી જ્યારે આગળ ચાલ્યો, અને ખુદાના બંદાઓ બચી ગયા, તેથી કમર છોલાઈ ગઈ હશે અને એ જ કારણે દર્દ થાય છે, પરંતુ તમે બીજા કોઈને આ વાત કરશો નહીં !" (કરામાતે ઈમ્દાદિયહ, પેજ : ૨૦)*

**પોતાના શયખની ગયબી શક્તિ અને ખુદાઈ ઈખ્તિયારનું વર્ણન આ શબ્દોમાં કરવામાં આવે છે કે, તેમણે હજારો માઈલ દૂરથી દિલની ઝબાનની ખામોશ ઈલ્તિજાને સાંભળી લીધી, માત્ર સાંભળી લીધી તેવું પણ નથી બલ્કે, તરત જ એ પણ જાણી લીધું કે સમુદ્રની વિશાળતામાં આ અકસ્માત કયા સ્થળે બન્યો છે, એ પણ જાણી લીધું ! એટલું જ નહીં બલ્કે પલવારમાં ત્યાં પહોંચી પણ ગયા અને જહાઝને બહાર કાઢીને પાછા ફરી દેવબંદ આવી ગયા !** હજારો અફસોસ ! રસૂલે કોનૈન ﷺના હક્કમાં શ્રીમાનની માન્યતા શું છે તેને પણ જોઈ લો :–

*કુર્આની આયતોનો મનમાન્યો અર્થ કરતાં લખ્યું છે : આ આયતથી સ્પષ્ટ થયું કે,* ***જે લોકો બુઝુર્ગોને દૂરદૂરથી પુકારે છે અને એમને પુકારીને માત્ર આટલું જ કહે છે કે, યા હઝરત ! આપ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા અમારી હાજત પૂરી કરી દે તો આ પણ શિર્ક ગણાશે.*** *ભલે, તેઓ એમ જ સમજતા હોય કે અમે આમાં શિર્ક જેવું કાંઈ કર્યું નથી. કારણ કે અમે એમની પાસે તો કશું જ માગ્યું નથી,* ***એમની પાસે તો અમે હાજત પૂરી કરાવવા ફક્ત દુઆ જ કરાવી છે. હાજતની દરખાસ્ત તો અમે ખુદાથી જ કરી છે, પણ એમનું આ માનવું બરાબર નથી. કારણ કે પુકારવાને લીધે એમાં શિર્ક ભળી ગયું છે કે બુઝુર્ગો દૂરથી અને નજીકથી પુકારને બરાબર સાંભળી લે છે, એ માન્યતાને કારણે જ તો તેઓ એમને આ રીતે પુકારતા હશે ! હાલાં કે, આ શાન અને સિફ્ત તો માત્ર અલ્લાહ તઆલાની જ છે. મજકૂર આયતમાં અલ્લાહ તઆલાએ ફર્માવી દીધું જ છે કે તેઓ એમની પુકારથી બેખબર છે. કયામત સુધી બૂમાબૂમ કરતા રહે તો પણ તેઓ પુકારનારની પુકારને સાંભળી શક્તા જ નથી.''*** *–(તકવિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૭૩, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

પરંતુ ઉપરોક્ત દેવબંદી કિતાબ ''કરામાતે ઈમ્દાદિયહ્''માં તો માંગવાનું પણ છે અને પોકારવાનું પણ ! એમાં બે શિર્ક એકઠાં થઈ ગયાં છતાં તૌહીદ પર એ શ્રીમાનોની ઈજારદારી જેમની તેમ બાકી રહી છે ! અને આપણે એટલા માટે મુશ્રિક છીએ કે, જે એ'તેકાદને તેઓ (દેવબંદીઓ) પોતાના ઘરના બુઝુર્ગોના હક્કમાં ''જાઈઝ'' રાખે છે, આપણે તેને રસૂલે કૌનૈન, શહીદે કરબલા, ગૌષે જીલાની અને ખ્વાજએ ખ્વાજગાંને ચિશ્તના હક્કમાં અકીદતની સાથે જાઈઝ જાણીએ છીએ !

તસ્વીરની બંને બાજુઓ એક તટસ્થ જજની દૃષ્ટિથી અભ્યાસ કરો, તો એ ચોક્કસ સમજાઈ જશે કે, એ શ્રીમાનોને ત્યાં બે પ્રકારની શરીઅતો ચાલતી આવે છે કે એક અંબિયા અને અવલિયાના હક્કમાં છે તે અને બીજી પોતાના ઘર બુઝુર્ગોની બાબતમાં.

એક જ અકીદા જે પહેલી શરીઅતમાં કુફ્ર છે અને અશક્ય છે એ જ બીજી શરીઅતમાં ઈસ્લામ છે ! ઈમાન છે ! અને બિલકુલ શક્ય છે ! આત્માના અવાજની માંગણીને હવે કાંઈ પણ બાંધછોડ કરવાની લાલચે દબાવી શકાય તેમ નથી જ, કેમ કે બે શરીઅતવાળો મઝહબ હરગિઝ ઈસ્લામ મઝહબ નથી, ખુદાના આખરી પયગંબર ﷺ દ્વારા આપણા સુધી જે ઈસ્લામ પહોંચ્યો છે, તે એક જ શરીઅત છે, જેમાં સુધારા વધારાને લેશમાત્ર અવકાશ નથી, પરંતુ દેવબંદી ધર્મે જે બે શરીઅત ઘડી કાઢી છે એ ઈસ્લામી શરીઅત હરગિઝ કહી શકાય તેમ નથી.

## ★ મૂએ મુબારકની બરકતો ★

મકામે હુદૈબિયહ્માં આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمએ હજામત બનાવીને બધા વાળ એક લીલા ઝાડ પર ફેંકી દીધા. બધા સહાબીઓ એ ઝાડની નીચે ભેગા થઈ ગયા અને એ વાળોને એકબીજા પાસેથી પડાવી લેવા લાગ્યા ! હઝરત ઉમ્મે અમ્મારા કહે છે કે મેં પણ થોડાક વાળ મેળવી લીધા. આપ હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના પછી જ્યારે કોઈ બીમાર થતું તો હું એ મુબારક વાળોને પાણીમાં ડૂબાડીને તે પાણી બીમારને પીવડાવતી તો રબ્બુલ ઈઝ્ઝત એને તંદુરસ્તી આપી દેતો. *(શવાહેદુન્નબુવ્વત–૧૪૮)*

–(કાર્યાલય)

# મીલાદુન્નબી صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ માં ખુશી મનાવવી એ ઈમાનવાળાઓનો તરીકો

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !**

### ★ રબ ફરિશ્તાઓમાં ફખ્ર ફર્માવે છે !! ★

અલ્લાહ તબારક વ તઆલાના એહસાનનો શુક્ર અદા કરવો એ સહાબાએ કિરામની સુન્નત છે. સહીહ મુસ્લિમ શરીફ (કિતાબુઝ્ ઝિક્ર વ દુઆઅ)માં છે : હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત રિસાલત મઆબ ﷺ દૌલતખાનામાંથી પોતાના યારોની મજલિસમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, આ શાની મજલિસ છે ? અર્ઝ કરી, એ વાતની કે ખુદાનો ઝિક્ર કરીએ અને તેની એ નેઅમત પર કે અમને ઈસ્લામની હિદાયત ફર્માવી અને એની સાથે અમારા પર એહસાન કર્યું તેનો શુક્ર અદા કરીએ. ફર્માવ્યું, તમને ખુદાની કસમ ! શું કેવળ આ જ કામની મજલિસ કરી છે ? અર્ઝ કરી, ખુદાની કસમ ! કેવળ એ જ કામની મજલિસ કરી ! ફર્માવ્યું, ખબરદાર થઈ જાવ ! મેં તમારા પર આક્ષેપ કરવા તમારાથી કસમ નથી લીધી બલ્કે થયું એવું કે જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને મને ખબર આપી કે અલ્લાહ તઆલા તમારી સાથે ફરિશ્તાઓ સાથે ફખ્ર ફર્માવે છે." આવો ! હવે જુઓ કુર્આનમાં રબ તઆલા ફર્માવે છે : **لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا** "બેશક ! અલ્લાહનો મહાન એહસાન થયો મુસલમાનો ઉપર કે એમનામાં એમનામાંથી જ એક રસૂલ મોકલ્યા." *(સૂરએ આલિ ઈમરાન, પારા : ૪, રુકૂઅ : ૮, આયત : ૧૬૪)*

વિચારો ! રબ તઆલાએ માનવીને દુનિયાની અસંખ્ય નેઅમતો માલ, દૌલત, સૂરજ, ચાંદ તથા શરીરમાં તંદુરસ્તી, ખૂબસૂરતી, આંખ, કાન...વગેરે આપીને એહસાન કર્યાનું નથી ફર્માવ્યું પણ હુઝૂર ﷺની જાતને મોકલવા પર ફર્માવ્યું, "અલ્લાહે મુસલમાનો પર એહસાન ફર્માવ્યું." સારાંશ કે નબી ﷺની જાત એ સૌથી શ્રેષ્ઠ નેઅમત છે, તો આ શ્રેષ્ઠ નેઅમત મળવા પર ખુદા વ રસૂલના ઝિક્રની મેહફિલ સજાવીએ તો તેની ફઝીલત તો હદીષથી સાબિત છે કે રબ તઆલા એના પર ફરિશ્તાઓમાં ફખ્ર ફર્માવે છે, તો જે દિલના આંધળાઓ એને બિદઅત તથા હરામ કહે છે તેઓ જાતે જ પોતાની ગુમરાહીનું તથા તેમને નબીથી અદાવત હોવાનું એલાન કરી રહ્યા છે કે નહીં ?!

### ★ દુરૂદ પઢતાં મજલિસેથી પાકીઝા ખુશ્બુ ઉઠે છે ★

વળી મીલાદુન્નબી ﷺની મેહફિલમાં ખૂબ જ પ્રમાણમાં દુરૂદે પાક પઢવા પઢાવવામાં આવે છે તો એની ફઝીલતમાં "દલાઈલુલ ખૈરાત શરીફ"માં ફર્માવ્યું, કેટલાક સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી મરવી થયું કે જે મજલિસમાં મુહમ્મદ ﷺ પર દુરૂદ શરીફ પઢવામાં આવે છે એનાથી પાકીઝા ખુશ્બુ ઉઠે છે ત્યાં સુધી કે આસ્માન સુધી પહોંચે છે. ફરિશ્તા કહે છે, આ તે મજલિસ છે જેમાં રસૂલુલ્લાહ ﷺ પર દુરૂદ પઢવામાં આવ્યું." (સુબ્હાનલ્લાહ !)

### ★ નબીઓના વિલાદતનો ઝિક્ર ખુદાની સુન્નત ★

ખૂદ રબ તઆલાએ કુર્આન મજીદમાં હઝરત

મરયમ તથા હઝરત ઈસા તથા હઝરત યહ્યા તથા હઝરત આદમ عَلَيْهِمُ السَّلَام ની વિલાદતે પાકનું વર્ણન કુર્આન મજીદમાં બયાન ફર્માવ્યું છે અને હઝરત મૂસા عليه السلام ની વિલાદત, રઝાઅત, નિકાહ, મો'જિઝાઓ, હિજરત તથા કોહે તૂર પર ખુદાથી હમકલામી અને રિસાલત તથા નબુવ્વતનું હાંસલ થવું, ફિરઔન પાસે જવું તથા અન્ય હાલતની વિગતો પોતાના પવિત્ર કલામમાં ઠેક ઠેકાણે વારંવાર વર્ણન કરી. હવે જે શખ્સ આ આયતોની તફસીર તથા એ વાકયાઓની આયતો પર વઅઝ થશે અને એકબીજાને એ વઅઝમાં બોલાવે અને લોકોને જમા કરવાની કોશિશ કરવામાં આવે, તો એવી મજલિસને બિદઅત તથા ગુમરાહી કહીશું કે હિદાયતની કહીશું ?

સુબ્હાનલ્લાહ ! આગલા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના વિલાદતનું વર્ણન એ ઈબાદત તથા હિદાયત ઠરે અને ખૂદ પરવરદિગાર કુર્આને પાકમાં વર્ણન કરે, અને સૈયદુલ અંબિયા ﷺ ની વિલાદતનું વર્ણન એ જ અંદાઝમાં બિદઅત તથા ગુમરાહી ઠરે ?! (અલ્અયાઝુ બિલ્લાહ !) વાહ ! શું ઈમાન તથા ઈન્સાફ છે ?!

### ★ મીલાદુન્નબી ﷺ વિશે મહાન ઈમામોના કૌલ ★

ઈમામ હાફિઝ ઈબ્ને હજર رحمۃ اللہ علیہ ફર્માવે છે : "એ પણ આપણા હક્કમાં મુસ્તહબ છે કે વિલાદતે નબી ﷺ નો શુક્ર મજમો કરીને ખાવા ખવડાવીને અથવા એના જેમ કુર્બત તથા ખુશી પ્રદર્શિત કરતા અમલો થકી બજાવી લાવીએ." *(અલ્હાવી લિલ્ ફતાવા)*

ઈમામ મુહક્કિક્ હાફિઝ અબૂ ઝરઆ વલીયુદ્દીન ઈરાકી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ખુશીના પ્રસંગે મુસલમાનોને દા'વત આપવી, ખાવા ખવડાવવું દરેક વખતે મુસ્તહબ છે. તો પછી એ સ્થિતિનું શું કહેવું જ્યારે એની સાથે માહે મુબારકમાં નૂરે નબુવ્વતના ઝહૂરની ખુશી મળી જાય...."

ઈમામ કસ્તલાની મવાહિબમાં લખે છે : "જ્યારે જુમ્આના દિવસે આદમ ﷺ ની વિલાદતના સબબે એવી ઘડીથી ખાસ થયું કે જે મુસલમાન એ વખતે કોઈ ભલાઈ માગે તો ખુદા તઆલા તેને આપે છે. તો એ ઘડીનું શું કહેવું જેમાં પયગંબરોના સરદાર પેદા થયા ?! ﷺ"

ઈમામ હાફિઝ અબુલ ખૈર બિન જઝરી અબૂ લહબનો કિસ્સો વર્ણવે છે કે અબૂ લહબે પોતાના ભાઈ હઝરત અબ્દુલ્લાહને ત્યાં ભત્રીજા (મુહમ્મદ ﷺ)ની પેદાઈશની ખુશીમાં પુત્ર જન્મની ખબર આપનાર લોંડીને આઝાદ કરી દીધી હતી. તો મીલાદુન્નબી ﷺ ની રાત્રે તેના અઝાબમાં રબ કમી ફર્માવે છે એવું એણે ખ્વાબમાં દર્શાવ્યું. ત્યાર બાદ ફર્માવે છે, "જ્યારે અબૂ લહબ જેવો કાફિર જેની બુરાઈમાં કુર્આન નાઝિલ થયું તેવો સખત કાફિર જ્યારે નબી ﷺ ની વિલાદત પર ખુશી પ્રદર્શિત કરવામાં મીલાદની રાત્રે અઝાબમાં કમી પામે, તો શો હાલ છે એ મુસલમાનનો, મુહમ્મદ ﷺ ના ઉમ્મતીનો જે હુઝૂર ﷺ ની વિલાદત પર ખુશ થયો અને શક્તિ અનુસાર હુઝૂર ﷺ ની મહોબ્બતમાં પોતાનો માલ ખર્ચ કર્યો ? કસમ છે મારી જિંદગીની કે એનો બદલો ખુદા કરીમથી એ જ છે કે પોતાના ફઝ્લે અમીમથી તેને જન્નાતે નઈમમાં દાખલ ફર્માવે."

ઈમામ કસ્તલાની મવાહિબમાં ઈમામ ઈબ્ને જઝરીથી નકલ કરે છે : "એ શખ્સ પર અલ્લાહ ﷻ ની રહમત થાય જે માહે મુબારક વિલાદતે અક્દસ ﷺ ની રાતોને ઈદ ઠરાવે, જેથી કરીને જેના દિલમાં બીમારી તથા કીનો છે તેના પર સખત તથા ભારે ગુજરે."

### ★ દેવબંદી મોલ્વીઓના પીરો મુર્શિદ મીલાદની મેહફિલમાં ?! ★

દેવબંદી પેશવાઓ થાનવી વગેરેના પીર શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "ફયૂઝુલ હરમૈન"માં લખે છે : "હું એ મજલિસમાં જે મીલાદુન્નબી ﷺ ના દિવસે મક્કા શરીફમાં યોજાયી હતી તેમાં હાજર હતો. લોકો દુરૂદ પઢતા હતા અને હુઝૂરે અક્દસ ﷺ નો ઝિક્રે ખૈર કરતા હતા.

એકાએક મેં કેટલાક અન્વાર જોયા કે એકદમ બુલંદ થયા. હું નથી કહેતો કે મેં એને શરીરની આંખ વડે નથી જોયા, ન એવું કહીશ કે કેવળ રૂહાની નજરથી જોયા છે, ખુદાને જ ખબર છે કે શું કૈફિયત હતી એની ! અને એ દરમ્યાન મેં એ અન્વાર જોયા તો એ અન્વાર તે ફરિશ્તાઓની તરફથી પામ્યા જેઓ આવી મજલિસો પર નિયુક્ત છે, અને અન્વારે મલાઈકાને અન્વારે ઈલાહી સાથે મળેલા જોયા." સારાંશ કે **નજદી વહાબીના જુલ્મથી થયેલા કબજા પહેલાં અરબસ્તાનમાં મક્કા મદીનામાં મીલાદુન્નબી ﷺની મેહફિલો થતી હતી. તેમજ દેવબંદી એને બિદઅત કહેતા હોય તો શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہને પણ બિદઅતી જાહેર કરે !** તેમજ કિતાબ "ઈન્તેબાહ" તથા "દુર્રે ષમીન" વગેરેમાં પોતાના વાલિદ શાહ અબ્દુર્રહીમ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہથી નક્લ કરે છે : "હું મૌલૂદ શરીફના દિવસોમાં નબી ﷺની નિયાઝનું ખાણુ કર્યા કરતો હતો. એક વરસે શેકેલા ચણા સિવાય કાંઈ ઉપલબ્ધ ન હતું તો મેં એ જ લોકોમાં વહેંચી આપ્યા. હુઝૂરે અક્દસ ﷺની ઝિયારતથી મુશર્રફ થયો અને જોયું કે તે ચણા હુઝૂર ﷺની સમક્ષ રાખેલા છે અને હુઝૂર ખુશ છે. ﷺ

આ સિવાય અસંખ્ય બુઝુર્ગો મીલાદુન્નબી ﷺ મનાવતા હતા જેના માટે મહાન બુઝુર્ગોની કિતાબો સાક્ષી છે. અને બુઝુર્ગાને દીનનો માર્ગ જ સીરાતે મુસ્તકીમ છે અને જેની દુઆ દરેક નમાઝમાં આપણે માગીએ છીએ કે :–

اِهۡدِ نَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۝ صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۝ غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَ لَا الضَّآلِّيۡنَ ۝

"અમને સીધા માર્ગે ચલાવ ! એમના માર્ગે જેમના પર તેં ઈનામ ફર્માવ્યું ન એમનો રસ્તો જેમના પર તેં ગઝબ કર્યો તથા ન ગુમરાહોના માર્ગ." *(પારા : ૧, આયત : ૫, ૬, ૭)* તો ઉપર જે વર્ણન થયા તે બુઝુર્ગોના સીધા માર્ગે હોવા વિશે વિરોધીઓને પણ યકીન છે, તો સમજવું જોઈએ કે એમનો માર્ગ એ હતો કે મીલાદુન્નબી ﷺ પર ખુશી મનાવવી, ઝિક્રે નબી ﷺની મેહફિલો કરવી અને દરેક જાઈઝ તરીકાથી મીલાદુન્નબી ﷺમાં ખુશી પ્રદર્શિત કરવી. છતાં જેઓ એ કામોને બિદઅત, હરામ કે ગુમરાહી કહે તો જાહેર છે કે બુઝુર્ગાને દીનના માર્ગને ગુમરાહી કહેનાર ખૂદ અલ્લાહના ગઝબમાં પડનાર અને ગુમરાહ છે. *(કિતાબ : મીલાદો કિયામ, અઝ : હઝરત નક્રી અલીખાં رحمۃ اللہ علیہના આધારે)*

### ★ મીલાદુન્નબી ﷺમાં શું જાઈઝ શું નાજાઈઝ ?! ★

હવે મારા સુન્ની ભાઈઓને એક નમ્ર વિનંતિ સાથે અપીલ છે કે જે તરીકો મીલાદુન્નબી ﷺમાં ખુશી મનાવવાનો ઉપરોક્ત બુઝુર્ગોએ વર્ણવ્યો તેના પર અમલ કરી બરકતો તથા સવાબ અને ખુદા વ રસૂલની ખુશ્નુદી પ્રાપ્ત કરે, જેમ કે ઝિક્રની, દુરૂદની, હુઝૂર ﷺની વિલાદત વિશે, મોજિઝાઓ વિશે વગેરે બયાનની, લોકોને શીરીની કે ખાણુ ખવડાવીને, ગરીબોને બેવાઓ, યતીમોને મદદ કરીને, રોઝા રાખીને, તિલાવત ઈબાદત કરીને ખુશી પ્રદર્શિત કરે, નઅતની સલામની મેહફિલો, જુલૂસો કાઢીને, ઘરો મહોલ્લાઓને રોશની કરી સજાવીને ખુશી પ્રદર્શિત કરે. પણ **જે ચીજો ઈસ્લામમાં સ્પષ્ટ નાજાઈઝ તથા હરામ છે તે કામો કે બેન્ડ બાજા, વાજિંત્રો, ઢોલ, ત્રાંસા ન વગાડે, ગૈરો જેમ ફટાકડા ફોડી કે હવાઈઓ ઉડાડી ફુઝૂલ ખર્ચીનું હરામ કામ ન કરે, નઅત વગેરે સાથે મ્યુઝિક કે ડાન્સ ન રચે કે જે કાફિરો ફાસિકોનો તરીકો છે તેનાથી દૂર રહે, જુલૂસોમાં સ્ત્રીઓની ભેળસેળ ન થવા દે, બલ્કે ઔરતો પર્દામાં રહે અને આવા પવિત્ર જુલૂસમાં શરીઅતના હુકમો પર ચાલીને તેની હુર્મતને જાળવે.** બસ ! અલ્લાહ આપણને જે હેતુ માટે નબી ﷺનું દુનિયામાં આગમન થયું તેના પર એટલે શરીઅતની પાબંદી કરવા તથા શરીઅત પર ચાલવાની અને જીવનની દરેક પળોમાં હરામ કામોથી બચવાની તૌફીક બખ્શે. (આમીન)

# તર્કે તક઼લીદ ઔર ગૈરમુક઼લ્લિદીન કે ઈજતેહાદી મસાઈલ

અઝ : મુહક્કિક઼ે મસાઈલે જદીદા **હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી** *(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

### ★ ગૈર મુક઼લ્લિદ કે ઈજતેહાદ કી હક઼ીક઼ત ★

અબ હમ ઈનકે કુછ ઈજતેહાદી મસાઈલ બતાતે હૈં તા કિ આપકો યહ માલૂમ હો જાએ કે યહ લોગ ઈજતેહાદકે મન્સબ પર ફાઈઝ નહીં હૈં. હમ ઈજતેહાદકી તઅરીફ (વ્યાખ્યા) કરેં ઔર ફિર ઉસ્સે ઉસ્કી વજાહત કરેં તો બહુત મુશ્કિલ કામ હો જાએગા. ઈસલિએ હમ આસાન લફઝોંમેં આપકો કુછ બાતેં બતાયેંગે જિસસે આપ સમઝ સકેં કે યહ લોગ મુજતહિદ નહીં હો સક્તે હૈં.

દેખિયે મસાઈલ ઉન્હોંને દો તરહકે અપનાએ હૈં. કુછ તો મસાઈલ વો હૈં જો ચારોં ઈમામોંકી કિતાબોંસે ઈન્હોંને લે લિયા હૈ, ઔર ઝયાદાતર ઈમામ શાફઈ رضی اللہ عنہ કી કિતાબોંસે લિયા હૈ. જૈસે "રફએ યદૈન" કરના. યહ ઉન્કા બળા મશહૂર મસ્અલા હૈ. આમીન બિલજહ્‌ર, સૂરએ ફાતિહા નમાઝમેં પળ્હના વાજિબ હૈ કે નહીં, ઈમામ કે પીછે ક઼િરાઅત કરે કે નહીં, મુસાફિર હો તો જમઅ બયનસ્સલાતૈન દો નમાઝે એક સાથ પળ્હેં કે નહીં. ઈન મસાઈલ પર યહ લોગ બહોત ઝયાદા જોર દેતે હૈં. ક્યૂં જોર દેતે હૈં કે યહ મસાઈલ હમારે ભાઈ શાફઈયોંકે વહાં પાયે જાતે હૈં, તો યહ સોચતે હૈં કે અગર હમારે ખિલાફ યહ લોગ કુછ બોલેંગે તો યહ તો શાફઈયોંકે ખિલાફ બોલના હોગા ! બળે ચાલાક હૈં ! તો હમ યહ કહતે હૈં કે યહ તો હમારે ભાઈયોં કે મસાઈલ હૈં, હમારે ઉન્કે આપસકે મસાઈલ હૈં, ઉનમેં તુમ ક્યોં પળતે હો ? અરે ! તુમને જો ઈજતેહાદ કિયા હો ચારોં મઝહબસે જુદા હોકર કે તબ પતા ચલે કે વાક઼ઈ તુમ મુજતહિદ હો ! ઈસલિએ હમ ઐસે મસાઈલકો છોળ દેંગે જો ઈન્હોંને હમારે ભાઈયોંસે લિયે હૈં. ઔર હમારે ચારોં ઈમામોંસે લિયે હૈં. હમ ઐસે મસાઈલકો છોળ દેંગે ક્યોં કિ મસ્અલા લેગેં વહાંસે ઔર શૈખી બગારેંગે યહાં પર આકર ! યાદ રખ્ખેં ! જબ ઈસ તરહકા મસ્અલા પેશ કરે કે દેખો મસ્અલા હમને ઈજતેહાદ કિયા સહીહ હૈ ? યહ મસ્અલા હમને ઈજતેહાદ કિયા સહીહ હૈ ! તો આપ કહ દિજીએ, તુમ જૂઠ બોલતે હો ! યહ મસ્અલા હનફિયોંકે યહાંકા હૈ, યહ મસ્અલા શાફઈયોં કે યહાં પાયા જાતા હૈ, યહ મસ્અલા હંબલિયોંકે યહાંકા, યહ મસ્અલા માલિકિયોંકે યહાંકા હૈ, તુમને વહાંસે ચોરી કી હૈ ઔર જૂઠ બોલ રહે હો કે તુમને ઈજતેહાદ કિયા હૈ. અરે ! યહ ઈજતેહાદ તો ઈમામે શાફઈ رضی اللہ عنہ કા હૈ, યહ ઈજતેહાદ ઈમામે માલિક رضی اللہ عنہ કા હૈ, યહ ઈજતેહાદ ઈમામે માલિક رضی اللہ عنہ કા હૈ, યહ ઈજતેહાદ ઈમામે અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ કા હૈ, યહ ઈજતેહાદ તો ઈમામે આ'ઝમ رضی اللہ عنہ કા હૈ ! ઉનકે ઈજતેહાદકો તુમ અપની તરફ મન્સૂબ કરતે હો ?! ઈસસે બળી ખયાનત, ઈસસે બળા દગા ઔર ઈસસે બળા જૂઠ ઔર ક્યા હો સક્તા હૈ ?! વો મસાઈલ બયાન કરો જો મસાઈલ તુમને અપને ઈજતેહાદસે ચારોં મઝહબસે હટ કરકે નિકાલે હૈં, તબ પતા ચલે કે તુમ કિતને બળે મુજતહિદ હો ?! તબ તો હમારે યહ સારે ભાઈ જાન જાએંગે તુમ મુજતહિદ હો કે જાહિલે મુત્લક઼ ! માફ કિજીયેગા હમ કિસીકી તકલીફકે લિયે લફ્ઝ નહીં બોલ રહે હૈં, લેકિન સમઝાના મક઼સૂદ હૈ ઈસ લિએ કુછ લફ્ઝ આ હી જાયેંગે.

### ★ અહલે હદીષ કા બિના હદીષ કા ઈજતેહાદ ?! ★

એક બહોત વાજેહ ઔર આસાન મસ્અલા બતાઉં જો અભી સાત આઠ સાત મહિના પહલે કી પૈદાવાર હૈ. યહ લોગ મોક઼ા પા જાએં તો પતા નહીં ક્યા ક્યા

ગુલ ખિલાએં ! ઐસા ઐસા યહ લોગ કરતે હૈં. અબ એક મસ્અલા સુન લિજીયેગા સાહબ. ઈનકે એક મુફતીને ફતવા દે દિયા. એક મસ્અલા પર પેશ આ ગયા પિછલે સાલ કિ યહ લોગ ડ્રાઈવર રખતે હૈં તો ડ્રાયવરોં કો ઘરમેં આના જાના પળતા હૈ તો પર્દેકી મજબૂરી પેશ આતી હૈ. તો ઈન લોગોંને સોચા કે ઐસા મસ્અલા ક્યૂં ન બયાન કર દિયા જાએ કે આને જાનેકી મજબૂરી ખત્મ હો જાએ ઔર ડ્રાઈવર અગરચે જવાન હો, બિલકુલ નવજવાન હો, ફિર ભી ઉનકી નવજવાન બીવીયોં બેટીયોંકે સામને આના જાના સબ જાઈઝ હો જાએ ! ઔર કિસી કિસ્મકી કોઈ ફિક્ર હી ન રહ જાએ ! તો એક મુફતીને સોચ સમઝ કરકે ફત્વા દે દિયા. ક્યા ઈજતેહાદ કિયા ? કે ઔરત ડ્રાયવરકો અપના દૂધ પિલા દેં તો વો ઉસકા બેટા બન જાએગા, ફિર વો ઉસકે ઘરમેં આતા જાતા રહે, કિસી કિસ્મકી કોઈ ફિકર નહીં, બિન્દાસ્ત વો આતા જાતા રહે ! યહ પિછલે સાલ અભી સાત આઠ મહિના પહલેકી બાત હૈ. અખ્બારાતમેં રસાઈલમેં ઈન્કા યહ ફત્વા છપા. મગર પહલે મુફતીને ઈસ બાતકા લિહાઝ કિયા. યહ કહા કે દૂધ તો પી લે મગર મુંહ લગાકર નહીં. તો દુસરેને તહકીક઼ કી કે, કહા નહીં ! મુંહ લગાકર ભી પી સક્તા હૈ. યહ હૈ ઈન્કા ઈજતેહાદ ! ક્યા ઈસીકા નામ ઈજતેહાદ હૈ ?!

### ★ અહલે હદીષ કો ચેલેંજ ! હદીષ દિખાઓ ! ★

વહાબીઓ ! ગૈર મુક઼લ્લિદો ! હમ તુમસે તફહીમકે અંદાઝમેં કહતે હૈં કે અગર તુમ્હારે પાસ કિતાબુલ્લાહમેં સુન્નતે રસૂલુલ્લાહમેં, બુખારી શરીફમેં, મુસ્લિમ શરીફમેં, તિર્મિઝી શરીફમેં, ઈબ્ને માજહમેં, નસઈ.......કિસી ભી હદીષે પાકકી કિતાબમેં કોઈ હદીષ ઐસી હો જો ગૈર મન્સૂખ હો ઔર ઉસસે યહ સાબિત હોતા હો કે જવાન મર્દ, અજનબી મર્દ અજનબી ઔરતકી છાતી પકળકર ઉસકા દૂધ પી સક્તા હૈ યા ઉસસે દૂધ નિકલવાકર કે પી સક્તા હૈ, તો પેશ કરો ! આજ નહીં, દસ સાલકા મૌક઼ા દિયા જાતા હૈ પેશ કરો ! મગર મૈં કહતા હૂં દસ સાલ નહીં, ક઼યામત તક પૂરી ક઼ૌમે વહાબિયત તલાશ કરતી રહેગી, હદીષકી કિસી ભી કિતાબમેં એક હદીષે ગૈર મન્સૂખ નહીં મિલ સક્તી હૈ જિસસે યહ સાબિત હો જાએ કે ઐસા અમલ કરના જાઈઝ હૈ. અગર કિતાબુલ્લાહમેં કહીં ઐસી આયત નહીં હૈ જિસસે સરાહતન કિનાયતન ઐસી કોઈ બાત માલૂમ હો, હદીષકી કિસી ભી કિતાબમેં ઐસી કોઈ બાત નહીં હૈ, તો ફિર યહ મુજતહિદ કૈસે ?! ઔર જબ હદીષકી કિસી ભી કિતાબમેં કહીં ભી નહીં હૈ તો યહ ''અહલે હદીષ'' કૈસે ?! મગર બાત વોહી હૈ જો મૈં કહ ચૂકા હૂં ''અહલે હદીષ'' હોનેકે લિએ હદીષદાની ઔર હદીષ પર અમલ ઝરૂરી નહીં હૈ ! નામ રખ લિયા અહલે હદીષ, ફિર જાને યા જાને ! બાત વહી હૈ જો કહ ચૂકા હૂં કે :–

***બીચ ખયરાબાદમેં મશ્હૂર એક હજ્જામ હૈ***
***મૂંડતા હૈં દાળ્હીયાં ઈસ્લામ ઉસકા નામ હૈ !***

વહી કામ ઉન લોગોંકા હૈ ! નામ રખ લિયા અહલે હદીષ, ફિર કુછ ભી કરે રહેંગે અહલે હદીષ !!

પહલા મસ્અલા હૈ, ઐસા મસ્અલા, કોઈ મુજતહિદ તો અલગ બાત હૈ, આમ આલિમ તો અલગ બાત હૈ, કોઈ જાહિલ ભી નહીં બયાન કર સક્તા. ચલીયે ! હમ ઈસ પર હદીષેં બયાન કરકે પળ્હ પળ્હકે સુનાયેં ઉસ્કી હાજત નહીં હૈ ક્યૂં કે હર મુસલમાનકા દિમાગ ઔર મુસલમાનકા દિલ ઈસ બાતકી શહાદત દેતા હૈ કે યહ ઈજતેહાદ ઔર યહ ફત્વા ગલત હૈ ઔર શરીઅતકે ખિલાફ હૈ.

### ★ વહાબી કી સઈ કે લિયે નયી જગહ બનાના કૈસા ? ★

દુસ્રા મસ્અલા સુનીયે સાહબ ! ઈન્કા મસ્અલા અભી ૨૦૦૮સે પહલે હાજી લોગ હજ કરનેકે લિએ જાતે થે તો સઈ કહાં કરતે થે ? 'મસ્આ' ઉસ જગહ કો કહા જાતા હૈ જહાં હાજી ઔર ઉમરા કરને વાલે

સઈ કરતે હૈં, ઔર સઈકી જગહ હુઝૂર صلی اللہ علیہ وسلم કે ઝમાનેસે હી મુકર્રર હૈ. જૈસે નમાઝ કે બારેમેં સરકાર علیہ الصلوٰۃ والسلام ને ઈર્શાદ ફર્માયા થા : صَلُّوا كَمَا رَأَيْتُمُونِى اُصَلِّى "વૈસે નમાઝ પળ્હો જૈસે તુમ લોગ મુઝે નમાઝ પળ્હતે હુએ દેખતે હો." વૈસા હી હજકે બારેમેં ભી હદીષે સહીહમેં હુઝૂર صلی اللہ علیہ وسلم ને હુકમે આમ દે દિયા હૈ : خُذُوا عَنِّى مَنَاسِكَكُمْ "તુમ લોગ મુઝસે અપને હજકે આમાલ અપને હજકી ઈબાદતેં, અપને હજકે મનાસિક સિખ લો તા કિ ઉસીકે મુતાબિક અમલ કરના." અબ આપમેંસે ભી સેંકળોં લોગોંને હજ કિયા હોગા. હમને ભી અલ્લાહ તઆલાકી તૌફીકસે કઈ મર્તબા હજ કિયા હૈ, ઉમરા કિયા હૈ, લેકિન ઉસી 'મસ્આ'મેં સઈ કિયા હૈ જિસ મસ્આમેં હમારે ઔર આપકે હુઝૂર જાને નૂર જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને સઈ કી, સારે સહાબાએ કિરામને સઈ કી, સારે તાબેઈનને સઈ કી ઔર ઉનકે બાદ સન ૨૦૦૮ તક સારે મુસલમાન સઈ કરતે રહે. લેકિન ઈન લોગોંને દુન્યાકી સબસે બુરી બિદઅત ઈજાદ કી હૈ, ઉસ જગહસે જહાંસે ઈસ્લામ નિકલા, જહાંસે ઈસ્લામ ફૈલા, ઉસ જગહમેં દુન્યાકી સબસે બુરી બિદઅત ઈજાદ કી હૈ કે ઉન્હોંને હુઝૂર صلی اللہ علیہ وسلم કે "મસ્આ"કે બિલ્કુલ બિલ મુકાબિલ (સમાંતરે) ઔર ઉતના હી બળા ઉતના ચોળ્હા દૂર હટ કર કે દુસ્રા મસ્આ બના લિયા કે અગર હુઝૂરને એક મસ્આ બનાયા હૈ તો હમ ભી કોઈ કમ હૈં ! ચલો એક 'મસ્આ' હમને ભી બના લિયા હૈ, હુકૂમત હમારી હૈ, હમ ઉસી પર સઈ કરવાએંગે, કોઈ ખિલાફ વર્ઝી કરેગા તો પિટાઈ કરેંગે, યહી હો રહા હૈ. હમેં ઈનકે અમલસે કોઈ લેના દેના નહીં હૈ મગર યેહ લોગ જો દાવા કરતે હૈં કે યહ અહલે હદીષ હૈં, યહ મુહદિષ હૈં, હદીષ પર અમલ કરતે હૈં ઔર યહ અપને આપ મુજતહિદ બનતે હૈં, મન્સબે ઈજતેહાદ પર અપને આપકો ફાઈઝ સમઝતે હૈં ઈસલિએ આપ લોગોંકો હમેં યહ બતાના પળ રહા હૈ કે **અગર ઈનકે પાસ દુન્યાકી કિસી ભી કિતાબે હદીષમેં એક હદીષ ભી ઐસી હો જિસસે યહ ષાબિત હોતા હો કે હુઝૂર صلی اللہ علیہ وسلم ને જિસ જગહ સઈ ફર્માઈ હૈ ઉસસે હટકર નજદી મસ્આમેં સઈ કરના સુન્નત હૈ, સઈ કરના જાઈઝ હૈ, સઈ કરનેસે ઈબાદત સઈકી અદા હો જાએગી, તો વો દસ સાલ નહીં કયામત તક મેં કભી ભી પેશ કર દેં**, હમ લોગ નહીં રહેંગે, યહ ઉલમા નહીં રહેંગે, હમારે બાદ જો નસ્લ હોગી ઉલમાએ અહલે સુન્નતકી ઉન્હીં કો દિખા દેં ! લેકિન મૈં આપકો બતાતા હૂં કે ન આજ દિખા સક્તે હૈં ન દસ સાલ બાદ દિખા સક્તે હૈં ન કયામત તક દિખા સક્તે હૈં. ક્યોં કી દિખાએં તો વહ ચીઝ જિસ્કા કોઈ વજૂદ હો ! દિખાએં તો વહ ચીઝ જિસ્કા કિતાબો સુન્નતમેં કોઈ તઝકેરા હો, જિસ્કા કિતાબુલ્લાહમેં કોઈ ઝિક્ર નહીં હૈ, હદીષે રસૂલુલ્લાહમેં કોઈ ઝિક્ર નહીં હૈ, ઈન્હોંને બસ અપને તૌર પર ઈજાદ કર લિયા હૈ, ઘળ લિયા હૈ, ઉસ્કી (હદીષ) કહાંસે દિખા સક્તે હૈં. યહી હૈ ઈનકા ઈજતેહાદ ! ઈનકે ઈજતેહાદકે લિએ હદીષકી ઝરૂરત નહીં હૈ, ઈનકે ઈજતેહાદકે લિયે કિતાબુલ્લાહકી ઝરૂરત નહીં હૈ ! ઈનકે ઈજતેહાદકે લિયે બસ ઈતની હી ઝરૂરત હૈ કે અમરીકાસે બર્તાનિયાસે કુછ ઈલ્કા હો જાએ, બસ ઉસ પર અમલ શુરૂઅ હો જાએં !

દેખિયે મૈં આપકો બતાઉં સઈકા મઅના હોતા હૈ ચલના ફિરના. ચલના ફિરના ખૂદ કોઈ ઈબાદત નહીં હૈ, ઉસકો ઈબાદત બનાયા હૈ હમારે હુઝૂર જાને નૂર صلی اللہ علیہ وسلم ને, સરકાર علیہ الصلوٰۃ والسلام "મસ્આ"મેં ચલે હૈં ઈસ લિએ ઉસ જગહ ચલના ઈબાદત હૈ. તો જબ હમ ઉસી જગહ પર ચલેંગે જિસ જગહ પર સરકાર صلی اللہ علیہ وسلم ચલે હૈં, સહાબા ચલે હૈં, તાબઈન ચલે હૈં, મુસલમાન ચલે હૈં, તબ જાકરકે હમારી સઈ અદા હોગી ઔર વો સઈ ઈબાદત હોગી. ઔર ઉસસે એક કદમ હટ કરકે ભી અગર આપને સઈ કી તો ન આપકી સઈ સહીહ હોગી ન આપકી સઈ ઈબાદત હોગી. ક્યૂં કે ઈસ્કા ઝિક્ર કહીં ભી કિતાબુલ્લાહમેં સુન્નતે રસૂલુલ્લાહમેં કહીં ભી કુછ તઝકેરા નહીં

મિલતા હૈ.

યહ લોગ હર બાત કે બારેમેં કહતે હૈં કે દિખાઓ બુખારી શરીફમેં, લેકિન હમ જાનતે હૈં કે હમારે યહાં બુખારી શરીફકી હી કોઈ કૈદ નહીં હૈ, તુમ બુખારી શરીફ નહીં મિશ્કાત શરીફમેં હી દિખલા દો, મુઅત્તા શરીફમેં દિખલા દો, દારકુત્નીમેં દિખલા દો, મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલમેં દિખલા દો, જિન કિતાબોંકો તુમને બિલ્કુલ ઝઈફ માન લિયા ઉન કિતાબોંમેં દિખલા દો ! કહીં નહીં દિખલા સક્તે. જબ કહીં નહીં દિખલા સક્તે, તો **ઈજ્તેહાદ તો નામ ઈસકા હૈ કે કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ સે મસ્અલા નિકાલા જાએ ઉસ્કો ઈજ્તેહાદ કહતે હૈં. યહ તુમ્હારા કૈસા ઈજ્તેહાદ હૈ કે કિતાબમેં ભી નહીં સુન્નતે રસૂલુલ્લાહમેં ભી નહીં, ફિર ભી હૈ ઈજ્તેહાદ ! ઔર ફિર ભી હો તુમ મુજતહિદ ! ઔર ફિર ભી બને હો અહલે હદીષ ?!** એેંસી હદીષદાની ઔર ઐસા ઈજ્તેહાદ તુમ્હેં હી મુબારક હો ! આપ લોગ સમઝ ગએ ! દુરૂદે પાક પઢેં.

## ★ વહાબી કા ભેજાગેપ ઈજ્તેહાદ ★

અચ્છા ઝરા આપ લોગ હિસાબ અગર સહીહ હૈ તો બતાઈએગા એક, દો, તીન..... યે તીનોં મિલકર કિત્ના હુવા ? તીન હુવા કે એક ? (મજમાસે આવાઝ આઈ..... તીન !) મગર ઈનકા ઈજતેહાદ સુનીએ ! વો કહતે હૈં એક, દો, તીન..... તીન મિલકરકે એક ! યહ ઈનકા ઈજતેહાદ હૈ. હમારા હર ભાઈ જાનતા હૈ ઈસકે લિએ મુજતહિદ હોનેકી ઝરૂરત નહીં, ફકીહ હોનેકી ઝરૂરત નહીં, આલિમ હોનેકી ઝરૂરત નહીં, જાહિલ ભી જાનતા હૈ : એક, દો, તીન, જબ તીન કહેંગે તો તીન હોગા. જબ તીન બોલ દેંગે તો તીનસે કમમેં ઉસ્કા ઈત્લાક હો હી નહીં સક્તા હૈ. મગર યહ કહતે હૈં કે અગર અપની બીવીકો એક નશિસ્તમેં, એક બેઠકમેં, એક મજલિસમેં કિસીને કહ દિયા, એક તલાક઼, દો તલાક઼, તીન તલાક઼...... તો કઈ તલાક઼ પળેગી ? જાનતે હૈં કઈ તલાક઼ પળેગી ? એક તલાક઼ પળેગી ! અગર કોઈ એક લાખ તલાક઼ દે દે તો ભી એક માનેંગે. તલાક઼ તો તીન હી હોતી હૈ, એક લાખ કો તો હમ ભી નહીં માનેંગે ઈસલિએ કે કુર્આનને હદીષને એક લાખ માના હી નહીં હૈ, કુર્આનને હદીષને તીન તલાક઼ દેનેકી ઈજાઝત દિયા હૈ ઔર જો શોહર કહતા હૈ એક તલાક઼ તુમકો દિયા, તુમકો તલાક઼ દી એક, દો, તીન..... તીન વાક઼ેઅ હો ગઈ. મગર યહ ક્યા કહતે હૈં, એક પળી ! ઐસા ભી દુન્યામેં કહીં હિસાબ હૈ ?! ઔર ઈસ હિસાબકે લિએ ભી કુર્આન વ હદીષ કી ઝરૂરત હૈ ? મગર ઈનકા હિસાબ હી અલગ હૈ ! સારી દુન્યાસે ઈન્કા હિસાબ અલગ હૈ. આઈયે ! હમ ઝરા હદીષેપાક ભી પઢકર સુનાએં.

## ★ તીન તલાક઼ કા હદીષ સે ષબૂત ★

બહોતસી હદીષેં હૈં, હમારી એક કિતાબ હૈ, હમેં ખયાલ નહીં રહ ગયા થા વરના લાયે હોતે. હમ મુબલ્લિગીને સુન્ની દાવતે ઈસ્લામીસે ઝિક્ર કરેંગે, ગુઝારિશ કરેંગે કે પતલીસી કિતાબ હૈ ઉસકો છપવાકરકે હમારે સબ ભાઈયોંમેં ફ્રી તકસીમ કર દિજીએ. ''તીન તલાક઼કા શરઈ હુક્મ કિતાબો સુન્નતકી રોશનીમેં'' યહ ઉસકા ઉન્વાન હૈ. ઉસકો આપ લોગ પઢ લિજીયેગા. ઉસમેંસે એક હદીષ પઢ કે સુનાતે હૈં. હદીષ ઉસમેંકી નહીં હૈ, હદીષ ઈબ્ને માજહકી હૈ. સુનને ઈબ્ને માજહ સિહાહ સિત્તહકી એક કિતાબ હૈ ઉસમેં ઈમામ ઈબ્ને માજહ رحمۃ اللہ علیہને એક બાબ ક઼ાઈમ કિયા હૈ, بَابُ مَنْ طَلَّقَ ثَلَا ثًا فِی مَجْلِسٍ وَّاحِدٍ (*બાબુ મુન્તલ્લક઼ ષલાષન ફી મજલિસિ વાહિદ.*) કહતે હૈં, હઝરત આમિરે શઅબી رضی اللہ عنہને હઝરતે ફાતિમા બિન્તે ક઼ૈસ સહાબિયા હૈં ઉનસે પૂછા કિ આપ અપની તલાક઼કા વાકિ઼આ બયાન કર દિજીએ. તો હઝરતે ફાતિમા બિન્તે ક઼ૈસ જો સહાબિયા હૈં (رضی اللہ عنہا) વો ફર્માતી હૈં, સહાબાકે બારેમેં હમ અહલે સુન્નતકા અક઼ીદા હૈ કે, اَلصَّحَابَۃُ کُلُّھُمْ عَدُوْلٌ ''સહાબા સબકે સબ દીનદાર હૈં, આદિલ હૈં, ષિક઼હ હૈં, પરહેઝગાર હૈં.'' સહાબિયા હઝરત ફાતિમા બિન્તે ક઼ૈસ ફર્માતીં

હૈં (رضی اللہ عنہا) :-

حَدَّثَنَا مُحَمَّدُ بْنُ رُمْحٍ اَنْبَاَ اللَّيْثُ بْنُ سَعْدٍ عَنْ اِسْحَاقَ اَبِىْ فَرْوَةَ عَنْ اَبِى الزِّنَادِ عَنْ عَامِرِ الشَّعْبِىِّ قَالَ قُلْتُ لِفَاطِمَةَ بِنْتِ قَيْسٍ حَدِّثِنِىْ عَنْ طَلَاقِكِ قَالَتْ طَلَّقَنِىْ زَوْجِىْ ثَلَاثًا وَهُوَ خَارِجٌ اِلَى الْيَمَنِ فَاَجَازَ ذٰلِكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔

મેરે શોહરને યમનકે લિએ ઘરસે નિકલતે વક્ત તીન તલાક઼ મુઝે દે દી, ઘરસે નિકલતે વક્ત તીન તલાક઼ દેના યહ એક હી સાથ તીન તલાક઼ દેના હુવા, એક હી બૈઠકમેં એક હી મજલિસમેં તીન તલાક઼ દેના હુવા. ફિર હુવા ક્યા ? યહ સરકાર علیہ الصلوٰۃ والسلام કી બારગાહમેં હાઝિર હૂઈ. અર્ઝ કિયા, સરકાર ! મેરે શોહર યમન જા રહે થે ઔર ઉન્હોંને મુઝકો જાતે જાતે તીન તલાકે઼ં દે દી ! અબ ક્યા હોગા ? ફ઼ર્માતી હૈ : فَاَجَازَ ذٰلِكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔ અલ્લાહકે રસૂલ ﷺને તીનોં તલાક઼ોંકો નાફિઝ ફ઼ર્મા દિયા. યઅની ફ઼ર્મા દિયા કે જબ તુમ્હારે શોહરને તીન દિયા તો તીનોં તલાકે઼ં પળ ગઈ. તો **સરકાર** علیہ الصلوٰۃ والسلام **ફ઼ર્માતે હૈં : શોહરને અપની બીવીકો તીન તલાકે઼ દીં તો તીન, મગર વહાબી કહતા હૈ કે એક ! યહ હદીષ પર અમલ હુવા કે હદીષકી મુખાલફ઼ત હૂઈ ?!** ઈસીકા નામ હૈ હદીષદાની ? ઈસીકા નામ હૈ ઈજતેહાદ ?! ઈસીલીએ તુમ બને હો મુહદ્દિષ ?! ઈજતેહાદ નામ હૈ કિસકા ? કિતાબુલ્લાહસે મસ્અલા નિકાલનેકા, હદીષે રસૂલુલ્લાહસે મસ્અલા નિકાલનેકા. **યહ તુમ્હારા કૈસા ઈજતેહાદ હૈ કે હમારે આક઼ા જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ તો ફ઼ર્માએં કે શોહરને તીન તલાક઼ દિયા તો તીન પળ ગઈ ઔર તુમ કહતે હો કે એક પળી !** યહ હદીષે રસૂલુલ્લાહસે ઈજતેહાદ હુવા ?! હરગિઝ નહીં ! યહ ઈજતેહાદ કહીં ઔર કા હૈ. ઈનકા કોઈ ઔર હૈ જો ઈનકો સિખાતા રહતા હૈ, બતાતા રહતા હૈ, ઉસકે મુતાબિક઼ યહ અમલ કરતે હૈં. મગર હો સક્તા હૈ કે મૈં ચલા જાઉં તો યહ લોગ કોઈ ચીઝ પેશ કર દેં ઈસલિયે બતા દૂં.

### ★ એક શુબ્હા કા ઈઝાલા (શંકાનું નિવારણ) ★

એક હદીષમેં આયા હૈ કે તીન તલાક઼ દેને કે બાદ એક હી પળી. એક હદીષ યહ ઈન્હોંને પળ્હ લી હૈ. ઈસલિયે મૈં ઉસ્કે બારેમેં પહલે હી બતા દૂં કિ બીવીયાં દો તરહકી હોતી હૈં, એક બીવી વો જો અપને શોહરકે સાથ રહ ચૂકી, શોહર ઉસકે સાથ સોહબત કર ચૂકા, ઉસકો 'મદખૂલા' કહા જાતા હૈ. એક બીવી વો જિસકા નિકાહ તો શોહરસે હો ચૂકા હૈ મગર શોહરકે સાથ અભી રહી નહીં, શોહરને ઉસકે સાથ સોહબત નહીં કી હૈ, ઉસ્કો "ગૈર મદખૂલા" કહતે હૈં. **અગર કોઈ શખ્સ અપની ગૈર મદખૂલા બીવીકો કહ દે તુઝે તલાક઼ દિયા તો એક હી તલાક઼મેં વો નિકાહસે નિકલ જાતી હૈ.** અબ અગર કોઈ કહતા હૈ કે મૈંને તુઝે તલાક઼ દિયા, તલાક઼ દિયા. યહાં તીન નહીં પળેગી બલ્કિ એક હી પળેગી. ક્યૂં ?! ક્યૂં એક પળેગી ?! ઉસ્કી વજહ હૈ કે હદીષે રસૂલુલ્લાહ સે ષાબિત હો જાતા હૈ કે ગૈર મદખુલા બીવીકો અગર કોઈ શખ્સ તલાક઼ દેગા તો એક હી તલાક઼મેં વો નિકાહસે નિકલ જાયેગી ઔર બીવી નહીં રહેગી. તો જબ એક હી તલાક઼મેં ગૈર મદખૂલા નિકાહસે નિકલ જાતી હૈ ઔર બીવી નહીં રહતી હૈ, તો દો તલાકે઼ં દેના લગ્વ હુવા. અરે ! તલાક઼ તો પળેગી બીવી પર ના ! ઔર જો બીવી હી નહીં હૈ ઉસ પર ક્યા તલાક઼ પળેગી ?! ઈસલિયે વહાં તીન એક હૈ. મગર ઈન લોગોંને સમઝા કે મદખૂલા હો ચાહે ગૈર મદખૂલા. મસ્અલામેં ઐસી આઝાદી પયદા કર દો કે લોગ હમારી તરફ઼ ખીંચકરકે ચલે આએં ! ઔર યહ કરતે હૈં, અગર હનફ઼ીકે શોહરને તલાક઼ દે દિયા ઔર ઈનકે પાસ ભૂલચુકસે ચલા ગયા તો યહ કહતે હૈં કે દેખા ! હનફ઼ી મઝહબમેં રહોગે, શાફ઼ઈ મઝહબમેં રહોગે, માલિકી પર અમલ કરોગે, હંબલી પર અમલ કરોગે તો તીન તલાક઼ તીન હો જાએગી, હમારે મઝહબમેં ચલે આઓગે તો હમ એક હી મેં કામ ચલા દેંગે ! ઈનકો ઈસસે મતલબ નહીં હૈ કે કુ઼ર્આન ક્યા કહતા

હૈ ? હદીષે રસૂલુલ્લાહ ﷺમેં ક્યા હૈ ? અલ્લાહ ﷻકા ફર્માન ક્યા હૈ ? રસૂલુલ્લાહ ﷺકા ફર્માન ક્યા હૈ ? ઈનકો ઈસસે મતલબ નહીં હૈ. ઈન્કો ઈસસે મતલબ હૈ કે ચીડિયા ફસા દી જાએ ! ઐસે ઐસે મસાઈલ યહ બયાન કરતે હૈં. વક્ત બહુત ઝયાદા હો ગયા હૈ ઔર સમઝનેકે લિયે યહ ચંદ નમૂનેં ભી કાફી હૈં. હમ યહ બતાના ચાહ રહે હૈં કિ ઈજતેહાદ નામ હૈ કુર્આનસે હદીષસે મસ્અલા નિકાલનેકા, યહ લોગ ન કુર્આનસે નિકાલતે હૈં ન હદીષે રસૂલુલ્લાહસે નિકાલતે હૈં. યહ ચંદ નમૂનેં ભી આપકે સમઝનેકે લિયે કાફી હૈં. જો લોગ સમઝના ચાહતે હૈં ઉનકે લિયે ચંદ નમૂનેં ભી કાફી હૈં ઔર અગર કોઈ ઝિદ્દી હો મુઆનિદ હો, સમઝના હી ન ચાહે તો અગર ઉસકે સામને ચાંદ શક કરનેકા, ચાંદ કો ચીર દેનેકા નબી ﷺ મોજિઝા ભી દિખાએં તો ઈમાન નહીં લાયેગા ! તો ઉનકે લિએ હમારી ગુફતગૂ નહીં હૈ. અપને ઉન ભાઈયોંકે લિયે હૈં જો સમઝના ચાહતે હૈં, ઔર ઉનકો વહ લોગ ગુમરાહ કરના ચાહતે હૈં.

### ★ આઠ રકાત તરાવીહ કે લિએ કોઈ હદીષ નહીં હૈ ! ★

અબ એક દો મસ્અલે મુખ્તસરન સુના દૂં. સારી દુન્યામેં તરાવીહ કઈ રકાત પળ્હી જાતી હૈ ? બીસ રકાત ! હદીષ શરીફસે ષાબિત ભી હૈ, યહાં તકકે હરમૈન શરીફૈન મક્કા મોઅઝ્ઝમા મદીના તૈયબહમેં ભી બીસ રકાત પળ્હી જાતી હૈ. મગર ઈન લોગોંને સોચા કે અગર હમ ભી બીસ રકાત પળ્હેં બીસ હી રકાત કા હુકમ દેં તો બાત વહી હોગી કે યહ તો ઈમામ અબૂ હનીફાકા ઈજતેહાદ હુવા યા ઈમામ શાફઈકા ઈજતેહાદ હુવા, ઈમામ અહમદ ઈબ્ને હંબલ યા ઈમામ માલિકકા ઈજતેહાદ હુવા ! તો કોઈ ઐસા હુકમ દિયા જાએ જો ઉન્કે ખિલાફ હો ! તો ઈન્હોંને હુકમ દે દિયા બસ આઠ રકઅત તરાવીહ હૈ. અબ જો ચાહે બીસ રકાત પળ્હે જો ચાહે આઠ રકઅત પળ્હે. લોગોંકે ખીંચનેકા એક ઝરીઆ મિલ ગયા. **કિસી ભી હદીષમેં તરાવીહકે લફ્ઝસે આઠ રકઅત તરાવીહકા કહીં કોઈ ઝિક્ર નહીં હૈ ઔર ઈનકે પાસ કોઈ ષબૂત નહીં હૈ.** યહ ઉનકા અપના ઈજતેહાદ હૈ જો ન કિતાબુલ્લાહમેં હૈ ન સુન્નતે રસૂલુલ્લાહમેં હૈ. કહીં મોક઼ા મિલેગા તો મૈં ઈન્શાઅલ્લાહ હદીષેં પળ્હુંગા, પળ્હ પળ્હકર સુનાઉંગા સમઝાઉંગા.

### ★ નમાઝમેં રસૂલ કા ખયાલ ઔર ગૈરમુક઼લ્લિદ કી ગુમરાહી ! ★

ઔર એક બહોત મશ્હૂર મસ્અલા હૈ. યહ ઈનકા મસ્અલા હૈ, ઈનકા ઈજતેહાદ હૈ, ઈનકે ઈમામકા ઈજતેહાદ હૈ, નમાઝમેં અગર ગાય, બેલ, ગધેકા ખયાલ આ જાએ તો નમાઝ હો જાએગી, લેકિન મઆઝલ્લાહ ! અગર નમાઝમેં જનાબે રિસાલત મઆબ ﷺ કા ખયાલ આ જાએ તો નમાઝ ભી ગઈ ઔર ઈમાન ભી ગયા !

વહાબીઓ ! ગૈર મુક઼લ્લિદો ! અગર તુમ્હારે પાસ કુછ ભી દીન હૈ, દિયાનત હૈ, તુમ્હારે સીનેમેં કુછ ભી ઈન્સાફકા જઝબા હૈ તો પળ્હ દો કુર્આને પાકકી કોઈ આયત પળ્હ દો, હદીષે પાકકી કિતાબોંસે કોઈ ભી હદીષ, ચાહે સહીહ હો, ચાહે ઝઈફ હો, ચાહે હસન હો, ચાહે મુન્કર હો, ચાહે મુઅલ્લલ હો, ચાહે સાઝ હો, હમ તુમકો મુકમ્મલ છૂટ દેતે હૈં.

યાદ રખ્ખો ભાઈઓ ! ઐસા કોઈ મસ્અલા ન કુર્આનમેં હૈ, ન સુન્નતે રસૂલુલ્લાહમેં હૈ, ન હદીષકી કિસી કિતાબમેં હૈ, હૈ તો કહાં હૈ ?! સિર્ફ વહાબી મઝહબમેં હૈ ! યહ ઈનકા ઈજતેહાદ હૈ. ઔર પહલે બતા ચુકે કે ઈનકે ઈજતેહાદકે લિએ કિતાબુલ્લાહકી સુન્નતે રસૂલુલ્લાહકી ઝરૂરત નહીં હૈ ! દિલ મેં કુછ આ જાએ વોહી ઉતના કાફી હૈ ! બાકી બાતેં ઈન્શાઅલ્લાહુ તઆલા ફિર બાદમેં. એક આયતે કરીમા પળ્હકર અબ હમ રુખસત હો જાએંગે, મગર આપ લોગ એક મર્તબા ઝરા બુલંદ દુરૂદે મુબારકા સુના દેં.

### ★ મુસલમાનોં કી રાહસે હટને કા અંજામ ?! જહન્નમ ! ★

આગે સહાબાસે લેકર અબ તક તમામ મુસલમાન

તક઼લીદ કરતે રહે, અલ્લાહ ﷻ કે હુકમ પર અમલ કરતે હુએ, રસૂલુલ્લાહ ﷺ કે હુકમ પર અમલ કરતે હુએ. ઔર જિતને મુજતહિદ હુએ સબને કિતાબુલ્લાહસે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ સે ઈજતેહાદ કિયા. યહ મુસલમાનોંકી રાહ હૈ, યહ મુસલમાનોંકા તરીક઼ા હૈ, યહ મુસલમાનોંકી સબીલ હૈ. મગર ઈન લોગોંને મુસલમાનોંકી ઈન રાહસે મુન્હરિફ હો કર, હટ કરકે કિતાબો સુન્નત (કુર્આન વ હદીષ) કે સિવા કહીં ઔર સે ઈજતેહાદ કિયા ઔર સારે મુસલમાન જિન્હોંને તક઼લીદ કિયા ઉનકે રાસ્તેકો છોળા ઔર ઉન્કો મુશ્રિક બનાયા, ઈનકા હુકમ ક્યા હોગા ? અગર મૈં કહૂં તો ઉનકો શિકાયત હોગી ઈસ લિએ મૈં કુર્આને પાક કી એક આયત પળકર સુના દુંગા, તર્જુમા કર દુંગા ફિર ચલા જાઉંગા. અલ્લાહ તબારક વ તઆલા કુર્આને પાકમેં ઈર્શાદ ફર્માતા હૈ :–

**وَمَنۡ يُّشَاقِقِ الرَّسُوۡلَ مِنۡۢ بَعۡدِ مَا تَبَيَّنَ لَـهُ الۡهُدٰى وَيَتَّبِعۡ غَيۡرَ سَبِيۡلِ الۡمُؤۡمِنِيۡنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصۡلِهٖ جَهَنَّمَ‌ؕ وَسَآءَتۡ مَصِيۡرًا**

અલ્લાહ તઆલા ફર્માતા હૈ કુર્આને પાકમેં કે, "જો રસૂલકી મુખાલફત કરે ઈસકે બાદ કે હિદાયત વાઝેહ હો ચૂકી ઔર મુસલમાનોંકી રાહસે હટકર દુસરી રાહ ચલે." મુસલમાનોંકી રાહ ક્યા હૈ હમને બયાન કર દિયા. "મુસલમાનોંકી રાહસે હટકર દુસ્રી રાહ ચલે, તો ઉસ્કો ઉસી તરફ ફેર દેંગે જિસકી તરફ વહ ફિરા હૈ ઔર ઉસકો હમ જહન્નમમેં ડાલ દેંગે. ઔર જહન્નમ ક્યા હી બુરી પલટનેકી જગહ હૈ." *(સૂરએ નિસાઅ્, આ. ૧૧૫)* હમને જો કુછ બહષ કી હૈ કિતાબુલ્લાહકી આયતેં ઔર હદીષે રસૂલુલ્લાહ પળહકર બહષ કી હૈ, અપની તરફસે કોઈ મતલબ નહીં બયાન કિયા હૈ, સિર્ફ તર્જુમા કર દિયા, કુછ વઝાહત કર દી હૈ, ફૈસલા કરના આપકે ઈખ્તિયારમેં હૈ. અલ્લાહ તઆલાસે હમ દુઆ કરતે હૈં કે આપકો ઈસ વઅઝકે સુનનેકે બાદ હક્ક઼ ફૈસલા કી તૌફીક઼ રફીક઼ અતા ફર્માએ. આપ સમઝેં કે હક્ક઼ ક્યા હૈ, બાતિલ ક્યા હૈ, બસ ઈતના કિજીયેગા કે જિસકો આપને સમઝ લિયા હૈ, હક્ક઼ પર હૈ ઔર જિસકો આપને સમઝ લિયા હૈ બાતિલ પર હૈ તો ઉસસે દૂર રહીયે ઔર ઉસકો અપનેસે દૂર રખિયે.

وَمَا عَلَيۡنَا اِلَّا الۡبَلَاغُ الۡمُبِيۡنُ

પેજ નં. ૨૦ નું ચાલુ...

જતો હતો પરંતું ખ્વાજા ઉષ્માન હારૂની સાહબ رحمۃ اللہ علیہએ રોકી દીધો. તે વૃધ્ધે ખ્વાજા સાહબના ક઼દમોને ચૂમી લીધા કે જુઓ ! અલ્લાહના વલીઓ (મર્દાને ખુદા) આટલી કુદરતવાળા હોવા છતાં પોતે પોતાને છુપાવતા ફરે છે.

પછી ફર્માવ્યું, કઅબ અહબારથી રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ એક એવો ફરિશ્તો પેદા કર્યો છે તેની બુઝુર્ગી તથા હયબત (પ્રભાવ)ને ખુદા જ જાણે છે. તેનું નામ હાબિલ છે. તે ફરિશ્તાએ બંનેવ હાથો ફેલાવી રાખેલા છે, એક પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં, અને "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"ની તસ્બીહ પઢે છે અને રોશનીનો મુઅક્કલ છે. પૂર્વવાળા હાથથી રોશની આપે છે અને પશ્ચિમવાળા હાથથી અંધારું. જો રોશનીને હાથથી છોડી આપે તો આખુ જગત અંધકારમય થઈ જાય અને કદી પણ દિવસ ન ઉગે. એક તખ્તી લટકેલી છે જેના પર કાળી તથા સફેદ લીટીઓ તાણેલી હોય છે તે જોઈને ક્યારેક વધુ કરે છે ક્યારેક ઓછી કરે છે. જ્યારે વધારે કરે છે તો રોશની થઈ જાય છે અને જ્યારે ઓછી કરે છે તો અંધકાર છવાઈ જાય છે. એ જ કારણે ક્યારેક દિવસો મોટા થઈ જાય છે તો ક્યારેક રાતો લાંબી થઈ જાય છે. ખ્વાજા સાહબ જ્યારે આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને આલમે સુક્રમાં ફર્માવ્યું કે આ રાહમાં અલ્લાહ તઆલાના એવા મર્દ પણ છે કે જે મામલા જહાનમાં ગુજરે છે અને કુદરતની અજાયબીઓથી જે અસ્તિત્વમાં આવે છે તે સૌ એમની નજરો સમક્ષ છે અને તેને જુએ છે અને ખુદાના બંદાઓ સમક્ષ તે મામલો રજૂ કરે છે.

# ફ્રાંસની ગાયિકાનો
# ઈસ્લામ સ્વીકાર !

રજૂકર્તા : **હાફેઝ મુહમ્મદ સજ્જાદ પટેલ-દયાદરા**

ફ્રાંસની ગવર્નમેન્ટે પર્દા પર પાબંદીનો કાનૂન પાસ કરી દીધો. આ કાયદા પ્રમાણે જાહેરમાં પર્દો પહેરવા પર પાબંદી લાગુ કરી દીધી છે. જો કોઈ મુસલમાન સ્ત્રી પર્દો કરી બહાર નીકળે તો નવા કાયદા પ્રમાણે આ કામ ગુનો બને છે, જેથી એવું પણ થઈ ચૂક્યું છે કે મુસલમાન સ્ત્રી જ્યારે પર્દો કરી ઘરની બહાર નીકળે તો એને ગિરફતાર કરવામાં આવી છે અને એમના પર કેસ ચલાવવામાં આવેલ છે. પરંતું ફ્રાંસની ગવર્નમેન્ટ આના માટે શું કરે કે જ્યારે ફ્રાંસની મશ્હૂર ગાયિકા ઈસ્લામ કબૂલ કરીને અચાનક ટી.વી. પર આવે અને ઈસ્લામની શાનમાં ગુણગાન વર્ણન કરતી જોવા મળે ?!

ફ્રાંસની ગવર્નમેન્ટે એવું સમજી લીધું હતું કે પર્દા પર પાબંદી કરીને એને ફ્રાંસમાં ઈસ્લામને ફેલાતો અટકાવી દીધો છે. વાત એ છે કે પર્દાએ ફ્રાંસમાં ઘણી મક્બૂલિયત હાંસિલ કરી લીધી હતી. યુવાન સ્ત્રીઓમાં પર્દો પહેરવાનું ચલણ વધી રહ્યું હતું. ગવર્નમેન્ટી રિપોર્ટ પ્રમાણે પર્દાના વધતા ચલણથી સ્ત્રીઓ ઘણી પ્રભાવિત હતી અને ઈસ્લામ કબૂલ કરવાના બનાવો વધુ પ્રમાણમાં બનવા લાગ્યા હતા. યહૂદી અને ઈસાઈઓએ ફ્રાંસમાં ઈસ્લામને ફેલાતો અટકાવવા માટે પર્દા પર પાબંદી લગાડવું જરૂરી સમજ્યું જેથી ગવર્નમેન્ટ પર દબાણ કરવામાં આવ્યું. અને ત્યાંની કાયદાની ટીમે આ કાયદો બનાવી દીધો જેના લીધે આખા ફ્રાંસમાં પર્દો પહેરવાનું બંધ કરી દેવામાં આવ્યું, જેથી પર્દો બનાવતી જેટલી કંપની હતી તેમણે પર્દો બનાવવાનું બંધ કરી દીધું. જો કે ગવર્નમેન્ટના આ ફેંસલાનો સખ્ત વિરોધ કરવામાં આવ્યો છતાં લોકોના વિરોધ પર ધ્યાન આપવામાં ન આવ્યું. મુસલમાનોએ ગવર્નમેન્ટે બનાવેલ કાયદાનો સખ્ત વિરોધ કર્યો અને કાયદાને બદલવા માટે અદાલતના દરવાજા ખટખટાવ્યા, પરંતું અદાલતે પણ ફેંસલો ગવર્નમેન્ટ તરફી આપ્યો. આવા માહોલમાં જો કોઈ મશ્હૂર ગાયિકા પર્દો પહેરી ટી.વી. પર દેખાય તો એનાથી કેવો હંગામો થઈ શકે છે એનો અંદાજો લગાડવો મુશ્કેલ નથી.

ગાયિકા મયલિની જ્યોર્જિયા દીસ ફ્રાંસની ખૂબ જ લોકપ્રિય કર્ણપ્રિય અવાજ ધરાવનારી મહિલા છે. કુદરતે એને ખૂબ જ મધુર અવાજ આપ્યો છે. એના ગવાયેલા ગીતો ફ્રાંસમાં ખૂબ જ લોકપ્રિય છે. ફ્રાંસની ગ્રામ્ય ભાષામાં તેણીએ જે ગીતો ગાયાં છે તે આમ તથા ખાસ બધા પસંદ કરે છે. હજી બહુ સમય પણ નથી વહ્યો કે આ ગાયિકાના હુસ્ન તથા ખૂબસૂરતીની ચર્ચાઓ આમ હતી. જ્યારે આ ગાયિકા સ્ટેજ પર પોતાને પ્રદર્શિત કરતી તો દિલ અને જાન ફિદા કરનારા યુવાનો દરેક સમયે તેની ચારો તરફ હાજર રહેતા હતા. ગાયિકાએ ઘણી દોલત કમાઈ હતી, એ શરાબની શોખિન હતી. એના વિશે મશ્હૂર છે કે તેણી દુનિયાના ખૂણે ખૂણેથી એના માટે કિંમતી શરાબ મંગાવતી હતી. એના કોઈ ચાહવાવાળાએ યકીન દેવડાવ્યું હતું કે તેણી જેટલુ ઉમદા શરાબ પીશે એટલા જ પ્રમાણમાં એના અવાજનું આકર્ષણ તથા મીઠાશ વધતી રહેશે. પરંતું આ સમય દરમ્યાન ગાયિકાના જીવનમાં એક પરિવર્તન આવ્યું જ્યારે તેને મોરિશિયસ જવાનુ થયું. ગાયિકાના પોતાના બયાન પ્રમાણે એને ત્યાં પહોંચી ઈસ્લામની જાણકારી મળી. એના જવાનો મક્સદ ફક્ત હરવા ફરવાનો હતો, પરંતું ત્યાં એક મુસલમાન સ્ત્રીએ તેની જિંદગી બદલી નાખી. હસીનો જમીલ ગાયિકા અત્યાર સુધી એવું સમજતી હતી કે જિંદગી ખેલકૂદ તથા મનોરંજનનું નામ છે પણ પહેલી વાર એને જાણવા મળ્યું કે ઈન્સાનની જિંદગીનો મક્સદ ઘણો બુલંદ છે. તેણીએ મોરિશિયસમાં રહીને ઈસ્લામી કિતાબો પઢી અને પોતાની જાતને સમજી. તેણીએ એ રાઝ મેળવ્યું કે જિંદગી નાચવા, ગાવા અને શરાબખોરીનું નામ નથી,

એ વસ્તુઓ તો હરામ છે, પરંતું જિંદગીનો મક્સદ એ છે કે ઈસ્લામના પાકીઝા કાનૂનના પ્રમાણે જીવવામાં આવે. ગાયિકાએ ટી.વી. પર પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું કે, તેણીએ ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કર્યો અને પહેલીવાર એ હકીકત સામે આવી કે ઈસ્લામ દુનિયાનો મહાન મઝહબ છે. આ મઝહબ કોઈ ઈન્સાનનો બનાવેલ નથી, પરંતું આ અલ્લાહની વહીથી દુનિયાને આપવામાં આવ્યો છે. પોતાના ઈન્ટરવ્યુમાં તેણીએ જાહેર કર્યું કે તેણે ઈસ્લામ કબૂલ કરી લીધો છે, અને પર્દાનુ ઈસ્લામમાં ઘણુ મહત્વ છે. **પર્દા વિના મુસલમાન સ્ત્રી હલકી અને બેઈજ્જત છે. કોઈ મુસ્લિમ સ્ત્રીની ઈજ્જત અને આબરૂની ગેરન્ટી પર્દો કરવામાં છુપાયેલી છે. જે મુસલમાન સ્ત્રી પર્દો કરે છે એ, એ વાતનું એલાન કરે છે કે એમની જિંદગીમાં રોશની છે અને અંધકારમાંથી નીકળી તે નૂરાની દુનિયામાં દાખલ થઈ ગઈ છે.** ફ્રાંસની ગાયિકાએ બતાવ્યું કે જ્યારથી તેણીએ પર્દો કરવાનું શરૂ કર્યું છે ત્યારથી તેની જિંદગી બદલાઈ ગઈ છે. પહેલાં તે મદહોશીની (નશામય) જિંદગી પસાર કરતી હતી, હવે તેને એના પર ફખ્ર છે કે તેણીએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો છે અને તેની જિંદગી ઈસ્લામી કાનૂન મુજબ (પ્રમાણે) પસાર થઈ રહી છે.

ગાયિકાના આ ઈન્ટરવ્યુથી ફ્રાંસમાં એક હંગામો ખડો થઈ ગયો છે. બધી જગ્યાએ તેના ઈન્ટરવ્યુની ચર્ચા થઈ રહી છે. સવાલ એ પેદા થાય છે કે પર્દો પહેરવા પર જ્યારે પાબંદી લગાડવામાં આવી તો આ ગાયિકા પર્દા સાથે ટી.વી. પર કેવી રીતે આવી ગઈ ?! એ પણ જાહેર કર્યું કે પર્દો કરવો મુસલમાન સ્ત્રીઓનો બંધારણીય હક્ક છે. તેણીએ આશ્ચર્ય કરતાં કહ્યું કે **નગ્ન અવસ્થામાં સ્ત્રીઓના સમાજમાં બેશર્મી સાથે ફરવાથી કોઈ ખરાબી પેદા નથી થતી અને પર્દો કરી ઘરની બહાર નીકળવાથી સમાજ બગડી જાય છે ?!** ગાયિકાનું કહેવું છે કે **આ પશ્ચિમના બુધ્ધિશાળીઓની અક્કલનું દેવાળુ નીકળેલું દર્શાવે છે.** ગાયિકાનું કહેવું છે કે તેણે ફ્રાંસના કાનૂનને તોડી કાઢયો છે હવે જો હુકૂમતમાં હિમ્મત હોય તો તેના પર કાનૂની કાર્યવાહી કરે. ઈસ્લામની દુશ્મનીએ ઈસાઈઓને એટલા પ્રમાણમાં ભયભીત કરી દીધા છે કે તેઓ દરેક સમયે ઈસ્લામને ફેલાતો અટકાવવા જાત જાતની હરકતો કરે છે. ભલે પર્દો કરવા પર પાબંદી લગાડી દીધી છે તેમ છતાં પણ કેટલાક મુસ્લિમ બહુમતિ વિસ્તારમાં મુસ્લિમ સ્ત્રીઓ પર્દો કરતી દેખાઈ રહી છે. અસલમાં ઈસ્લામ એક વિશ્વ ધર્મ છે એના પર પાબંદી લગાડવી શક્ય નથી. ટેમ્પરરી તોફાન આવવાથી કેટલીક ધૂળ કચરો જરૂર ઉડી શકે છે, પરંતું ઘણા જ જલ્દી રહમતનું વાદળ વરસે છે અને વાતાવરણની ખરાબીઓને દૂર કરી દે છે અને ઈસ્લામ માટે માહોલ પહેલાં કરતાં વધુ અનુકૂળ બની જાય છે. ઈસ્લામના ઉદયના સમયે મુસલમાનો વિચારી પણ શક્તા ન હતા કે ઈસ્લામનો પરચમ પશ્ચિમી દેશોમાં પણ લહેરાતો દેખાશે, પણ દુનિયા જોઈ રહી છે કે જમીનના દરેક હિસ્સા પર મુસલમાન મૌજૂદ છે અને કોઈપણ જાતની પાબંદી ઈસ્લામને ફેલાતો અટકાવી નથી શક્તી. સાબિત થઈ ગયું છે કે ફ્રાંસની ગવર્નમેન્ટ પર્દા પર પાબંદી લાવવામાં નિષ્ફળ સાબિત થઈ છે. ગાયિકાનું પર્દા સાથે ટી.વી. પર આવવું ફ્રાંસની ગવર્નમેન્ટના મોઢા પર એક જોરદાર તમાચો છે. જોવાનું એ છે કે ફ્રાંસની ગવર્નમેન્ટ હવે શું પોલિસી અપનાવે છે. *(નઈ દુન્યા અઠવાડિક–દિલ્હી, ૧૫ થી ૨૧ ઓક્ટોબર–૨૦૧૨)*


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અહસનુલ ઉલમા બરકાતી رحمۃ اللہ علیہની કરામતોની ઝલક !

સંપાદક : **હઝરત મૌલાના મુહમ્મદલિયાકત અલીખાં ક઼ાદરી બરકાતી (હૈદ્રાબાદ)**

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*પ્રિય વાંચકો ! અહસનુલ ઉલમા હઝરત ક઼િબ્લા સૈયદ મુસ્તફા હૈદર હસનમિયાં બરકાતી رحمۃ اللہ علیہ (જન્મ : ૧૦ શાબાન હિ.સ. ૧૩૪૫, અંગ્રેજી તા. ૧૩–૨–૧૯૨૭, વિસાલ : ૧૫ રબીઉલ આખર હિ.સ. ૧૪૧૬, અંગ્રેજી તા. ૧૧–૯–૧૯૯૫) સાથે મુઝ નાચીઝને પણ બે વાર મુલાકાતનો શરફ હાંસલ થયો હતો. એકવાર ખલીફાએ મુફતીએ આઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ અબુલ કલામ રઝવી સાહબ (હાલ : લેસ્ટર, યુ.કે.) સાથે મારહરા શરીફની હાજરી દરમ્યાન અને બીજીવાર જનાબ હાફિઝ હસન રઝવી હલદરવી (હાલ : બોલ્ટન, યુ.કે.)ની સાથે મારહરા શરીફમાં આપના દૌલતકદામાં જ મુલાકાતનો શરફ હાંસલ થયો હતો. દુઆની અપીલ કરતાં હાથ ઉઠાવીને આપે અમને ખૂબ જ દુઆઓ આપી હતી તેમજ ખાસ વાત કે પીરો તરફથી લોકોને તોહફા મળતા હશે, ના નથી ! પણ મારા અનુભવ પ્રમાણે કોઈ પીર સાહબ તરફથી મુલાકાતીને તોહફો મળતો મેં તો પ્રથમવાર મારાહરા શરીફમાં જોયો ! કે આપ હઝરતે અમને એક એક બોકસ સ્વીટ (યુ.પી.ની વેરાઈટી ચીકી જેવી) અર્પણ કરી હતી. આપની એ સાદગી તથા શફકત હજી પણ યાદ આવે છે. એ જ મહાન હસ્તીના જીવનની એક બે કરામતો અત્રે રજૂ કરીએ છીએ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ખાણામાં બરકાતી લંગરની બરકત ! ★

ચોતરફ ચહલ પહલ સાથે હૈદ્રાબાદની ગલીઓમાં ધૂમધામ છે, મારા ઉસ્તાદ હઝરતુલ અલ્લામ, ખલીફા હુઝૂર અમીને મિલ્લત, મૌલાના શહાબુદ્દીન સાહબ ક઼િબ્લાના ચહેરા પર ખુશીના આષાર, મદ્રસા જામિઆ ગ઼ૌષિયા અહસનુલ બરકાતના દરેક ખૂણામાં ભીડભાડ, સાંજનો સુહાનો સમય, વીજળીના ઝબુકીયાંનો જગમગાટ, મહેમાનોની આવજા તથા ઉલમાએ કિરામના નૂરાની કાફલાનો મેળો જોવામાં આવી રહ્યો હતો. આ બધું શા માટે હતું ?! પૂછવા પર જાણવા મળ્યું કે મુસ્તફા صلی اللہ علیہ وسلمના ઘરાનાના મોઅઝ્ઝઝ શાહઝાદાએ હૈદ્રાબાદની વસ્તી પર મુબારક ક઼દમ રાખ્યા છે. શાહઝાદાનું આગમન પ્રથમવાર જ મૌલાના સાહબના દૌલતક઼દા પર થયું છે જેથી મૌલાના સાહબ ફૂલ્યા નથી સમાતા ! આપની કૈફિયત જાણે કહી રહી છે કે :–

***વો આયે હમારે ઘર પે, ખુદા કી કુદરત હૈ !***
***કભી હમ ઉનકો દેખતે હૈં કભી હમારે ઘર કો !***



આ ઈ.સ. ૧૯૭૩ પણ કેવું સરસ છે કે આ વરસે અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہ જેવી શખ્સિયતે પ્રથમવાર હૈદ્રાબાદને પોતાના ક઼દમોની બરકતોથી સરફરાઝ કર્યું છે. વ્યવસ્થાપકો તથા કાર્યકર્તાઓ આ જશ્નની ખુશીમાં આનંદભેર બહાર મહેમાનોને ખવડાવી રહ્યા છે, એવામાં કોઈકે અચાનક મૌલાનાને ખબર આપી કે બે દિવસોના ખાણાની વ્યવસ્થા હતી પણ આજે થોડીક વાર પછી વ્યવસ્થા ખત્મ થનાર છે, અને

મહેમાન હજી અડધાથી વધુ જમવાના બાકી છે. બસ! હવે શું હતું ! ખુશીઓની વિદાય થઈ ગઈ અને ચિંતામાં મૌલાના સાહબની સ્થિતિ અજીબ થઈ ગઈ. હવે જલ્દીમાં શું થઈ શક્તુ હતું ? મૌલાના સાહબે ફર્માવ્યું કે ચાવલ તથા બટાટા જલ્દીથી લાવીને વ્યવસ્થા કરીને મહેમાનોને ખવડાવો ! હજી વ્યવસ્થાની શરૂઆત થતી હતી એ દરમ્યાન મૌલાના સાહબે બે ચાર વાર અલ્લાહના એ મુકર્રબ બંદા, અઝીમુલ મર્તબત, વલીએ કામિલ, ખાનદાને મુસ્તફાના મોઅઝ્ઝઝ્ શાહઝાદાની સામેથી પસાર થવાનું થયું. સરકાર અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہને સરકાર ગૌષિયતથી વારસામાં જે કશ્ફ મળ્યો હતો જેનાથી જાણી લીધું કે મારા મુરીદનો રંગ ફિક્કો શાથી પડી ગયો છે અને ચહેરાથી ચિંતાના ભાવો શાથી પ્રદર્શિત થઈ રહ્યા છે. નજીક બોલાવીને કારણ પૂછયું કે શાથી પરેશાની છે ? મૌલાના સાહબ હજી બોલવા માટે શબ્દો શોધી રહ્યા હતા, અદબપૂર્વક પરિસ્થિતિ વર્ણવી. તો સરકાર અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہએ સ્મિત વેર્યું અને ઈર્શાદ ફર્માવ્યો, આ શાહ બરકતુલ્લાહ رحمۃ اللہ علیہનો લંગર એ ગૌષ તથા ખ્વાજાનો લંગર હોય છે જેમાં કદી કમી નથી થતી ! તમે કેવા બરકાતી છો ? પ્રથમવાર વ્યવસ્થા કરી રહ્યા છો એટલા માટે ડરો છો ! લો મારા પ્યારા ! આ મારી ચાદર જે થોડીક રોટીઓ બચી છે એમાં નાખી દો અને આ મારો રૂમાલ બચેલા રસા પર રાખી દો અને નીચેથી કાઢીને ખવડાવતા રહો, અને અન્ય કોઈ ચીજની તૈયારી ન કરશો. સુબ્હાનલ્લાહ ! કેટલો ખયાલ છે પોતાના ચાહકોનો !

હઝરત અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે જ્યારે આ રોટી તથા વધેલો રસો ખત્મ થઈ જાય તો મને જણાવજો. સરકાર અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہના જણાવ્યા મુજબ અમલ કરવામાં આવ્યો એટલે કે ચાદર તથા રૂમાલ ઢાંકી દેવામાં આવ્યો. વાહ રે શાને મુર્શિદ ! લંગર ચાલુ રહ્યું અને ખાણુ ખાવાનું ચાલતુ રહ્યું. બીજા દિવસે મોડે સુધી લંગર ચાલુ રહ્યું, પણ દેગ તથા રોટીનો હાલ કોઈ ન જાણી શક્યું કે ક્યાંથી આવી રહી છે ! મુર્શિદે બરહક્કથી નીકળેલ તે વાક્ય કે, "કમી નથી થતી" સાચુ ઠર્યું. અને કેમ ન સાચુ ઠરતું ?! સહાબીએ રસૂલ હઝરત જાબિર رضی اللہ عنہની દેગ સાથે કાંઈક રિશ્તો જોડાઈ ગયો હતો ! આહ ! તે સમય કેટલો ગમનાક હતો જ્યારે હઝરતની રવાનગી થઈ રહી હતી, સવારી તૈયાર હતી. હઝરત હુઝૂર અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મારો રૂમાલ અને ચાદર તો લાવો ! મૌલાના સાહબ દોડયા અને સાથમાં જશ્નના વ્યવસ્થાપકો પણ હતા. હવે જ્યારે દેગથી રૂમાલ અને રોટીથી ચાદર હટાવી તો આશ્ચર્યનો પાર ન રહ્યો કે રોટીઓ પણ અને શાક પણ એટલું જ રહ્યું જેટલું ઢાંકતા પહેલાં હતું ! મૌલાના શહાબુદ્દીન સાહબે ખુશીના માર્યા ફર્માવ્યું, આ મારા મુર્શિદનો કરમ કે ફર્માવ્યું હતું કે, ગૌષ તથા ખ્વાજાના લંગરમાં કમી નથી આવતી !" આ મારા મુર્શિદની ઝિંદા કરામત છે જેને તમો તમારી આંખોથી જોઈ રહ્યા છો. કોઈકે સાચુ કહ્યું છે, "તુમ્હારે મુંહસે જો નિકલી વાત હો કે રહી."

## ★ કીડનીની બીમારી દૂર થઈ ગઈ ! ★

મારહરા શરીફના બુઝુર્ગોનો હમેશાં ઉસૂલ રહ્યો છે કે દુનિયવી ઈલ્મોથી પણ સજ્જ રહ્યા. જાહેરી ઈલ્મો એટલે આલિમે દીન થવું, ઈલ્મે તિબ્બ એટલે હકીમ થવું આ તેમની પૂરાની ખૂબી રહી જ છે કે તેઓ પોતાની વિલાયતને છુપી રાખવાના માટે ઈલ્મે તિબ્બ અને ઈલ્મે દીનનો ઉપયોગ કરતા રહ્યા. લગભગ આ ચીજો પણ તેમને પોતાના બાપદાદાઓથી વારસામાં મળતી રહી. હઝરત મૌલાના મુહમ્મદ શહાબુદ્દીન સાહબ કાદરી બરકાતી ફર્માવે છે કે ઈ.સ. ૧૯૭૬માં ૯–મુહર્રમુલ હરામની રાતની તકરીર કરી રહ્યો હતો એવામાં જમણી બાજુ કીડનીમાં દર્દ શરૂ થયું તો તરત જ તકરીર ખત્મ કરી દીધી પણ દુઃખાવો વધતો જ રહ્યો. પેશાબમાં લોહી આવતું અને દુઃખાવામાં વધારો થતો ગયો. સવારે સ્થાનિક ડોકટર પાલઘર, જિ. થાણાના ડોકટરોએ એકસરે લીધા અને જણાવ્યું કે કીડનીમાં નુકસાની

આવી છે અને ઈલાજ કર્યો, દવાઓ આપી પણ કોઈ ફાયદો ન થયો. પછી ઈલાજના માટે દિલ્હી મારા ભાઈની પાસે આવ્યો પણ ત્યાં પણ કોઈ ફાયદો ન થયો અને હાલત અધિક બગડતી રહી. હૈદ્રાબાદ ઘરે પરત થયો, હવે લોહીની સાથે પરુ પણ નીકળવા લાગ્યું. બરેલીના કીડનીના પ્રખ્યાત ડોકટર ખાનને દેખાડયું. તેમણે કહ્યું કે બસ ! કેવળ એક જ ઈલાજ છે કે કીડનીનું ઓપરેશન કરીને તેને કાઢી લેવામાં આવે, નહીં તો એમની જિંદગીને ખતરો છે. ખર્ચ એટલો જણાવ્યો કે જે મારા વશની વાત ન હતી. મેં કહ્યું કે મૌતના સિવાય હવે કોઈ ઈલાજ નથી એટલે મને મારા મુર્શિદની પાસે લઈ ચાલો. હું સરકાર અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہની બારગાહમાં પહોંચ્યો. હઝરતે જોતાં જ ફર્માવ્યું, મૌલાના ! શો હાલ છે ?! મેં કહ્યું, હુઝૂર ! બસ, આખરી સલામ કરવા માટે હાજર થયો છું. મેં એ મોકાને ગનીમત જાણીને આખી પરિસ્થિતિ જણાવી દીધી. હઝરતે ફર્માવ્યું કે ઉભા થઈ જાવ ! હું અન્યોના સહારે ઉભો થયો. હુઝૂરે મારી કીડનીની જગાએ હાથ મુબારક રાખ્યો અને ઘણીવાર સુધી કાંઈક દુઆઓ પઢતા રહ્યા, પછી મારા પર દમ કર્યો અને ફર્માવ્યું, મૌલાના ! કોણ કહે છે કે કીડની કાઢવી પડશે ?! તમે ફિકર ન કરો ! ઘરે જાવ અને કાંઈક દેશી તથા હોમિયોપેથિક દવા લઈ લેજો, સૌ ઠીક થઈ જશે ! ઈન્શાઅલ્લાહ ! હું હઝરતના હુકમ પર ઘરે પરત આવ્યો, અમુક દવાઓ લીધી. દવા તો કેવળ નામ પૂરતી હતી, નહીં તો કામ તો તે અલ્લાહના મુકર્રબ બંદાની દુઆએ કર્યું હતું ! દર્દ તો દમ કરતાં જ દમ તોડી ચૂક્યું હતું અને હવે જેમ સમય વધતો ગયો તેમ તબીયત મૂળ સ્થિતિ પર આવતી ગઈ. લોહી, પરુ વગેરે બંધ થઈ ગયું, પેશાબ સાફ થવા લાગ્યો અને કમજોરી પણ દૂર થઈ ગઈ અને મને પરવરદિગારે પોતાના મહબૂબ બંદાની દુઆથી શિફાએ કામિલા (સંપૂર્ણ તંદુરસ્તી) અતા ફર્માવી અને આજે તે જ કીડની કામ કરી રહી છે, ન દવા ન પરહેજી ! બસ, હુઝૂર અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہની નઝરે ઈનાયતના સબબથી બફઝલે તઆલા મારી તબીઅત સલામત છે. કોઈકે સાચુ જ કહ્યું છે :–

*નિગાહે વલીમેં વો તાષીર દેખી*
*બદલતી હઝારોં કી તક઼દીર દેખી*

*(હવાલો : કરામાતે અહસનુલ બરકાત, પ્રકાશક : બરકાતી પબ્લિશર્સ, ખારાદર, કરાંચી)*

## ★ હુઝૂર ﷺના અજોડ કમાલાત ★

**પસીના મુબારક :** હુઝૂર ﷺના ખાદિમ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺ અમારે ત્યાં તશરીફ લાવ્યા અને (કયલૂલા) બપોરના ભોજન બાદ આરામ ફર્માવ્યો. ઊંઘમાં આપને પસીના મુબારક થયો તો મારી માં ઉમ્મે સુલૈમે એક શીશી લીધી અને આપનો પસીના મુબારક એમાં ભરવા લાગ્યાં. આપી જાગી ગયા અને ફર્માવવા લાગ્યા કે ઉમ્મે સુલૈમ ! તું આ શું કરે છે ? એમણે અર્ઝ કરી, આ આપનો પસીના મુબારક છે, અમે એને અમારી ખુશ્બુમાં ઉમરીએ છીએ અને એ બધી ખુશ્બુઓથી બેહતર ખુશ્બુ છે ! બીજી રિવાયત મુસ્લિમમાં છે કે ઉમ્મે સુલૈમે આ પ્રમાણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ ! અમે અમારા બાળકો માટે આપના અર્ક મુબારકની બરકતના ઉમ્મીદવાર છીએ. આપે ફર્માવ્યું, તમે સાચું કહ્યું ! સહાબીઓ હુઝૂર ﷺના અર્ક મુબારકને બાળકોના ચહેરા પર અને શરીર પર માલિશ કર્યા કરતા હતા અને એ તમામ બલાઓથી સુરક્ષિત રહ્યા કરતાં હતાં. *(સહીહ મુસ્લિમ)*

**અદબ અને બરકત પ્રાપ્તિ :** હદીષ શરીફમાં મરવી છે કે અબૂ મહઝૂરા ! رضی اللہ عنہની પેશાનીમાં વાળ એટલા પ્રમાણમાં લાંબા હતા કે જ્યારે એ બેસતા અને એ વાળોને છોડી દેતા તો જમીન પર પહોંચતા. લોકોએ એમને પૂછયું કે તમે આ વાળોને આટલા કેમ વધાર્યા છે ? તેમણે કહ્યું કે, હું એ કારણથી એને નથી કપાવતો કે એના પર એક વખતે હુઝૂર ! ﷺનો દસ્તે મુબારક લાગી ગયો હતો. એટલા માટે મેં તબર્રુકના રૂપે વાળોને રહેવા દીધા છે.

# ગર્ભાશય તથા વિર્યનો ગૈર ઈસ્લામી વ્યવસાય

રજૂકર્તા : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આધુનિક યુગના ભૌતિક તથા ઓદ્યોગિક પરિવર્તનોએ તથા રોજની નિતનવા વૈજ્ઞાનિક સંશોધનોએ જેવી રીતે માનવજીવનને દરેક પ્રકારની સહૂલતો અર્પણ કરી છે તેવી જ રીતે માનવી તથા માનવતાની ધજ્જીઓ ઉડાડવામાં પણ કોઈ પ્રકારની કસર બાકી નથી રાખી. વર્તમાન પરિવર્તને ઈન્સાનને શારીરિક રાહત તો જરૂર આપી છે, પરંતુ રૂહાની સુકૂન તથા આધ્યાત્મિક શાંતિથી બિલકુલ વંચિત કરી દીધો છે.

આ એક કડવી હકીકત છે કે આજે તે સંશોધનો તથા પરિવર્તનોના કારણે સંસ્કારી મૂલ્યોની પાયમાલી, ઈન્સાની દિમાગ સતત વ્યાકૂળતા તથા પરેશાની તેમજ માનવતા ભયના કિનારા પર આવીને ઉભી થઈ ગઈ છે. છેલ્લાં પચ્ચીસ ત્રીસ વર્ષથી (જ્યારે કે કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટનો પ્રારંભ થયો) કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટના ફાયદાઓ તથા લાભો, સાઈન્સી સંશોધનોની મહત્વતા, તિબ્બી (ડોકટરી) સંશોધનો તથા મેડિકલ સાઈન્સની આધુનિક ઈલાજ પદ્ધતિ વગેરેની સતત ચર્ચાઓ થઈ રહી છે. બુદ્ધિજીવીઓ તથા કલમકારો તેની મહત્વતા તથા લાભકારક્તા વિશે લિટ્રેચરો પર લિટ્રેચરો લખી રહ્યા છે. પરંતુ હવે સમય આવી ગયો છે કે આ તમામ આધુનિક્તાની સકારાત્મક્તાના સંપૂર્ણ સ્વીકારની સાથે તેની નકારાત્મક્તા તથા તેના ગૈર સાંસ્કૃતિક બલ્કે ગૈર ઈન્સાની પાસાંઓ પર કલમ ઉઠાવવામાં આવે.

વર્તમાનકાળની આ કેટલી મોટી શોકજનક તથા દર્દનાક વાત છે કે આજે માનવ શરીરનો વેપાર, દિલ, કિડની, ફેફસાં, આંખ તથા લોહી વગેરેનો વ્યાપાર મોટાપાયે શરૂ થઈ ચૂક્યો છે. દુનિયાનો કોઈપણ ધર્મ આ પ્રકારના અપ્રાકૃતિક તથા ગૈરઅખ્લાકી વેપારને જાઈઝ તથા ઉચિત નથી ઠરાવતો. પરંતુ માનવી છે કે માલો દૌલતની ખાતર ધાર્મિક નિયમો તથા દીની પરંપરાઓનું ગળુ ઘોંટવા માટે તૈયાર છે.

આધુનિક મેડિકલ સાયન્સમાં પ્રગતિ શું થઈ છે, જાણે માનવ શરીર તથા તેના અંગોની બેહુર્મતી (અપમાન)નો યુગ શરૂ થઈ ગયો છે. પ્રથમ આપણને આલ્કોહોલયુક્ત દવાઓની ભેટ આપવામાં આવી. ત્યારબાદ પ્રસૂતિ (બાળ જન્મ)ને રોકવા માટે ગોળીઓ, ઈન્જેક્શન, કોન્ડોમ, ડાયો ફ્રામ તેમજ કોપર ટી જેવી પદ્ધતિઓની ભેટો મળી. થોડી અધિક પ્રગતિ થઈ તો નસબંદી તથા ટેસ્ટ ટયૂબ બેબી તેમજ કલોનિંગના સંશોધનો બહાર આવ્યાં અને લોકોને મજબૂર કરીને આવા મહાન ગુનાહને આચરવા માટે જબરદસ્તી કરવામાં આવી. આ સર્વ મેડિકલ સાયન્સનો જ કરિશ્મો છે કે આજે બર્થ કંટ્રોલ એટલે કે બાળજન્મની રોકથામ (કુટુંબ નિયોજન) માટે નિમ્ન લિખિત પદ્ધતિઓ અપનાવવામાં આવે છે :–

૧. નિરોધ તથા લૂપ દ્વારા પુરૂષના વિર્યને સ્ત્રીના ગર્ભાશય સુધી નથી પહોંચવા દેવામાં આવતું.
૨. ગર્ભ નિરોધક દવાઓનો ઉપયોગ કરીને ગર્ભધારણ પ્રક્રિયાને રોકવામાં આવે છે, જેનાથી વિર્યનો ગર્ભમાં પ્રવેશ થવાથી પણ કોઈ ફરક પડતો નથી.
૩. ગર્ભધારણ બાદ શરીર રચનાથી પહેલાં ગર્ભપાત કરવામાં આવે છે.
૪. નસબંદી એટલે કે પુરૂષ અથવા સ્ત્રીનું ઓપરેશન કરાવવામાં આવે છે. જેથી બાળક પૈદા કરવાની શક્તિનો નાશ થઈ જાય છે.

નસબંદીના હરામ હોવામાં કોઈ શંકા નથી. નસબંદી કરાવવી એ ઘણો મોટો દીની તથા અખ્લાકી અપરાધ છે. અફસોસ એ છે કે હવે મુસ્લિમોમાં નસબંદી જેવી ધૃણાસ્પદ વબા ફેલાઈ રહી છે. ગરીબી, મુફલિસી અથવા બાળકીના જન્મની બીકે મુસ્લિમ સ્ત્રીઓ પણ નસબંદી કરાવવા માંડી છે જેમાં તેમના પતિઓની રઝામંદી પણ સામેલ હોય છે. પતિ પત્ની બંનેવ શરીઅતની દૃષ્ટિએ મુજરિમ, ગુનેહગાર તથા અઝાબે આખેરતના હક્કદાર છે. એ જ પ્રમાણે ગર્ભપાત (જ્યારે ગર્ભમાં જાન આવી જાય) નાજાઈઝ તથા હરામ છે. કુર્આને પાકમાં છે : لَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ خشية املاق "પોતાની ઔલાદને ગરીબીના ખૌફથી કતલ ન કરો."

અને કત્લ (હત્યા) નામ છે કોઈ જીવંત અસ્તિત્વને જીવનથી વંચિત કરવું જ્યારે હમલ (ગર્ભ)માં રૂહ તથા જિંદગીની નિશાનીઓ પૈદા થઈ જાય ત્યારબાદ ગર્ભને કોઈપણ રીતે (નસબંદી, ઈન્જેક્શન અથવા ટેબલેટ દ્વારા) પડાવી નાખવું એ પણ એક પ્રકારની જાનની હત્યા છે. અને આયતે કરીમા જેમાં ઔલાદને કત્લ કરવાથી રોકવામાં આવ્યું છે, તેમાં આ પ્રકારનું કુકર્મ પણ સામેલ છે.

મુંબઈથી પ્રકાશિત થતું સાપ્તાહિક "જસારત" અંક ૮ થી ૧૪ જુલાઈ ૨૦૧૨ના ફ્રન્ટ પેજ પર છપાયેલ એ લેખ વાંચીને આશ્ચર્ય તથા અફસોસ થયો કે માનવી કેટલો બેશરમ તથા બેગૈરત થઈ ગયો છે કે તે પોતાની જિંદગીના કિંમતી જૌહર (વિર્ય)ને પણ વેચવા માટે મેદાનમાં ઉતરી આવ્યો છે. પુરૂષ પોતાનો અણમોલ રત્ન (વિર્ય)ને વેચી રહ્યો છે ! સ્ત્રીઓ પોતાના ગર્ભાશય તથા વિર્યને ભાડેથી આપી રહી છે ! આ ગૈર પ્રાકૃતિક તથા ગૈર કાનૂની અપરાધમાં સ્ત્રી પુરૂષ, મુસ્લિમ ગૈર મુસ્લિમ દરેક સમાન રીતે સામેલ છે. (અલ્લાહની પનાહ !)

લેખનો આ પેરેગ્રાફ ધ્યાનથી વાંચો જેમાં વિશ્વાસપાત્ર હવાલાઓથી સાપ્તાહિક "જસારત"માં લખ્યું છે : "મુંબઈમાં કૃત્રિમ પ્રસૂતિક્રિયા (જન્મક્રિયા) એટલી આમ થઈ થઈ છે કે લેબોરેટ્રીમાં અલગ અલગ પુરૂષોનાં વિર્ય તથા વિવિધ સ્ત્રીઓના સક્રિય કોષોના નમૂનાને કાયદેસર સ્ટોક બેંકના રૂપમાં સુરક્ષિત રાખવામાં આવે છે, જ્યાં ઔલાદના આરઝૂમંદ દંપત્તીઓ મોટી રકમો ખર્ચીને ઉપરોક્ત પદ્ધતિઓ દ્વારા સંતાન પ્રાપ્ત કરે છે. પરંતુ તેઓને એની ખબર નથી હોતી કે વિર્ય ક્યા પુરૂષનું છે તથા કોષો કઈ સ્ત્રીના છે ? બીજા શબ્દોમાં સ્ત્રીઓ પોતાના ગર્ભાશય તથા પુરૂષ પોતાના વિર્યને ભાડેથી આપીને અથવા લઈને તેમજ ડોકટરો પોતાની ઔપચારિક ગતિવિધિઓના બદલામાં વ્યાપારી સ્તરે ચાંદી તોડી (માલ કમાઈ) રહ્યા છે જેને Commercial Sorrogacy કહે છે. મુંબઈથી પોતાની મરજી મુજબ વિર્યને વકફ (વિર્યદાન) કરનારનું નામ વગેરે ગુપ્ત રાખવામાં આવે છે. પરંતુ જે રીતે દલાલોના ફંદામાં ફસાઈને શાદીશુદા (પરણીત) તથા અપરણીત સ્ત્રી પુરૂષો, નવજવાન યુવક યુવતીઓને પૈસાની લાલચ આપીને વિર્ય તથા સ્ત્રીકોષોને દાન કરાવવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સ્ત્રી પુરૂષો પણ સામેલ છે. માધ્યમોથી મળતી ખબર મુજબ મુંબઈના બાંદ્રા, ખાર, મલાડ, માલૌની, ગોવન્ડી, રફીક નગર, કુર્લા, ધારાવી, મુહમ્મદ અલી રોડ, મદનપૂરા, કલ્યાણ, મુંબ્રા, મીરા રોડ, તથા ઉલ્હાસ નગર આ પ્રકારના વ્યાપારનાં અગ્રેસર કેન્દ્રો છે." આ ખબર વાંચીને નાછૂટકે ઝબાનથી નીકળી જાય છે કે : *રોશની લાઈ હૈ મંઝિલ સે બહુત દૂર હમેં*

આ નાજાઈઝ કારોબાર મુંબઈ સિવાય દિલ્હી, ગુજરાત તથા હિંદુસ્તાનના અન્ય કેટલાયે મોટા શહેરોમાં અત્યંત આયોજનપૂર્વક, ગુપ્ત રીતે ચાલી રહ્યો છે. પાકિસ્તાન તથા બાંગલાદેશમાં પણ ડોકટરોનો આ ખતરનાક ખેલ ચાલી રહ્યો છે. જો પ્રશાસને સમયસર કોઈ અસરકારક પગલુ ન ભર્યું તો એ દિવસો દૂર નથી કે જ્યારે માનવ શરીરનો આ ગૈરપ્રાકૃતિક તથા ગૈર અખ્લાકી વ્યવસાય હિંદુસ્તાનના દરેક નાના મોટા શહેરોમાં કિટાણુઓની

જેમ ફેલાઈ જશે અને એ ભારતના નિરોગી શરીર પર કોઈ નાસૂર (અસાધ્ય કાયમી ઘા)થી ઓછુ નહીં હોય. હિંદુસ્તાની શાસનની ચાર મહાભૂત સમિતિઓ (ચાર સંવિધાનો) કાનૂની વ્યવસાય, ન્યાયતંત્ર, વહીવટી તંત્ર તથા મીડિયાએ આ બુરાઈના વિરુદ્ધ સખત પ્રયત્નો કરવાની જરૂરત છે જેથી માનવઅંગોનું વેચાણ તથા શરાફત તથા અખ્લાકથી વંચિત આવા નાજાઈઝ ગૈર કાનૂની વ્યવસાયના ભયાનક તોફાનથી આખા ભારતને સુરક્ષિત રાખી શકાય.

ઈસ્લામી તથા શરીઅતની દષ્ટિએ આ પ્રકારનો વ્યવસાય નાજાઈઝ તથા હરામ છે તેમજ દુનિયા અને આખેરતમાં અઝાબ તથા નુકસાનનો સબબ છે. ઈસ્લામી શરીઅત કોઈ પણ મુસ્લિમ સ્ત્રી કે પુરૂષને એ વાતની કોઈ સંજોગોમાં ઈજાઝત નથી આપતી કે તે પોતાનું વિર્ય અથવા સ્ત્રી પોતાના કોષોનું વેચાણ કરે તથા સ્ત્રીઓ પોતાના ગર્ભાશયને પ્રસૂતિ માટે ભાડા પર આપે. અલ્લાહ તબારક વ તઆલાએ માનવીને ઈજ્જતદાર તથા પ્રતિષ્ઠાવાન બનાવ્યો છે. ولقد کرمنا بنی آدمના મુજબ ઈન્સાનના સુંદર અસ્તિત્વને એહતેરામ તથા સન્માનના પોશાકથી સુશોભિત કર્યો. આ ઈન્સાન પોતાના તમામ અંગો સહિત મોહતરમ તથા સન્માનના પાત્ર છે, માનવતાના સન્માન તથા એહતેરામની આ મસ્લેહતના ખાતર ઈન્સાની અંગોની લે વેચ, તેના વાળની લે વેચ તથા તેનાથી નફો ઉઠાવવો નાજાઈઝ છે.

હિદાયા''માં છે : ''માનવના અંગોથી ફાયદો ઉઠાવવો તેના મુકર્રમ (મોહતરમ, આદરપાત્ર) હોવાના કારણે હરામ છે.'' *(હિદાયા–૧, પેજ : ૪૧)*

હિદાયા આખિરૈનમાં છે : ''માનવીના વાળોની લે વેચ તથા તેનાથી ફાયદો ઉઠાવવો જાઈઝ નથી, કેમ કે માનવી મોહતરમ તથા સન્માનપાત્ર છે, કોઈ બેકાર ઉપયોગમાં લેવાની વસ્તુ નથી, એટલા માટે નાજાઈઝ છે કે તેના કોઈ અંગ તથા ભાગને હકીર, અપમાનિત કરવામાં આવે તથા તેને ઉપયોગમાં લેવામાં આવે. (કેમ કે તેમાં માનવીની તૌહીન તથા તેનું અપમાન છે, જે માનવ આદરના વિરુદ્ધ છે.)

શરઈ જરૂરત તથા કારણ વિના લોહીના ખરીદ વેચાણને તથા સ્ત્રીના દૂધના ખરીદ વેચાણને તથા તેના ઉપયોગને નાજાઈઝ એટલા માટે ઠરાવવામાં આવ્યું કે આ બંનેવ માનવ અંગોનો એક ભાગ છે અને માનવીના અંગો તથા ભાગોથી લાભ ઉઠાવવો નાજાઈઝ છે.

ગર્ભાશય તથા વિર્યના (સ્ત્રીના પુરૂષના શુક્રાણુઓ)ના કારોબારની માયાજાળ આપણા દેશના મોટા શહેરોમાં આયોજનપૂર્વક વિસ્તૃત સ્તરે ફેલાયેલી છે. હાલના સમાચાર મુજબ દર વર્ષે માત્ર ભારતમાં લગભગ ૨૫ હજાર બાળકો સોરોગેસી એટલે કે કૃત્રિમ પ્રજનન પદ્ધતિ દ્વારા જન્મ લઈ રહ્યાં છે. આ વ્યવસાયમાં અજનબી પુરૂષના વિર્યને અજનબી સ્ત્રીના શુક્ર (વિર્ય)માં એક કરી તેને ત્રીજી અજનબી સ્ત્રીના ગર્ભાશયમાં દાખલ કરવામાં આવે છે. આ પદ્ધતિને અંગ્રેજીમાં **Sorrogacy**નું નામ આપવામાં આવ્યું છે. તેમજ ભાડા પર (ગર્ભાશય) આપનાર સ્ત્રીને સોરોગેટ મધર **Sorrogate Mother** કહે છે.

તે પરણિત દંપતિઓ જે નિસંતાન હોય છે, સોરોગેટ મધર ચોક્કસ રકમ લઈને તથા દંપતિઓ માટે બાળક પેદા કરી આપે છે. વળી આશ્ચર્યજનક તથા અફસોસનાક વાત એ છે કે આવા દુષ્કર્મને ''માનવ સેવા'' તથા ''સમાજ સેવા''નું નામ આપવામાં આવે છે ! આવા ગૈરપ્રાકૃતિક કાર્ય તથા કૃત્રિમ પ્રજનન પદ્ધતિનો સદ્બુદ્ધિ તથા એક સંસ્કૃત, સુસભ્ય સમાજ કોઈપણ સંજોગોમાં સ્વીકાર ન કરી શકે, ભલે તેને કેટલુયે સુંદર તથા આકર્ષક નામ આપવામાં કેમ ન આવે !

લોહીની જેમ વિર્ય પણ માનવીનો એક અતિ મહત્વપૂર્ણ ભાગ તથા અણમોલ જીવનરત્ન છે અને જે રીતે લોહી નાપાક તથા નજાસતે ગલીઝા છે એ જ રીતે વિર્ય પણ નાપાક તેમજ નજાસતે ગલીઝા છે.

જે રીતે શરઈ હાજત તથા જરૂરત (કારણ) વિના

લોહીની લે વેચ તથા તેનાથી ફાયદો ઉઠાવવો નાજાઈઝ છે, એ જ રીતે વિર્ય, શુક્ર વગેરેનું ખરીદ વેચાણ તથા તેનાથી ફાયદો ઉઠાવવો નાજાઈઝ છે. કેમ કે લોહીની જેમ એ પણ માનવ શરીરનો એક ભાગ છે. અને માનવી પોતાના તમામ અંગો સહિત પ્રતિષ્ઠિત છે, એહતેરામના પાત્ર છે, તેના કોઈપણ ભાગનો ફાયદો ઉઠાવવાના હેતુથી ઉપયોગ કરવો નાજાઈઝ છે, તો પછી વિર્યની લે વેચ તથા વિવિધ લેબોરેટરીઓમાં પસાર થઈને ડોકટરોના હાથે તેનું વેચાણ કઈ રીતે જાઈઝ થઈ શકે છે ? જ્યારે માનવીના વાળ, લોહી તથા સ્ત્રીઓના દૂધની લે વેચ માનવ શરીરનો ભાગ હોવાના કારણે નાજાઈઝ થઈ શકે છે, તો ભલા ઈન્સાની નુત્ફા (સ્ત્રી પુરૂષના શુક્રાણુઓ)ની લે વેચ કઈ રીતે જાઈઝ થઈ જશે ?

### ★ સોરોગેસી તથા ગર્ભાશય, વિર્યના કારોબારના નાજાઈઝ હોવાના કારણો ★

**૧.** સ્ત્રી પુરૂષના નુત્ફા (વિર્ય)ની લે વેચ નાજાઈઝ છે.

**૨.** એક ગૈરપુરૂષનું વિર્ય અજનબી સ્ત્રીના ગર્ભાશયમાં પ્રવેશ કરવામાં આવે છે, અને તે નાજાઈઝ છે. કેમ કે હદીષમાં પોતાના પાણી (વિર્ય)થી ગૈરની ખેતીની સિંચાઈ કરવાથી મના કરવામાં આવ્યું છે. (જે એક પ્રકારનો ઝિના વ્યભિચાર કહેવાય) અને અહીંયાં સ્થિતિ તો અધિક બુરી છે કે ગૈરની ખેતીની સિંચાઈ જ નથી થતી બલ્કે તેમાં ગૈર (અજનબી)નું બીજ ઓરવામાં આવે છે ! તો આવી પરિસ્થિતિમાં તેના નાજાઈઝ હોવામાં શું શંકા થઈ શકે છે ?!

**૩.** સતર છુપાવવું સ્ત્રી પુરૂષ પર ફર્ઝ છે. જરૂરત વિના કોઈની સામે સતર ખોલવું અથવા નગ્ન થવું સખત હરામ તથા ગુનો છે. સ્ત્રીના ગર્ભાશયમાં પુરૂષનો નુત્ફો (વિર્ય) દાખલ કરવા માટે કોઈને કોઈ રીતે કપડાં ઉતારવાં પડે છે અથવા કમસે કમ સતર તો ખોલવું જ પડે, જેથી શરીઅતના એક મહત્વના હુકમ (સતર છુપાવવું ફર્ઝ છે)ની વિરુદ્ધ છે, જેનાથી કેટલીય બુરાઈઓનો દરવાજો ખુલે છે.

**૪.** અને સૌથી મોટી ખરાબી તો એ લાગુ પડશે કે શાદી શુદા મુસ્લિમ દંપતિ જેઓ ઔલાદથી મહેરૂમ છે, જો તેઓ કોઈ ગૈર મુસ્લિમ સ્ત્રી પુરૂષનું વિર્ય વેચાતુ લઈને પ્રજનન (જન્મ) માટે કોઈ ગૈર મુસ્લિમ સ્ત્રીને ભાડેથી આપી દે. અને તે ગૈર મુસ્લિમ સ્ત્રી મુદ્દત પૂરી થયા પછી તે બાળકને મુસ્લિમ દંપતિના હવાલે કરી આપે તો તે બાળક સાબિતુન્નસબ નહીં હોય (હરામી ઔલાદ કહેવાશે). આ ઉપરાંત ગૈર મુસ્લિમોનો નુત્ફો હોવાના કારણે તથા ગૈરમુસ્લિમ સ્ત્રીના ગર્ભાશયમાં પોષણ પામવાના કારણે બાળ કના દીન તથા અખ્લાક઼ ઉપર પણ ખરાબ અસર પડી શકે છે. જેથી આ કૃત્રિમ પ્રજનન પદ્ધતિ ઘણી બુરાઈઓ તથા શરઈ ખરાબીઓનું મૂળ છે.

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : **اویز جھم ذکرا واناثا ویجعل من یشاء عقیما** ''અલ્લાહ તઆલા પોતાની કુદરતથી જેને ચાહે તેને પુત્ર (છોકરો) અતા કરે છે, જેને ચાહે તેને પુત્રી અતા કરે છે, અને જેને ચાહે તેને વાંઝ બનાવે છે.''

આ જ કુદરતનો નિઝામ (વ્યવસ્થા) છે અને પ્રકૃતિનો નિયમ છે. માનવીના જીવનનો ખાલિક઼ (સર્જક) અલ્લાહ તબારક વ તઆલા છે. આ શરીર આપણી પાસે અલ્લાહ તબારક વ તઆલાની ભેટ આપેલ અમાનતો છે, આપણે આપણા શરીરના કોઈપણ ભાગના માલિક નથી, તો પછી આપણને શું હક્ક઼ લાગે છે કે આપણે પોતાનો નુત્ફો (વિર્ય) વેચી નાખીએ અથવા પોતાની કૂખને ભાડે આપી દઈએ ?! ગૈર લોકોથી તો શિકાયત કરવી બેકાર છે, પરંતુ મુસલમાન ભાઈ બહેનોને વિનંતિ છે કે તેઓ અલ્લાહ તબારક વ તઆલાના વાસ્તે આ ભયાનક દુષ્કર્મમાં સપડાઈને અલ્લાહ તથા રસૂલની નારાઝગીનો ભોગ ન બને. અલ્લાહ તબારક વ તઆલા આપણને સીધા માર્ગની હિદાયત નસીબ ફર્માવે. (આમીન)

*(હવાલો : અશ્રફિયા મંથલી, ઓકટો.–૨૦૧૨)*

# બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલ મન્નાન رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલમન્નાન (رحمۃ اللہ علیہ) નામ પડતાં જ આપની મહાનતા જાહેર થઈ જાય છે કે આપને આ લક઼બ મહાન ઉલમાએ આપ્યો તથા સૌએ ક઼બૂલ રાખ્યો છે એટલે કે ''ઈલ્મોનો સમંદર !'' વર્તમાનકાળમાં મોટાભાગે મોટા મોટા લક઼બો લાયક ગૈરલાયકને પણ આડેધડ આપવામાં આવતા હોય છે, પણ આપના લક઼બ પર વાસ્તવિક્તાની મહોર લાગેલી છે કેમ કે આ લક઼બ આજકાલનો નથી અને પબ્લિકે કે મુરીદોએ આપેલો નથી ! જેમ કે શહઝાદાએ અહસનુલ ઉલમા શરફે મિલ્લત હઝરત સૈયદ મુહમ્મદ અશરફ સાહબ ક઼ાદરી મારહરવી જણાવે છે : ''મને ઈલ્મ નથી કે અલ્લામા મુફ્તી અબ્દુલ મન્નાન સાહબ رحمۃ اللہ علیہને ''બહરુલ ઉલૂમ''નો લક઼બ ક્યારે અને કઈ હસ્તીએ અતા કર્યો, પરંતુ એટલી વાત સારી રીતે યાદ છે કે આ સાદા લિબાસ અને સાદા સ્વભાવવાળા મુફ્તી એ સમયે પણ બહરુલ ઉલૂમના લક઼બથી ઓળખાતા હતા જ્યારે હુઝૂર સૈયદુલ ઉલમા, હુઝૂર અહસનુલ ઉલમા, હુઝૂર મુફ્તીએ આ'ઝમ, હુઝૂર હાફિઝે મિલ્લત, હુઝૂર મુજાહિદે મિલ્લત તથા મુફ્તી શરીફુલ (رحمۃ اللہ علیہم اجمعین) જેવા જય્યદ રૂહાની તથા ઈલ્મી અગ્રેસરો દુનિયામાં મૌજૂદ હતા અને આ સૌ બહરુલ ઉલૂમની ઈલ્મિયત તથા દીની ઈખ્લાસની ખૂબીઓની ક઼દર કરનારા હતા.

અમીને મિલ્લત હઝરત ડો. સૈયદ અમીનમિયાં મારહરવી સાહબ ફર્માવે છે : ''આપની સાદગી, તફક્કુહ તથા ઈલ્મિયતનો અંદાઝો એ જ લોકો લગાડી શકે છે જેઓ એમને મળી ચૂક્યા છે. ''અલ્બરકાત''ના ક઼યામના અનુસંધાનમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં જે સેમીનાર થયો હતો એમાં હઝરતની તક઼રીર સાંભળીને મોટા મોટા પ્રોફેસરો તથા બુદ્ધિજીવીઓએ મોમાં આંગળાં રાખી દીધાં હતાં. મારા વાલિદ માજિદ હુઝૂર અહસનુલ ઉલમા એમનાથી ખૂબ જ મહોબ્બત કરવાની સાથોસાથ આપની શખ્સિયત તથા ઈલ્મિયત પણ વિશ્વાસ પણ કરતા હતા, અને કદાચ એ જ કારણે વાલિદ માજિદ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُએ આપને પોતાની ખિલાફતથી પણ નવાઝયા હતા. *(ફતાવા બહરુલ ઉલૂમ, ભાગ : ૧)*

**બાપદાદાના હાલાત** : આપના બાપદાદા દીનદાર તથા ઈલ્મી ઘરાનાવાળા હતા. વળી ગુજરાત સાથે આપને લગાવ રહ્યો છે જેમ કે આપે ખૂદ પોતાના વાલિદ સાહબના ગુજરાત સાથેના સંબંધ વિશે ઉલ્લેખ કરતાં લખ્યું છે કે, ઉર્દૂ કિતાબોને મોટાભાગે વાંચન હેઠળ રાખતા હતા. તેમની પાસે યાદી માટેની કોપીઓ પણ હતી જેમાં મહત્વની જરૂરતની વાતો નોંધ કરતા હતા. ગુજરાતમાં અધિક દિવસો રહેવાના કારણે તેમને ગુજરાતી ભાષા લખવા વાંચવાની સુઝબુઝ હતી. એમનામાં પણ ધાર્મિક્તા તથા દીનદારીનો પ્રભાવ હતો. નમાઝ, રોઝાના પાબંદ અને વઝીફાઓના આદી, હરામ તથા હલાલની સખત કાળજી રાખતા હતા અને કમજોર તથા જરૂરતમંદોની મદદ એમનો ખાસ વિષય હતો. ગુજરાતના શહેર સૂરતમાં હઝરત મૌલાના હશ્મતઅલીખાં સાહબ લખનવી رحمۃ اللہ علیہ તથા હુઝૂર સૈયદ શાહ અલીહુસૈન સાહબ અશરફી رحمۃ اللہ علیہ કછોછવીનું આવન જાવન વધારે હતું. વાલિદ સાહબ એ બંનેવ બુઝુર્ગોથી ખૂબ જ પ્રભાવિત તથા તેમના મોઅતક઼િદ હતા. એમની કિતાબોના સંગ્રહમાં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીની ''હુસ્સામુલ હરમૈન''નો અનુવાદ તથા અન્ય ગુજરાતી કિતાબો પણ હતી. *(ફતાવા બહરુલ ઉલૂમ, ભાગ : ૧)*

**જીવનયાત્રાનો ટૂંક ચિતાર :** બહરુલ ઉલૂમ હઝરત મુફ્તી અબ્દુલમન્નાન આ'ઝમી મિસ્બાહી رحمۃ اللہ علیہ અહલે સુન્નત વ જમાઅતના જલીલુલક઼દર આલિમે દીન, ફિક઼્હે ઈસ્લામીના નિષ્ણાત, ઉર્દૂભાષાના બેહતરીન સાહિત્યકાર, કલામની કુદરતવાળા શાઈર તથા બેહતરીન ખતીબ તથા મુદર્રિસ હતા. આપની વિલાદત ૭ રબીઉલ આખર હિ.સ. ૧૩૪૪ તા. ૨૬–૧૧–૧૯૨૫ના રોજ મહોલ્લા પૂરા રાની, કસ્બા મુબારકપુર, જિ. આઝમગઢ (યુ.પી.)માં થઈ. આપે ક઼ાઈદાએ બગદાદીથી લઈને દરજએ ફઝીલત સુધીની તા'લીમ જામિઆ અશ્રફિયહથી હાંસલ કરી. જ્યારે આપની ઉમર લગભગ પાંચ વરસની થઈ તો આપે મદ્રસા અશ્રફિયામાં દાખલો લઈને પોતાના તા'લીમી સફરનો પ્રારંભ કર્યો. નાઝરા કુર્આન શરીફ ખત્મ કર્યા બાદ હઝરત બહરુલ ઉલૂમે ઘણા બધા બાફયઝ ઉસ્તાદે કિરામથી ઈલ્મ હાંસલ કર્યો, જેમનામાં હાફિઝે મિલ્લત જલાલતુલ ઈલ્મ અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુબારકપુરી, અલ્લામા અબ્દુર્રઉફ બલ્યાવી, અલ્લામા અબ્દુલ મુસ્તફા અઝહરી જેવા પ્રખ્યાત ઉલમાએ દીન સામેલ છે. ૨૨ વર્ષની વયે શાબાન હિ.સ. ૧૩૬૬, ઈ.સ. ૧૯૪૭માં મદ્રસા અશ્રફિયાથી ફારિગુત્તહસીલ થયા. ફરાગતના વરસે જ મદ્રસા ઝિયાઉલ ઈસ્લામ–ગોરખપુરમાં સદરુલ મુદર્રિસીનની હૈસિયતથી તશરીફ લઈ ગયા. ત્યાં એક વરસ સુધી ખિદમત અંજામ આપી. એ દરમ્યાન આપે એક ચાર પેજનું અખ્બાર "અલ્ ઝિયા" માસિક શરૂ કર્યું. શાયદ આપ પ્રથમ અશ્રફિયાના ફરઝંદ છે કે જેમણે "અલ્ ઝિયા" નામનુ માસિક ચાલુ કરીને મઝહબી પત્રકારત્વમાં સૌ પ્રથમ કારનામુ અંજામ આપ્યું.

ત્યારબાદ મદ્રસા અહલે સુન્નત તુલસીપુર જિ. ગોંડા તશરીફ લઈ ગયા અને ત્યાં લગભગ નવ વરસો સુધી દર્સો તદરીસથી જોડાયેલા રહ્યા. હિ.સ. ૧૩૫૭માં દારુલ ઉલૂમ અશ્રફિયામાં ઉચ્ચ કક્ષાના મુદર્રિસની હૈસિયતથી આપની નિયુક્તિ થઈ. હિ.સ. ૧૩૭૬માં દારુલ ઉલૂમમાં દારુલ ઈફતા વિભાગ બાક઼ાયદા અમલમાં આવ્યો અને આપની મુફ્તી તરીકે નિમણૂંક થઈ. જમાદિઉલ આખર હિ.સ. ૧૩૯૬માં હુઝૂર હાફિઝે મિલ્લત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُના વિસાલ પછી સદારતના હોદ્દા પર નિયુક્ત થયા. આપ ૨૯ વર્ષો સુધી જામિઆ અશ્રફિયામાં તદરીસ તથા ઈફતાની ફરજો અંજામ આપતા રહ્યા. જામિઆ અશ્રફિયહ પછી હિ.સ. ૧૪૦૮માં શમ્સુલ ઉલૂમ ઘોસી તશરીફ લઈ ગયા અને જીવનના અંતિમ શ્વાસ સુધી તેનાથી સંબંધિત રહ્યા.

આપના શાગિર્દોની સંખ્યા હજારોમાં છે જેઓ રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ સુન્નિયતની ખિદમત અંજામ આપી રહ્યા છે. આપના શાગિર્દોમાં શયખુલ કુર્આન અલ્લામા અબ્દુલ્લાહખાં અઝીઝી, મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા અમજદી, શયખુલ ઈસ્લામ અલ્લામા સૈયદ મુહમ્મદ મદની જીલાની, મુફક્કિરે ઈસ્લામ કમરુઝ્ઝમાંખાં આ'ઝમી, ઉમ્દતુલ મુહક્કિ઼કીન અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી, રઈસુલ ક઼લમ અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી, અલ્લામા મુશાહિદ રઝાખાં પીલીભીતી, અલ્લામા ઈફતેખાર અહમદ ક઼ાદરી–મદીના મુનવ્વવરા વગેરે જય્યદ ઉલમા સામેલ છે.

**મોક઼ાના સમયે અહલે સુન્નતની બેચૈની દૂર કરી :** બાતિલ પરસ્તોની ગુમરાહીના જવાબો હમેશાં આપવા તત્પર રહેતા હતા. અહીં એક બે દષ્ટાંતો રજૂ કરીએ છીએ. બરજુનાલા કલકત્તાની આસપાસ એક જાહિલ રિટાયર્ડ પોલીસમેન ગુમરાહી ફેલાવી રહ્યો હતો અને સામાન્ય મુસ્લિમોમાં ઘણો અજંપો ફેલાઈ ગયો હતો. બરજુનાલાના રઈસ જનાબ મક઼બૂલ અહમદ અન્સારીએ તેના બારામાં એક ઈસ્તિફતા (સવાલ) કર્યો જેના જવાબમાં "ઈઝાલાએ અવહામ" (વહેમોનું નિવારણ) નામની એક પુસ્તિકા લખી નાખી જેને મુબારકપુરની એક ઈસ્લામી અંજુમને પ્રસિદ્ધ કરી અને તેની સેંકડો કોપીઓ તે અજંપાવાળા ઈલાકામાં વહેંચવામાં આવી અને જનાબ મક઼બૂલ અહમદ સાહબે પણ પૂરી કોશિશ કરી જેના પરિણામે તે ફિત્નો ત્યાંથી દૂર થઈ ગયો.

મુબારકપુરમાં એકવાર દેવબંદી પાલન હક્કાની

આવી ચઢયો અને તેણે ''નિદાએ યા રસૂલલ્લાહ''ના વિષય પર એક અતિશય દિલને રંજ પહોંચાડનારી તક્રીર કરી જેનાથી અહલે સુન્નત અવામમાં ઘણી જ બેચૈની ફેલાયી. સરિયા મહોલ્લાના સુન્નીઓએ તેની વિરુદ્ધ જલસો કર્યો જેમાં ઘણો મોટો મજમો થયો. બયાનનો વિષય ''નિદાએ યા રસૂલલ્લાહ !'' જ હતો જેનાથી અહલે સુન્નત તબકાની સઘળી બેચૈની દૂર થઈ ગઈ અને દેવબંદી મોલ્વીઓએ એ મઅઝેરત કરવી પડી કે અમારા ઉલમાએ પણ ''નિદાએ યા રસૂલલ્લાહ !'' ﷺને સદંતર હરામ નથી કહ્યું ! આ તક્રીરને આપના પુત્ર મૌલાના મુહમ્મદ અહમદ સાહબ મિસ્બાહી મર્હૂમે લખીને પ્રસિદ્ધ કરી. *(ફતાવા બહરુલ ઉલૂમ, ભાગ : ૧)*

**ઈલ્મી સાહિત્યિક ખિદમતો :** હઝરત બહરુલ ઉલૂમ બેહતરીન મુદર્રિસ, ઉમદા ખતીબ, નિષ્ણાત મુહદ્દિષ તથા ફકીહ, અજોડ કલમકાર, લેખક તથા શાઈર પ્રકૃતિવાળા હતા. આપે કેટલીયે મહત્વની સાહિત્ય લેખનની ખિદમતો અંજામ આપી છે. જેમ કે : **(૧) ફતાવા રઝવિય્યહ શરીફનું પ્રકાશન :** હઝરત અલ્લામા હાફિઝ અબ્દુર્રઉફ સાહબ عَلَیْہِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ (હાફિઝજી)ના વિસાલ બાદ ફતાવા રઝવિય્યહની તેહકીક તથા પ્રકાશનનું કાર્ય આપે જ અંજામ આપ્યું. આપ ''સુન્ની દારુલ ઈશાઅત''ની સ્થાપ્ના તથા ફતાવા રઝવિય્યહની તેહકીક તથા પ્રકાશન કાર્યમાં હઝરત હાફિઝજી عَلَیْہِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની સાથે ડગલે ને પગલે સાથે રહ્યા. છઠ્ઠી, સાતમી તથા આઠમી જિલ્દોની તેહકીક તથા પ્રકાશન અને પાંચમી જિલ્દના પ્રકાશન તથા અનુક્રમણિકાની રચનાનું કામ આપે જ કર્યું છે જે એક ભૂલી ન શકાય તેવું કારનામુ છે. હઝરતે પોતાની ફિકહી તથા ફન્ની કાબેલિયતોને કામે લગાડીને તેની તેહકીક કરી. **(૨) ફતાવા બહરુલ ઉલૂમ :** છ જાડી જિલ્દોમાં **(૩)** મુહમ્મદ મિષ્લે કામિલનો ઉર્દૂ તર્જુમો **(૪)** આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની અરબી કિતાબ શમાઈમુલ અંબરની તેહકીક તથા ઉર્દૂ તર્જુમો **(૫)** અશ્શાહિદ **(૬)** ઈઝાલએ અવહામ **(૭)** મઝામીને બહરુલ ઉલૂમ **(૮)** ઈદૈન કી તકબીરાત કે ઝવાઈદ **(૯)** મસ્અલાએ આમીન **(૧૦)** હયાતે સદરુશ્શરીઅહ **(૧૧)** તઝકિરએ દુઆગો દરવેશ બાબા عَلَیْہِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ **(૧૨)** અનોખી લડાઈ–વાકિયાતે કર્બલા **(૧૩)** મુખ્તારુલ અહાદીષ કા ઉર્દૂ તર્જુમા **(૧૪)** ખુત્બાતે બહરુલ ઉલૂમ **(૧૫)** હયાતે સદરુલ અફાઝિલ મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી **(૧૬)** મદ્રસા અશ્રફિયાસે અલ્ જામિઅતુલ અશ્રફિયા તક **(૧૭)** ઈસ્લામ કા ચોથા રુકન **(૧૮)** અહમ ઔર તહકીકી તસાનીફકે મુકદ્દમાત. કેવળ ફતાવા રઝવિય્યહ પર ૬૫ પાનાંઓની પ્રસ્તાવના છે જે કિંમતી મા'લૂમાતથી લબરેઝ છે.

**ખિદમતોનો સ્વીકાર :** આપની ઈલ્મી, ફિકહી, લેખન કાર્યની, તહકીકી ખિદમતોનું સ્વાગત કરતાં વિવિધ ખાનકાહો, મદ્રસાઓ, શખ્સિયતો તથા સંસ્થાઓએ આપને વિવિધ જાતના સન્માનો વડે નવાઝયા : **(૧)** હઝરત અલ્લામા અર્શદુલ કાદરીની તરફથી ''બહરુલ ઉલૂમ''નો ખિતાબ **(૨)** ઈમામ અહમદ રઝા એવોર્ડ **(૩)** નૂરી એવોર્ડ **(૪)** કિબ્લાએ આલમ એવોર્ડ **(૫)** કાઈદે અહલે સુન્નત એવોર્ડ તથા શયખુલ અસાતેઝાનો સન્માનનીય ખિતાબ **(૬)** ફતાવા રઝવિય્યહની તરતીબ તથા સંપાદન, પ્રકાશન તથા આપની ઈલ્મી, ફિકહી, તા'લીમી ખિદમતોનો સ્વીકાર કરતાં ઉર્સે કાસિમી બરકાતી ઈ.સ. ૨૦૦૯માં ખાનકાહે બરકાતિયાની તરફથી આપને ચાંદીથી તોલવામાં આવ્યા. **(૭)** મદ્રસા સિરાજુલ ઉલૂમ મુબારકપુરમાં ખાનકાહે બરકાતિયાથી પરત થતાં એક ઈસ્તકબાલિયા પ્રોગ્રામ કરવામાં આવ્યો જેમાં આપને પચાસ હજાર હિંદુસ્તાની સિક્કાઓ વડે તોલવામાં આવ્યા.

**વિસાલ :** ૧૪–મુહર્રમ હિ.સ. ૧૩૩૪, ઈ.સ. ૨૯–૧૧–૨૦૧૨ના રોજ નવ વાગીને વીસ મિનિટે નેવુ વરસની વયે સમયનો આ જલીલુલ કદર આલિમે દીન હજારો ચાહકોને રડતા, અશ્રુ સારતા છોડીને માલિકે હકીકી પાસે પહોંચી ગયો. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ *(હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી, અશ્રફિયા–મુબારકપુરના લખાણના આધારે, બહવાલા : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૩)*

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ જશ્ને શહીદે આ'ઝમો મુફ્તીએ આ'ઝમ ★**

**દયાદરા** : ખાતે તા. ૧૦ મુહર્રમની રાતે તા. ૨૪–૧૧–૨૦૧૨ શનિવારે ઈશા બાદ મોટા ચકલા પર શહીદે આ'ઝમ ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા શોહદાએ કર્બલાની યાદમાં જશ્ન શાનો શૌકતથી મનાવાયો, જેમાં હઝરત મૌલાના સાદિક઼ સાબરી દહેગામી સાહબે શહીદના મર્તબા વિશે તથા શહાદતે હુસૈન رضی اللہ عنہ વિશે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. બીજા દિવસે ૧૦ મુહર્રમની સવારમાં મસ્જિદમાં પણ આપના થકી આઠ વાગ્યે શોહદાની યાદમાં બયાન રાખવામાં આવ્યું. ત્યાર બાદ સર્વ લોકો અલગ અલગ નફ્લો નમાઝ પઢયા છેવટમાં દુઆએ આશૂરા પઢાવવામાં આવી. છેવટમાં સલાતો સલામ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો.

૧૪ મુહર્રમ જુમેરાતે અસર બાદ દયાદરા જામા મસ્જિદમાં તા. ૨૯–૧૧–૧૨ના રોજ શાહઝાદાએ આ'લા હઝરત હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે આપની બારગાહમાં ખિરાજે અક઼ીદત પેશ કરવા "જશ્ને મુફ્તીએ આ'ઝમ" મનાવાયા જેમાં હઝરત જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાને મુફ્તીએ આ'ઝમમાં શાનદાર બયાન કર્યું હતું.

**હલદરવા** : (જિ. વડોદરા) ખાતે તા. ૨૬–૧૧–૨૦૧૨ સોમવારે રાત્રે ઈશાની નમાઝ બાદ "જશ્ને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ" (رحمۃ اللہ علیہ) "અંજુમને રઝાએ મુસ્તફા–હલદરવા" તરફથી મનાવાયો જેમાં દુનિયાએ સુન્નિયતના મહાન મુક઼ર્રિર મુફ્તીએ મહારાષ્ટ્ર હઝરત મુફ્તી મુજીબ અશરફ નાગપુરી (ખલીફાએ મુફ્તીએ આ'ઝમ)એ હુઝૂરની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું અને મુફ્તીએ આ'ઝમે હિંદના મહાન મર્તબાની અવામે અહલે સુન્નતથી માહિતગાર કર્યા હતા.

**નડિયાદ** : ખાતે "જમાએ રઝાએ મુસ્તફા" થકી તા. ૨૨–૧૧–૨૦૧૨ જુમેરાતે ઈશાની નમાઝ બાદ રફીક સોસાયટીમાં શોહદાએ કર્બલાની યાદમાં અઝીમુશ્શાન "જશ્ને શહીદે કર્બલા" યોજાયો જેમાં મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન)એ ઈમામે હુસૈન رضی اللہ عنہની શાનમાં બયાન કરીને શહાદતના મક઼સદને લક્ષમાં રાખીને પોતાની જિંદગીઓમાં ઈન્કિ઼લાબ પેદા કરવા નડિયાદ તથા આસપાસથી આવેલ હજારોના મજમા સમક્ષ અસરકારક બયાન કર્યું હતું. નડિયાદ આવતાં માર્ગમાં હઝરતે જામિઆ મદીનતુલ ઉલૂમ–રતનપુરની મુલાકાત લઈને તલબાને ઈલ્મે દીન માટે પ્રોત્સાહિત કરતુ મુખ્તસર બયાન કર્યું હતું. રાતના પ્રોગ્રામમાં નિઝામત હઝરત મુફ્તી હાફિઝ અશરફ સાહબ (પોરબંદરવાળા)એ સંભાળી હતી. બીજા દિવસે હઝરત બે દિવસના પ્રોગ્રામો માટે સૂરત રવાના થયા હતા.

**★ શાદી મુબારક ★**

**વડોદરા** : મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી જનાબ મુહમ્મદ ઉષ્માન રઝા કાદરી નૂરી (S/o. મેમન મુહમ્મદ રફીકભાઈ હાજી અહમદ નેક)ના નિકાહ તા. ૯/૧૨/૨૦૧૨, ૨૪–મુહર્રમ, હિ.સ. ૧૩૩૪ના રોજ રવિવારે જનાબ નૂર મુહમ્મદભાઈ અબ્દુલગની મેમન (ડભોઈ)ની નેક દુખ્તર આલિમા નફીસાબાનુ સાથે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સાધલી** : મુકામે જનાબ અકબરખાન સિંધીનાં વાલિદા મર્હૂમાના ચેહલૂમના મોક઼ા પર તા. ૧૫–૧૧–૨૦૧૨, ૨૯–ઝિલહજ્જ, હિ.સ. ૧૪૩૩ જુમેરાતે મગરિબ બાદ ન્યાઝ અને ઈશા બાદ શેરે રાજસ્થાન હઝરત અલ્લામા મુફ્તી શેરમુહમ્મદખાન

સાહબ (દારુલ ઉલૂમ ઈસ્હાકિયા–જોધપુર)થી તશરીફ લાવ્યા હતા તેમણે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હઝરત સૈયદ તાહિરબાવા–પેટલાદથી તેમજ અન્ય સાદાતે કિરામ, ઉલમાએ એઝામ તથા સુન્ની અવામે હાજરી આપી હતી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં જનાબ અકબરખાનની આ નેકી કબૂલ ફર્માવે અને મર્હૂમાને જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ જશ્ને ઈસ્તકબાલિયહ ★

**ખોજબલ** : (તા. વાગરા) મુકામે તા. ૩૦–૧૧–૨૦૧૨ના રોજ ખોજબલ તથા આસપાસના લગભગ ૩૦ હાજી સાહેબાન હજ વ ઝિયારતથી પરત આગમન થતાં તેમના માનમાં જશ્ને ઈસ્તકબાલિયહ રાખવામાં આવ્યો જેમાં આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)એ હજ તથા હાજીઓના વિષયે ખૂબ જ ઈમાન અફરોઝ, બોધદાયક બયાન કરી હાજરજનોના ઈમાનમાં તાજગી ભરી દીધી હતી.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા** : મુકામે ૩ મુહર્રમ તા. ૧૭–૧૧–૨૦૧૨ સોમવારે રાત્રે ૧૧ વાગ્યે ઈસાભાઈ ઈસ્માઈલ અલી મશીનવાલાનો ઈન્તેકાલ થઈ ગયો. જેમની દફનવિધિ સવારના ૧૦ કલાકે રાખવામાં આવી.

**વાગરા** : મુકામે જનાબ અ. સત્તારભાઈ ખત્રીનાં વાલિદા હજીયાણી નૂરજહાંબેન અહમદજી ખત્રીનો ૧૫–મુહર્રમ હિ.સ. ૧૪૩૪, અ. તા. ૨૯–૧૧–૨૦૧૨ જુમેરાતે ઈન્તેકાલ થઈ ગયો.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાવી મર્હૂમો માટે દુઆ ગુઝારવામાં આવી હતી. *–તંત્રી :*


## ગુજરાતીમાં અણમોલ કિતાબ મંગાવો

**શાને હબીબુર્રહમાન** એટલે **અલ્લાહના હબીબ** ﷺ**ની શાન** (કુર્આને કરીમની રોશનીમાં)

લેખક : **હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ

**હદિયો** : રૂા. ૧૦૦ (ટપાલ ખર્ચ રૂા. ૧૦) **પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

## ગૌષિયા તકવીમ લેમિનેટેડ

(કેલેન્ડર ટાઈપ)

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો** : **રૂા. ૨૦૦/–** ઠે. રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

**તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–**

**www.sunnimuslimshaadi.com**

## અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !

**દયાદરા :** **જનાબ અબ્દુલ્લાહભાઈ બોરડીવાલા** તરફથી તેમનાં અહલિયા મર્હૂમા રાબીઆબીબીના ઈસાલે સવાબઅર્થે રૂા. ૫૦૦૦/– **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને તેમજ રૂા. ૫૦૦૦/– **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં તથા ગૌષ પાક رحمۃ اللہ علیہ તથા ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના વસીલાથી આ નેકીને કબૂલ કરી બંને જહાનમાં તેમને બદલો આપે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ મસ્જિદ માટે મદદની અપીલ ★

**માંડવી (જિ. સૂરત) :** મદીના મસ્જિદ (સુન્ની બરેલ્વી) જે પીરે તરીકત હઝરત સૈયદ કમરૂદ્દીન બાવા સાહબ (દરિયાઈ–કારંટવી)ની સરપરસ્તીમાં બુનિયાદ નાખી તામીર કરવામાં આવેલ છે. મસ્જિદમાં નમાઝ પઢવાની તકલીફ પડતી હોવાથી મસ્જિદના ઉપર પહેલા માળનું કામ ચાલુ કરવામાં આવેલ છે. પૈસાની સગવડ ન હોવાને કારણે કામ અટકી ગયેલ છે. તમામ સુન્ની બિરાદરોને અપીલ કરવામાં આવે છે કે મસ્જિદના બાંધકામમાં દામે દિરહમે સહકાર આપી અલ્લાહનું ઘર બનાવી આપવા મદદરૂપ થશો. રોકડ રકમ, રેતી સિમેન્ટ, કપચી, ઈંટ અથવા સ્ટીલ વગેરે માલ સામાન આપી અપાવી મદદરૂપ થશો. આપ રૂબરુ પણ આવીને જોઈ શકો છો, જે મારી નમ્ર અપીલ છે. લિ. મુતવલ્લી (આઝમમિયા બશરીમિયાં શેખ) મો. ૯૭૨૪૯ ૧૧૩૦૫

## ★ રાજપીપળા ખાતે બાંધકામ માટે ઈમદાદની અપીલ ★

આથી જુમ્મા મસ્જિદ કમિટી, મુસ્લિમભાઈ બહેનોને ઘણી જ આજીજી પૂર્વક વિનંતી કરે છે કે જુમ્મા મસ્જિદ, રાજપીપલાની મિલ્કત પૈકી કેટલાક નવાં બાંધકામનો અંદાજે **રૂપિયા વીસ લાખ**ના ખર્ચની યોજના છે, આ કારે ખૈરમાં આર્થિક મદદ કરી જન્નતમાં આપનુ મકાન બનાવી લેશો. ચંદો, ઈમદાદ, ચેક, મની ઓર્ડર અથવા કેશથી નીચેના સરનામે પહોંચાડી આપશો. **પ્રમુખ :** ઈબ્રાહીમ અહમદજી ખત્રી તથા મુતવલ્લી હાજી ફકીર મુહમ્મદ મનસુરી–જુમ્મા મસ્જિદ, રાજપીપળા, જિ. નર્મદા


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે 3 X 2 લકઝરી બસ

**બસ ઉપડવાની તારીખ :** ૨૬–૦૧–૨૦૧૩, રાત્રે : ૧૦ વાગ્યે.

**પ્રવાસના સ્થળો :** ઔરંગાબાદ, ગોવા, મહાબળેશ્વર, પંચગની, લોનાવાલા, બોમ્બે (ગેટ વે ઓફ ઈન્ડિયા, હાજી અલી, ચોપાટી, માહિમ મખ્દુમશા, હાજી મલંગ) થઈ પરત ધોળકા.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૩,૫૦૧/– | ૧૨ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૪૦૯૨૪૫૧૨૨, ૯૭૨૪૬૫૯૮૫૩

**નોંધ :** **૧.** રૂા. ૨૫૦/– ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વિગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** રૂા. ૨,૦૦૧/– ડિપોઝીટ કરી મનપસંદ સીટ બુક કરાવી લેવી. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી. આઈ.સી. કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે એક આખી ટીકટી રૂા. ૫૦૦/– વધુ ચૂકવવાના રહેશે.

# આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો

## ભરૂચનો ૧૦મો વાર્ષિક સુન્ની ઈજતેમા કામયાબ !

—કાર્યક્રમ

**ભરૂચ :** મુક઼ામે વાદીએ રહમત, સબજેલ ગ્રાઉન્ડ પર આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય ૧૦ મો વાર્ષિક અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા ૧ તથા ૨ ડિસેમ્બરના રોજ અતિશય કામયાબી સાથે સંપન્ન થયો. તા. ૧–૧૨–૨૦૧૨ શનિવારે ઝહોર બાદથી બહેનો માટે આલે રસૂલ હઝરત સૈયદ અમીનઅલી ક઼ાદરી (માલેગાંવ)ની દુઆ સાથે ઈજતેમા શરૂ થયો જેમાં હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામીએ નિઝામત સંભાળી ઈસ્લાહી બયાન ફર્માવ્યું. ત્યારબાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે વલવલાઅંગેઝ બયાન બહેનોની ઈસ્લાહ સંબંધી પેશ કર્યું. ત્યારબાદ સાડાત્રણ વાગ્યે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ અસર સુધી ઔરતોને ઈસ્લામી જિંદગી અપનાવવા તથા પોતાના પતિ, ઘરવાળાં તથા બાળકોના હક્કોનું પાલન કરીને તથા દુનિયાની રંગીનીઓથી દૂર રહી ઈસ્લામી બાઈજ્જત જિંદગી અપનાવવા કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના કથનો તથા વાકિ઼આ પેશ કરી સમજાવી હતી. બહોળી સંખ્યામાં ઔરતોએ શાંતિથી બયાનો સાંભળ્યાં હતાં તેમજ બાદમાં ઘણી બહેનો હઝરતની મુરીદ પણ થઈ હતી. અસર બાદથી મગરિબ સુધી હઝરત અલ્લામા મુફ્તી ઝુબેર સાહબ (જામિઆ ગ઼ૌષિયા નજમુલ ઉલૂમ–મુંબઈ) થકી સવાલો જવાબનો પ્રોગ્રામ ચાલ્યો જેમાં બહેનો થકી મજમામાંથી પર્દા પાછળથી આવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો પૂરા પાડયા હતા. એમાં પણ બહેનોએ વિવિધ શરઈ મસ્અલા પૂછીને ઈલ્મે દીનના શોખની લગન હોવાનો પુરાવો આપ્યો હતો. મગરિબની નમાઝ બાદ હઝરત સૈયદ અમીનઅલી ક઼ાદરી થકી ઝિક્ર દુઆ પર બહેનોનો ઈજતેમા ખત્મ થયો હતો. તા. ૨ રવિવાર બીજા દિવસે સવારના ૧૦ વાગ્યાથી ભાઈઓ માટે ઈજતેમા શરૂ થયો હતો. જેમાં મુબલ્લિગો જનાબ હાફેઝ અબ્દુર્રહીમ, સુલ્તાન રઝા–વડોદરા, મોઈનુદ્દીનભાઈ હાજીપીર કિર્માણી, ઈમરાનભાઈ–પાલેજ, તથા હાફેઝ અ. રહમાન પારખેત, હાફેઝ ફહદ–કાવી, અબ્દુરઉફ–પાલેજ, શફીભાઈ ખંભાતી વગેરેએ કિરાઅત વિથ ઉર્દૂ તર્જુમા, નઅતે પાક તથા સુન્નતો તથા વિવિધ અમલોની ફઝીલતો વગેરે થકી ભાઈઓની તર્બિયત કરી હતી જેમાં નવયુવાનો વડીલોએ સારો ઉત્સાહ દર્શાવ્યો હતો. બે વાગ્યાથી જનાબ રાશિદભાઈ તથા જનાબ ખાલિદભાઈ મુબલ્લિગો (મુંબઈ)એ નમાઝ, જનાઝાની નમાઝ તથા અન્ય મસાઈલ પર માલૂમાતી તર્બિયતી પ્રોગ્રામ કર્યો હતો. ત્યારબાદ સાડા ત્રણ વાગ્યાથી બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅત સાથે મજમાની દીની મહોબ્બત વધે એ પ્રકારની તર્બિયત કરી હતી. દરેક નમાઝ બાદ તિલાવતે કુર્આન હાફેઝ ફહદ કાવીએ કરી હતી તથા ઉર્દૂ તર્જુમો કન્ઝુલ ઈમાનનો હાફિઝ અ. રહમાને પેશ કર્યો હતો. અસર બાદથી હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ આખેરતનો ખૌફ પેદા કરવા તથા ઈસ્લામી જીવન અપનાવવા પર અસરકારક બયાન કર્યું હતું. મગરિબ બાદ મોહક્કિ઼કે઼ મસાઈલે જદીદા હઝરત કિ઼બ્લા મુફ્તી નિઝામુદ્દીન રઝવી મુબારકપૂરી સાહબ થકી દીની સવાલો જવાબનો પ્રોગ્રામ ચાલ્યો જેમાં ખૂબ જ દિલચસ્પ સવાલો અક઼ીદા તથા અમલ વિશે થયા હતા. ત્યારબાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીની લખેલી કિતાબ "તોહફાએ નિકાહ" (ગુજરાતી આવૃત્તિ)નો રસ્મે ઈજરા હઝરત મુફ્તી સાહબના મુબારક હાથે થયો. ઈશા બાદ અંતમાં મર્કઝી બયાન હઝરત કિ઼બ્લા મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવીએ પોતાના આગવા અંદાઝમાં આખેરતના નુકસાન વિશે સદા ખયાલ રાખવા પ્રેરતુ અતિ અસરકારક બયાન કર્યું હતું. છેવટમાં ઝિક્ર દુઆ અંધારામાં રિક્કઅંગેઝ અંદાઝમાં ઈસ્તિગફાર સાથે થઈ હતી. જેમાં બહરુલ ઉલૂમ હઝરત મુફ્તી અબ્દુલમન્નાન સાહબ رحمۃ اللہ علیہના હક્ક઼માં દુઆ ગુઝારવામાં આવી હતી. છેવટમાં ઘણા યુવાનો અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીથી બયઅત કરી સિલસિલા ક઼ાદરિયા રઝવિય્યહમાં દાખલ થયા હતા.

*–(રજૂકર્તા : તંત્રી બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત ઝોન)*

# દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ ખાતે સહાય કરનારા સખી દાતાઓની યાદી

| | | |
|---|---|---|
| **:: ન્યાઝ ::** | | |
| હાફેઝ ઐયુબ માટલી | દયાદરા | ૧ ન્યાઝ |
| મુહમ્મદ હાજી સુલેમાન | મછાસરા | ૧ કલંદરી ન્યાઝ |
| એક મુસ્લિમભાઈ | દયાદરા | ૧ કલંદરી ન્યાઝ |
| ગુલામભાઈ હાજી | દયાદરા | ૧ ન્યાઝ |
| સજ્જાદ ફતેભાઈ ડભૈયા | આમોદ | ૧ ન્યાઝ |
| એક મુસ્લિમભાઈ | દયાદરા | ૧ ન્યાઝ |
| શબ્બીરભાઈ મુન્શી માસ્તર | વાગરા | ૨ ન્યાઝ |
| અબ્દુલ મુહમ્મદ | ભરૂચ | ૧ ન્યાઝ |
| યુસુફ મુહમ્મદ શેઠ | દયાદરા | ૧ ન્યાઝ |
| ઝુબેદાબેન માલજી | દયાદરા | ૧ ન્યાઝ |
| મર્હૂમ ઈસ્માઈલ અલ્લી ચોકવાલાના ઈ.સ. અર્થે | દયાદરા | રૂા. ૫૦૦૦ |
| હાજી અબ્દુલ અજીજ ધનાની | વડોદરા | ૮ કિલો મટન |
| શેખ સલીમુલ્લાહ અલ્લારખા | વાગરા | ૧ નંગ બકરો |
| યુસુફ મોઘા | કાવી | ૧ નંગ બકરો |
| જાવેદ હુસૈન મન્સુરી | વડોદરા | ૧ નંગ બકરો |
| ઈકબાલભાઈ માચવાલા | માચ | ૧ નંગ બકરો |
| શકીલ ઐયુબભાઈ | સુરત | ૧ નંગ બકરો |
| એક મુસ્લિમભાઈ | આમોદ | ૧ નંગ બકરો |
| ઐયુબ એહમદ | ભેસલી | ૧ નંગ બકરો |
| શોએબખાન અ. હમીદખાન | ભરૂચ | ૧ નંગ બકરો |
| મુસ્તાક મુસા જમસા | વાગરા | ૧ નંગ બકરો |
| મુહમ્મદ વલી પટેલ | આછોદ | ૧ નંગ પાડો |
| એક મુસ્લિમભાઈ | દયાદરા | ૧ નંગ બકરો |
| એક મુસ્લિમભાઈ | આમોદ | ૧૩ કિલો મટન |
| મૌલાના મકસુદ સાહબ | વાગરા | ૨ નંગ બકરા |
| અબ્દુલ હાજી ઘંટીવાલા | કોલવણા | ૧૨ કિલો મટન |
| **:: અનાજ ::** | | |
| હાજી અબ્દુલ અઝીઝ ધનાની | વડોદરા | ૫. કિ. ઘઊં |
| ઈલ્યાસ યુસુફ પટેલ | દયાદરા | ૧૦૦ કિલો ઘઊં |
| સરસવણી ગામના ભાઈ તરફથી | સરસવણી | ૨૬૩ કિલો ઘઊં |
| અમીરભાઈ હાજી છતભા | રનાડા | ૨૬ કિલો તુ. દાળ |
| અબ્દુલભાઈ ઘંટીવાલા | માગરોલ | ૭ ઘઊંનો લોટ |
| **:: ચામડા ::** | | |
| સિરાજ ઈબ્રાહીમ લુહાર | આમોદ | ૧ ચામડું બકરાનું |
| મનહરભાઈ સમીરસિંહ રાણા | આમોદ | ૧ ચામડું ઘેટાનું |
| વીરૂભા માનસિંહ રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| એક મુસ્લિમભાઈ | આમોદ | ૧ ચામડું બકરાનું |
| અઝીઝભાઈ હમીદ તાલુકદાર | આમોદ | ૨ ચામડા બકરાના |
| સુલ્તાનભાઈ ઈટોલાવાળા | આમોદ | ૧ પાડાનું ચામડુ |
| હુશૈન મુહમ્મદખાન જુમ્માખાન | આમોદ | ૧ ચામડું બકરાનું |
| રસીદ સી. રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| એક મુસ્લિમભાઈ | આમોદ | ૧ પાડાનું બકરાનું |
| મુસ્તાકભાઈ અકુજી | દયાદરા | ૧ પાડાનું ચામડું |
| મહેન્દ્રસિંહ અજીતસિંહ રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| હમીદસાબ રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| મિનહાજ યુસુફ પટેલ | આમોદ | ૧ પાડાનું ચામડું |
| હાજી અલ્લી ફિરોજ | આમોદ | ૧ ચામડું બકરાનું |
| ઈકબાલ ચા વાળા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| એક મુસ્લિમભાઈ | દયાદરા | ૧ પાડાનું ચામડું |
| ઈમ્તિયાઝ ઉમરજી ફુટવાલા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| રાણા સલવતસિંહ વિક્રમસિંહ | આમોદ | ૧ ચામડું બકરાનું |
| પ્રવીણ સી. રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| સજ્જાદ ફતેમુહમ્મદ ભઠીયારા | આમોદ | ૧ પાડાનું ચામડું |
| અબ્દુલ હમીદખાન ટલાટી | આમોદ | ૨ ચામડા બકરાના |
| અમીરબાપું પોલીસ | આમોદ | ૧ પાડાનું ચામડું |
| અબ્દુલભાઈ અલ્લી ઉમરજી | આમોદ | ૧ ચામડું બકરાનું |
| એક મુસ્લિમભાઈ | આમોદ | ૨ ચામડા બકરાના |
| અબ્દુલમુસા મછાસરાવાલા | દયાદરા | રૂા. ૧૦૦ ચામડાના |
| ફિરોજખાન શેરમુહમ્મદ ખાન | આમોદ | ૧ ચામડું બકરાનું |
| સાદીકભાઈ ઈકબાલભાઈ રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| મુલ્તાની વસીમ સુલેમાન | આમોદ | ૧ પાડાનું ચામડું |
| હાજી મુહમ્મદભાઈ પાનવાલા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| હારૂનભાઈ અશરફી | આમોદ | ૧ ચામડું બકરાનું |
| હાજી અલ્લારખાભાઈ મલેક | આમોદ | ૨ ચામડા બકરાના |
| હમીદભાઈ હેલ્પર | આમોદ | ૧ ચામડું બકરાનું |
| સલીમ ઈસુભા રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| રાણા પ્રવિણસિંહ નશરૂભા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| નસરૂ બાપુ | આમોદ | ૧ ચામડું બકરાનું |
| હમીદ રાજ | આમોદ | ૩ ચામડા બકરાના |
| સાજુભા રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| સિરાજ રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| દિલીપસિંહ રાણા | આમોદ | ૧ ચામડું બકરાનું |
| આદમ ખાનપુરી | આમોદ | ૧ ચામડું બકરાનું |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓ કબૂલ કરે અને તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)**

*–(પ્રમુખ) : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી તથા (નાઝિમે આ'લા) : હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા*